કિં. ₹૨૦/-
પાના નં-૧

એપ્રિલ- મે ૨૦૧૭

સળંગ અંકઃ૭૧
વર્ષ : ૧૨

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એક્તા કટ્ટા

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID



# પરિવાર વિશેષ

લાગણી ભર્યાં સબંધોની સેલ્ફી સ્પર્ધા ...૪ | આપણા પરિવાર ...૧૭ | જ્ઞાતિ સમાચાર ...૨૫ | વાર્તા ...૪૫

M/s. Jatubhai Velji & Sons
Hospital Road, Bhuj-Kutch. Tel: 02832 - 221357, 227357, 226357

M/s. J. V. Jewellers
Kansara Bazar, Bhuj-Kutch. Tel: 02832 - 256077

M/s. Harshadkumar & Co.
Kansara Bazar, Bhuj-Kutch. Tel: 02832 - 255888

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૨ ● અંક : ૫
એપ્રિલ – મે '૧૭

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦
**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪
**વ્યવસ્થાપક સમિતિ**
**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮
**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
**મુદ્રણ આયોજન / ડિઝાઈન**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨
**વેબસાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧
**નાણાકીય આયોજન**
પ્રશાંત બીજલાણી
**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**
● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩
● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)
● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)
● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪
● **સાબરકાંઠા**
દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫
**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** gnyatisetu@gmail.com
છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રીસ્થાનેથી

*કોઈપણ સમાજનો સર્વાંગી વિકાસ એ સમાજમાં પ્રવર્તમાન પારિવારિક મૂલ્યો પર આધારિત હોય છે. પરિવારનું સર્જન, એ સામાજીક ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન છે. સંસ્કૃત, સંસ્કારી અને પ્રેમાળ પરિવાર, એ સુખનો સ્રોત છે.* ***પરિવાર, એ સ્નેહના પાયા પર રચાયેલ ફરજો નિભાવવાનું શીખવતી પાઠશાળા છે.***

*ઝડપથી બદલાઈ રહેલ સમયમાં આ પારિવારિક ભાવનાનો લોપ થતો જણાય છે. પરિવાર કેન્દ્રીયના બદલે માત્ર સ્વકેન્દ્રીય વિચારધારાનું મહત્ત્વ વધતું જણાય છે. પરિવર્તનના આ સમયમાં પરિવારમાં પરસ્પર લાગણી જળવાઈ રહે તે ઈચ્છનીય છે.*

*'જ્ઞાતિસેતુ'ના ગત અંકમાં જાહેર કરેલી 'માતા-પિતા સાથે સેલ્ફી' સ્પર્ધાને વાંચકો તરફથી લાગણીભર્યો પ્રતિસાદ મળ્યો. સમાજના યુવા વર્ગને પોતાના માતા-પિતા પ્રત્યેની લાગણી વ્યક્ત કરવાનો અવસર મળ્યો. આ સ્પર્ધાએ દર્શાવી આપ્યું કે આજે પણ આપણા સમાજમાં સંતાનોના હૃદયમાં માતા-પિતાનું સ્થાન ઊંચું છે અને બીજું, સમાજના યુવાવર્ગને જો યોગ્ય તક મળે તો તે પોતાની ભાવના સારી રીતે વ્યક્ત કરી શકે છે. સ્પર્ધામાં રજૂ થયેલ કૃતિઓ આ અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.*

*પરિવારમાં આવતી વિવિધ સમસ્યાઓના સમાધાન માટે માર્ગદર્શન મળે તે હેતુથી આ વિષયના કેટલાક નિષ્ણાતોના લેખો આ અંકમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. આશા છે, 'જ્ઞાતિસેતુ'ના વાંચકોને તે માહિતીપ્રદ તથા માર્ગદર્શક જણાશે.*

*પરિવારોના સમૂહથી સમાજ બને છે. પરિવારની જેમ સમાજની વિવિધ સંસ્થાઓ વચ્ચે સંવાદિતા વધે તો સામાજીક કાર્યો વધારે સંકલિત રીતે થઈ શકે. તાજેતરમાં સમસ્ત કંસારા સમાજ દ્વારા આ સંદર્ભે એક પહેલ થઈ. સમસ્ત કંસારા સમાજના વડીલોની કચ્છ સ્થિત આપણા સમાજના અગ્રણીઓ સાથે શુભેચ્છા મુલાકાત થઈ. સમસ્ત સમાજની તેમજ સામુદાયિક એકતાની આવશ્યક્તા વિશે હકારાત્મક ચર્ચા થઈ. ભુજ અને અંજાર જ્ઞાતિ પ્રમુખો તેમજ અન્ય અગ્રણીઓ તરફથી ઉમળકાસભર પ્રતિસાદ મળ્યો, જે આવકારદાયક ગણી શકાય.*

*ગત શૈક્ષણિક વર્ષાંતે લેવાયેલ પરીક્ષાઓમાં સફળતા મેળવનાર સર્વે વિદ્યાર્થીઓને 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.*

***– અતુલ સોની***

# લાગણીભર્યા સંબંધોની સેલ્ફી સ્પર્ધા

*ભારતીય સંસ્કૃતિની એક વિશિષ્ટતા તેની પરિવાર વ્યવસ્થા છે. પરિવારમાં વડીલો પ્રત્યેનો આદરભાવ અને પરસ્પર લાગણીના સંબંધોથી જીવન નીખરી ઉઠે છે. માતા-પિતા સાથેના લાગણીભર્યા સંબંધોને ઉજાગર કરવાના પ્રયાસરૂપે "જ્ઞાતિસેતુ"ના ગત અંકમાં "માતા-પિતા સાથે સેલ્ફી સ્પર્ધા"ની જાહેરાત કરવામાં આવેલ. આ સ્પર્ધાનો વિષય આજના યુવા વર્ગને સાંકળી શકે તે રીતે પસંદ કરવામાં આવેલ. 'જ્ઞાતિસેતુ'ની આ પહેલને સમગ્ર દેશમાંથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળેલ છે. સમાજના બાળકો અને યુવા વર્ગે આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં ભાગ લઈ સેલ્ફી ફોટો સાથે માતા-પિતા પ્રત્યેની લાગણી - વાત લખી મોકલાવેલ. બાળકોએ પોતાની ભાષામાં જે લખાણ મોકલેલ તે હૃદયસ્પર્શી છે. જાણે તેમના એક એક શબ્દોમાંથી લાગણીની અમીધારા ટપકે છે. ઝડપથી બદલાઈ રહેલ સમયમાં પણ આપણા પરિવારોમાં લાગણીનું ઝરણું વહેતું રહે છે અને બાળકો પોતાની લાગણીને સારી રીતે વ્યક્ત કરી શકે છે તે આનંદની વાત જણાય છે.*

*'પ્રિન્ટોગ્રાફી' દ્વારા પ્રાયોજીત આ સ્પર્ધાના પ્રથમ વિજેતા કુ. વિધિ લક્ષ્મીદાસ સોની (અમદાવાદ)ને રૂા. ૫૦૧/-, દ્વિતીય વિજેતા શ્રી વિશાલ રામજીભાઈ બારમેડા (રવાપર)ને રૂા. ૨૫૧/- તથા તૃતીય વિજેતા મીતાબેન સોની (મુંબઈ)ને રૂા. ૨૦૧/-નું પારિતોષિક આપવામાં આવે છે.*

*સ્પર્ધાના વિજેતાઓ તથા તમામ ભાગ લેનારાઓને 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.*

***– અતુલ સોની***

**પ્રથમ વિજેતા**

**કુ. વિધિ લક્ષ્મીદાસ સોની - અમદાવાદ**



### મારો મારા મમ્મી–પપ્પા સાથે લાગણીભર્યો સંબંધ

*"સમગ્ર સમુદ્રની શાહી બનાવું,*
*પૃથ્વીના સમગ્ર વૃક્ષની કલમ બનાવું,*
*તો પણ મમ્મી-પપ્પાની લાગણીને વર્ણવવા માટે*
*શબ્દો ખૂટે!"*

તો પણ, મારા જીવનની એવી ઘટના જેમાં મારા, મારા મમ્મી-પપ્પા સાથેના લાગણીના તાર મને સંગીતના સાતેય સૂરનું કલરવ સંભળાવી જાય છે. આજે, હું આપ સમક્ષ રજૂ કરી રહી છું.

વાત કરું મારા 12th Science અભ્યાસ સમયની. આખા વર્ષની સરેરાશ કાઢતા ૧૨માંથી ૨ મહિના એવા કોરા ના ગયા જ્યાં દવાની પડીકી હાથમાં ના લીધી હોય અને એ ૩ ટાઈમ યાદ કરી હાથમાં પાણીના ગ્લાસ સાથે દવા આપવાની મમ્મીની રોજની આદત, એની આંખમાં મારા માટે છલકાતો પ્રેમ દેખાડી જાય છે. માથામાં તેલ નાખવાથી લઈને પગ દબાવવા અને જ્યારે ગરમીમાં રહેવાતું નહીં ત્યારે તળિયામાં ડુંગળી ઘસવા સુધીની સેવા કરી, મને મમ્મીએ સાજી કરી છે. તાવ વધે એટલે તરત ૧૦ કિ.મી.નું અંતર કાપી પપ્પા મને દવાખાને લઈ જતાં ને હદ તો ત્યારે થઈ જ્યારે રાત્રે લગભગ ૧૦ વાગ્યા પછીના સમયે મને જ્યારે ખૂબ તાવ ચડ્યો, શરીરમાં દુઃખાવો સહન ન થાય, માથે જથા સેમેસ્ટરની પરીક્ષાનું ટેન્શન! ને પપ્પા, એ રાત્રે મને દવાખાને લઈ ગયા. ડૉક્ટરે કહ્યું બોટલ ચડાવવી પડશે ને મેં પપ્પાના મોઢા ઉપર નજર કરી તો એ.સી.ની નીચે બેઠા કપાળેથી પરસેવાના રેલા ઉતરતા મેં મારી નજરે જોયા. ને હું રડી પડી. મેં બોટલ ચડાવવાની ના પાડી. ત્યારે મમ્મી - પપ્પાએ દવા, દુઆ અને કાળજીથી મને જથા સેમેસ્ટરની એક્ઝામ સારી રીતે પાસ કરાવી કે હું આટલી બીમાર હોવા છતાં પેરામેડિકલમાં એડમિશન લેવા સક્ષમ હતી.

એ બીમારી વખતે હું શાળાએ જઈ લેક્ચર્સમાં બેસવા પણ સક્ષમ ન હતી ત્યારે પપ્પાના મોઢામાંથી નીકળેલા શબ્દો, "બેટા, તું ચિંતા ના કર. શાળાએ નથી જવું. આપણે શિક્ષકને ઘરે બોલાવી લઈશું." અને ખરેખર પ્રાઈવેટ શાળામાં ઊંચા દરે ફી ભરી હોવા

છતાં ઘરે ખૂબ જ સારી એજ્યુકેશન સિસ્ટમ પ્રોવાઇડ કરી હતી.

મેં ગવર્નમેન્ટ B.Sc.માં એડમિશન લીધું અને ઉનાળાની શરૂઆતમાં જ મને રહેલી વારસાગત બીમારી, જેમાં હવે ઑપરેશન કરાવવું જરૂરી હતું. ઑપરેશનમાં એ આખો દિવસ જમ્યા વગર મારા પલંગની બાજુમાં જ બેસી રહેવું, મને ચમચી ચમચીએ પાણી પીવડાવવું, મને ચડી રહેલી બોટલ ખાલી થવા આવી છે - ડૉક્ટરને બોલાવવા, મારી દવા પૂરી થઈ ગઈ છે - દવા લઈ આવવી, મારે શું ખાવું - શું ના ખાવું, બહુ જ ગરમી છે તો ઑપરેશન પછી શું કાળજી રાખવી – આ બધી જ નાની બાબતોનું ધ્યાન રાખવામાં આવ્યું અને સાથે જ એમની મહેરબાની કે મારું આટલું ધ્યાન રાખ્યું કે જેથી આ ઑપરેશનના ગણીને ૧૫ દિવસ પછી મારી Sec. Sem.ની યુનિવર્સિટીની exam મેં 1st Class with Distinction સાથે પાસ કરી છે. જે દિવસે આ રીઝલ્ટ આવ્યુંને, એ દિવસે મેં મમ્મી-પપ્પાને જોડે બેસાડ્યા અને કહ્યું, "મમ્મી-પપ્પા, મેં ભગવાનને નથી જોયા પણ તમને જરૂર જોયા."

અને એ દિવસ હોય કે આજનો દિવસ, તેઓ દરેક ક્ષેત્રે મારી સાથે ને સાથે ઊભા છે, ને આવી જ લાગણી દીકરીની મમ્મી-પપ્પા જોડે હોય છે. શાયદ એટલે જ તે સાસરે જતી વખતે રડી પડે છે.

મારા મમ્મી-પપ્પાને સંબોધીને હું ઈશ્વરને એટલી જ પ્રાર્થના કરૂં છું કે, "હે ઈશ્વર! હું હાથ જોડું તને, અને મારી સાથે જોડાયેલા બધા સુખી થાય, પણ ભગવાન મને માફ કરજે, તારા દર્શન તો મને મારા મા-બાપમાં થાય."

***ફૂલ કભી દો બાર નહીં ખીલતે,***
***જન્મ કભી દો બાર નહીં મિલતે.***
***મિલને હો તો હજારો લોગ મિલ જાતે હૈં***
***પર, હજારો ગલતિયાં માફ કરનેવાલે, મા-બાપ ફીર નહીં મિલતે.***

***"Thank You so much Mummy-Pappa for Everything What I have Achieved in My Life."***

## ફૂલ

ફૂલ ખીલે વનમાં, ખૂલે મનમાં
પતંગિયાની પાંખે ઝૂલી
ફોરમ ફોરે કુંજ કુંજ મધુવનમાં,
ઝાકળ ઝીલી મટુકી ભરાયે
ગોપીના ચિત્તવનમાં.

*– ભાર્ગવી દોશી*
*સૌજન્ય : "સમજણના સૂર"*

## દ્વિતીય વિજેતા

**વિશાલ રવજીભાઈ બારમેડા - રવાપર**



### "માતા"

કહેવાય છે કે, ઈશ્વરને પોતે સર્જેલી સૃષ્ટિમાં દરેક ઠેકાણે પહોંચી વળવાનું અશક્ય થયું માટે તેણે માં નું સર્જન કર્યું.

ખરેખર,

મા, એ શબ્દ એક છે,

પણ તેમાં પ્રેમ અપાર છે.'

બાળપણમાં જયારે હું રડતો હતો ત્યારે મા હાલરડું ગાઈને મને છાનો કરાવતી અને સુવડાવતી. આજે સમજાય છે કે હાલરડું એટલે કે, મા મને એમ કહેતી કે તું ચૂપ થઈ જા દીકરા, તારા બદલે 'હાલ-હું-રડું.'

આવા અનન્ય, અમૂલ્ય અને અદ્વિતીય પ્રેમના દર્શન તો માતામાં જ થાય.

એક વાત કહેવાની ઈચ્છા થાય છે કે, આ દુનિયામાં માથી મોટું કોઈ જ નથી કારણકે, મા ની માતાને પણ આપણે 'નાની' કહીએ છીએ.

છેલ્લે બસ એટલું જ કહીશ કે આજે હું જે કાંઈ પણ છું તે માત્ર મમ્મી તમને જ આભારી છું અને આવી ધન્યતા સદાય મેળવવા માટે હું પ્રભુ પાસે એ જ પ્રાર્થના કરીશ કે જન્મોજન્મ મને મા, તારી જ કૂખે જન્મ મળે.

જેનું સ્મરણ શ્વાસે શ્વાસે છે તેવી મારી માતાને હૃદયપૂર્વક મારા વંદન હજો.

અંતે મારા અમીભર્યા અશ્રુઓના શબ્દોથી એટલું જ કહીશ કે,

***"તું સૌથી પ્યારી, ઓ મમ્મી મારી...."***

## તૃતીય વિજેતા

### મીતા સોની ગાંધી - મુંબઈ



મા અને દીકરી – આ સંબંધ દુનિયાનો સૌથી મજબૂત સંબંધ છે જેને શબ્દોમાં વર્ણન કરવું બહુ જ મુશ્કેલ છે. સૌથી મુશ્કેલ ક્ષણ એ છે જ્યારે માં પોતાની દીકરીને ભૂલો કરતા જુએ છે. જીંદગીમાં ખોટી પસંદગી કરે છે ત્યારે એક દીકરીને માંની શિખામણ ખરાબ લાગે છે પણ દિવસના અંતે દીકરીને જ્યારે પોતાની ભૂલ સમજાય છે ત્યારે જ એને સમજાય છે કે માં હંમેશાં દીકરીનું ભલું જ વિચારે છે અને હંમેશાં દીકરીની પડખે ઊભી હોય છે.

મા, એક એવી વ્યક્તિ છે જે દીકરીનું ભવિષ્ય ઘડે છે. ઘણી વખત જોવાય છે કે જે દીકરી સાસરે ઠરીઠામ નથી થઈ શકતી ત્યારે એની માતા જ એની વહારે ધાય છે અને એને સાચી શિખામણ, હૈયાધારણ આપી એને પોતાના સંસારમાં સ્થાયી થવામાં મદદ કરે છે.

અમારો મા-દીકરીનો સંબંધ એક મિત્રતાનો સંબંધ છે. જીવનના હર એક મુશ્કેલ ક્ષણોમાં એણે મને સાથ આપ્યો છે અને હજી પણ મારી પડખે મારો સહારો બનીને ઊભી છે. ૭૦ વર્ષની ઉંમરે પણ એનામાં એ જ જોમ અને ઉત્સાહ છે. આજે હું બેંકમાં બ્રાંચ મેનેજરની ખુરશી ઉપર બેસું છું, એ પણ એની જ શિખામણ અને આધારને કારણે છે. મારી માતા મારું અવિભાજ્ય અંગ છે જેનું ઋણ ચૂકવી શકાય એમ નથી.

"માં તને શત શત પ્રણામ.
ભવોભવ તારો સાથ અને સંગાથ મળે
એ જ ઈશ્વરને પ્રાર્થના."

## અન્ય ધ્યાનાકર્ષક કૃતિઓ

### વિરલ પરમાર - સિકંદ્રાબાદ



મારું નામ વિરલ છે. હું સિકંદ્રાબાદમાં રહું છું. હું મારી સરસ મજાની યાત્રાના સંસ્મરણો તમારી સાથે વહેંચવા માગું છું. હાલમાં જ મારા પરિવાર સાથે મેં પાર્લિ વૈદ્યનાથની મુલાકાત લીધી. આમ તો ભગવાન શ્રી શિવ અસૂરોનો નાશ કરવા વિખ્યાત છે, પરંતુ આ જગ્યાએ તેઓ પાર્લિના વૈદ્ય તરીકે જાણીતા છે. જ્યાં શિવ ત્યાં પાર્વતી તો હોય જ. અને તે મુજબ પાર્લિ વૈદ્યનાથથી બાવીસ કિ.મી. દૂર અંબે જોગાઈ નામની સુંદર જગ્યા આવેલ છે. એક માન્યતા મુજબ દેવી અંબેએ જોગાઈ નામના આ સ્થળે શરણ લીધું હતું અને તે પરથી જ અંબે જોગાઈ નામ પડ્યું. ત્યાં મારા પરિવાર સાથે મળીને મેં ખૂબ જ મજા કરી. મારા દાદાજી પણ અમારી સાથે હતા અને એટલે મજા પણ બમણી થઈ ગઈ. હું આપ સૌને પણ પાર્લિ વૈદ્યનાથની મુલાકાત લેવા આગ્રહ કરું છું. આ યાદગાર પ્રવાસના સેલ્ફી ફોટા આ સાથે મોકલી રહી છું.

### સમય જ્યારે સાદ દે...

*સમય આવે, સાચવીને, સરી જવામાં સાર છે.*
*અજય ભાવે, આથમીને થમી જવામાં સાર છે.*

*તન મન તણી તડપન હવે, તજી દેવામાં સાર છે.*
*હરદમ રહી અણનમ હવે, નમી જવામાં સાર છે.*

*'અહમ'ના અંગારને ઉલી જવામાં સાર છે,*
*'ભરમ'ના ભંગારને ભૂલી જવામાં સાર છે.*

*અલખ જાગે 'આપ'ને મટી જવામાં સાર છે,*
*વગર આગે, 'તાપ'ને ઠરી જવામાં સાર છે.*

*અલગ ભાવે યાદને વિસરી જવામાં સાર છે,*
*સમય જ્યારે સાદ દે, વિરમી જવામાં સાર છે.*

**– હંસરાજ કંસારા**

## ધારા રવજીભાઈ બારમેડા



### પિતા

"પિતા" આ શબ્દ કાને સંભળાતા જ મારા ચહેરા પર હાસ્ય છલકાઈ ઉઠે છે, મુખ મલકી ઉઠે છે કારણકે એક દીકરી જ છે કે જે પિતાને ખરા અર્થમાં સમજી શકે છે.

માટે જ કહેવાય છે ને કે, 'દુનિયાની શ્રેષ્ઠ જોડી બાપ અને દીકરીની છે.'

એક નાનકડી વાત કહું તો જ્યારે આપણને નાની ઠેસ વાગે તો 'ઓ માં...' શબ્દ મોઢામાંથી સરી પડે પરંતુ હાઈવે પર રસ્તો ઓળંગતી વખતે કોઈ ગાડી અચાનક આવી જાય ને બ્રેક મારે તો 'બાપ રે...' આ જ શબ્દો મોઢામાંથી બહાર પડે છે.

બસ, આ વાતથી જ સમજાય છે કે જ્યારે મોટી મુસીબતના વાદળા બંધાય ત્યારે પિતા જ યાદ આવે.

અરે... મારા મતે તો મારા પિતા ઘરનું અસ્તિત્વ છે.

'પિતાનું સ્થાન આકાશ કરતા પણ ઊંચું છે.'

સફળતામાં તો બધા જ સાથ આપે પરંતુ પપ્પા, તમે મને નિષ્ફળતાના દલ-દલમાંથી ઉગારી અને સતત મારામાં આત્મવિશ્વાસનું સિંચન કર્યું.

'મારી તમામ સફળતાનું શ્રેય મારા વહાલા પપ્પા, તમને જ આભારી છે.'

પપ્પા, તમારા વિશે લખતા આજે મારી પાસે શબ્દો ખૂટે છે, આંખોમાં અશ્રુઓની ધારાઓ વહે છે. અંતે સહૃદયતાથી હું ઈશ્વર પાસે એ જ પ્રાર્થના કરીશ કે :

"આવતે ભવ કદાચ મને દીકરી બનાવે કે દીકરો, પરંતુ મારા પિતા તરીકેનું સ્થાન તો તમને જ અપાવે."

***જીવી તો બધા જાણે પણ જીવતા જે શીખવાડે***
***જીવન જીવવાની સાચી દિશા જે જણાવે***
***તેવા મારા પિતાને સદા મારા પ્રણામ!***

## તીર્થ લક્ષ્મીદાસ સોની - અમદાવાદ



### મારો મારા મમ્મી-પપ્પા સાથે લાગણીભર્યો પ્રસંગ

***લાગણીનો એક એવો તાર જેમાં...***
***શબ્દો ઓછા ને સમજ વધારે હોય,***
***વિવાદ ઓછા ને સ્નેહ વધારે હોય,***
***શ્વાસ ઓછો ને વિશ્વાસ વધારે હોય,***
***પુરાવા ઓછા ને પ્રેમ વધારે હોય...!***

માતા અને પિતા બાળક પ્રત્યે હંમેશાં લાગણીભાવ દર્શાવે છે. બાળક જન્મે ત્યારથી જ માતા-પિતા અને બાળક વચ્ચે લાગણીનો તાર બંધાઈ જાય છે. માતા-પિતા બાળક માટે બને ત્યાં સુધી બધું કરી છુટે છે.

હું મારા માતા-પિતા સાથેનો આવો જ એક લાગણીનો પ્રસંગ વર્ણવવા જઈ રહ્યો છું.

હું જ્યારે આઠમા ધોરણમાં હતો ત્યારે મારી ઈચ્છા ૮મા ધોરણ પછી નવમા ધોરણ માટે મણિનગરમાં આવેલી જય સોમનાથ સ્કુલમાં અભ્યાસ કરવાની હતી. મેં મારી આ ઈચ્છા મમ્મી અને પપ્પાને કહી. આ સાંભળી તેઓ ખૂબ રાજી થયા કારણકે મારી ઈચ્છા અમદાવાદની એક નામાંકિત સ્કુલમાં અભ્યાસ કરવાની હતી. પણ મેં એવું સાંભળ્યું હતું કે ત્યાં એન્ટ્રન્સ એક્ઝામ લેવામાં આવે છે અને તેના મેરીટ પ્રમાણે એડમિશન મળે છે. આ એક્ઝામ ઊંચા મેરીટ સાથે પાસ કરવા મમ્મી-પપ્પાએ મને ખૂબ જ સપોર્ટ કર્યો. અત્યાર સુધીના મારા અભ્યાસના એ બે દિવસ : (૧) મેં જ્યારે એન્ટ્રન્સ એક્ઝામ આપી અને (૨) જ્યારે સોમનાથ સ્કુલનું મેરીટ બહાર પડ્યું અને મેરીટ લીસ્ટમાં પહેલું જ નામ મારૂં હતું. એ દિવસે ખરેખર મને સમજાયું કે, "એક માતા સો શિક્ષકની ગરજ સારે છે."

એ દિવસે મેં સ્કુલમાં એડમિશન લીધું. ત્યારબાદ ૯મું

ધોરણ હોય કે ૧૦મું ધોરણ હોય મમ્મી અને પપ્પા રાત્રે મારી જોડે એવી રીતે જાગ્યા જાણે બીજા દિવસે મારી નહીં, તેમની એક્ઝામ હોય! મને ઊંઘ આવે તો વાતો કરીને નીંદર ઉડાડવી, રાતના ગમે તેટલા વાગે મને કોફી બનાવી આપવી, જો મને વાંચવાનો ટાઈમ ખૂટતો હોય તો મારું લેસન કરી આપવું. મારી ચોપડીની એક એક લીટી વાંચી અગત્યની બાબતો હાઈલાઈટ કરવી, મને વાંચેલું મોઢે પૂછવું, હું જે બુક માગું તે મને પ્રોવાઇડ કરવી, મારી તબિયતનું, ખાવા-પીવાનું ધ્યાન રાખવું, મારા સૂવાના - વાંચવાના અને લેસન કરવાનું ટાઈમ ટેબલ બનાવવું, મને હંમેશા હિંમત આપવી, મારો કોન્ફિડન્સ વધારવો – આ બધી જ બાબતો, મારી, મારા મમ્મી-પપ્પા સાથેની લાગણી વર્ણવે છે. જેના પરિણામે ધોરણ-૯માં ૯૦% લાવી શક્યો. હાલ મેં ધોરણ-૧૦ની પરીક્ષા આપી છે જેમાં પણ ૯૦% આવવાનો મને કોન્ફિડન્સ છે.

*છેલ્લા બે વર્ષ મને એવું શીખવી ગયા કે –*

***'भगवान न दिखाई देनेवाले माता-पिता होते हैं,***
***किन्तु माता-पिता दिखाइ देनेवाले भगवान होते हैं।''***

## ખુશ્બુ છત્રાળા



Hello મિત્રો.... મારૂં નામ ખુશ્બુ છે અને આજે હું બધાને કહેવા જઈ રહી છું કે મારા જીવનમાં મારા માતા અને પિતા શું છે? આજે હું મારી જીંદગીના બે એવા વ્યક્તિ માટે લખી રહી છું જેના માટે લખવા મને આજે આ શબ્દો પણ ઓછા લાગી રહ્યા છે. તો પણ થોડા શબ્દો અને મારા વિચારો લઈ મારી આ લાગણી તેમને અર્પણ કરૂં છું.

એક કવિએ કેટલી સુંદર મજાની વાત કરી છે કે મિત્રો,

***ફૂલ એકવાર ખીલ્યા પછી બીજી વાર નથી ખીલી શકતા,***
***જનમ એકવાર મળ્યા પછી બીજી વાર નથી મળી શકતા***
***અને મળવા ખાતર તો બધું જ મળે છે આ જગતમાં***
***પણ આપણી લાખો ભૂલને માફ કરવાવાળા મા-બાપ***
***બીજીવાર ક્યારેય નથી મળતા.***

આશાબેન અને દીપકભાઈ એટલે કે મારા મમ્મી અને પપ્પા. આજે હું નાની એવી દુનિયામાં આવી છું એ મારા ભગવાન એટલે કે મારા માતા અને પિતા થકી આવી છું. જો તેમણે મને આ દુનિયામાં જનમ ન આપ્યો હોત તો આજે હું આ સુંદર મજાની દુનિયા ના જોઈ શકી હોત.

જ્યારે હું બોલતા શીખી ત્યારે મારો પહેલો શબ્દ હતો "માં." જ્યારે નાની હતી અને સાઈકલ પરથી પડી ત્યારે બોલી, 'ઓય માં...'. જ્યારે હું સ્કુલે જતી ત્યારે બોલતી, 'બાય બાય માં...'

પપ્પા ક્યારેક મારી પર ગુસ્સે થતા ત્યારે હું બોલતી, 'જોને માં...' કોલેજ કે મિત્રો સાથે બહાર જવા બોલતી, 'પ્લીઝ માં...' જો હું હસું તો હસે છે 'માં', જો હું રડું તો રડે છે 'માં.' પોતે ભૂખી રહી પહેલા મને જમાડે છે મારી માં. સુખ કે દુઃખ હોય ત્યારે મિત્ર બની સહારો બને છે મારી માં. આજ રીતે નાનપણથી અત્યાર સુધીની મારી દરેક નાની વાતોમાં મારી 'માં' સામેલ છે.

મિત્રો, 'માં'ને મકાનની ઇંટ સાથે સરખાવવામાં આવી છે. જો મકાનના ચણતર સમયે એક ઇંટ ડગી જાય તો આખું મકાન ડગમગી જાય છે. તે જ રીતે પરિવારમાં જો 'માં' ના હોય તો પરિવાર પણ ડગમગી જાય છે. જ્યારે મારી કોઈ ભૂલના લીધે 'માં' મારા પર ગુસ્સે થાય છે અને મારી સાથે કંઈ બોલતી નથી ત્યારે એક ક્ષણ માટે એવું લાગે છે કે આખું સંસાર મારાથી જાણે રીસાઈ ગયું છે. આથી જ કહેવાય છે કે, 'માં તે માં, બીજા બધા વગડાના વા.'

***"मां ममता की धारा है, और पिता जीने का सहारा है।"***

મિત્રો, આજે મને આ વાત કહેતા થોડું હસવું આવે છે કે હું મારા મમ્મી-પપ્પાની કોપી નહીં પરંતુ કાર્બન કોપી છું. એ વ્યક્તિ પણ બહુ જ ખુશકિસ્મત હોય છે જે એમના મમ્મી-પપ્પાની કોપી હોય છે. હું પણ ખુશકિસ્મત છું કે હું મારા પપ્પાની લાડકી છું.

નાનપણમાં સાઈકલ પરથી પડી ત્યારે હિંમત આપનાર એ મારા પપ્પા. સ્કુલ જતી વખતે મને મૂકવા આવતા એ મારા પપ્પા. ઓફિસેથી ઘરે આવીને એમનો થોડો સમય મારા માટે કાઢે એ મારા પપ્પા. સ્કુલના પ્રોજેક્ટમાં મારી મદદ કરતા એ મારા પપ્પા. કોલેજ જતાં સમયે પોકેટમની આપતા એ મારા પપ્પા. દુનિયા

સાથે કદમ કેમ મિલાવવા એ શીખવાડનાર મારા પપ્પા. સુખમાં મને ખુશી અને દુઃખમાં મને સહારો આપનાર એ મારા પપ્પા. આમ મને દરેક વાતમાં સાચી પ્રેરણા આપનાર એ મારા પપ્પા. આથી જ મારા પપ્પા, એ વર્લ્ડના બેસ્ટ પપ્પા છે.

"સૂરજ ગમે તેટલો ગરમ હોય, ગમે તેટલો તપતો હોય, પણ જ્યારે એ અસ્ત થઈ જાય છે ત્યારે આ પૃથ્વી અને આ સંસારમાં અંધારું છવાઈ જાય છે."

ઉપરની પંક્તિ પરથી એ જણાવવામાં આવે છે કે આપણા બધાના જીવનમાં પપ્પાનું સ્થાન સૂરજ જેવું જ મહત્ત્વનું છે. પપ્પા ગમે એવો ગુસ્સો કરે, ગમે એવા ગરમ સ્વભાવના હોય પણ જેમ સૂરજ અસ્ત થઈ જાય તો અંધારૂં છવાઈ જાય છે, તેવી જ રીતે પરિવારમાં પપ્પા ના હોય તો આપણા જીવનમાં પણ અંધકાર છવાઈ જાય છે.

*"જે ઘરમાં મા-બાપ હસે છે, પ્રભુ સ્વયં ત્યાં જ વસે છે."*

આપણી આજની જનરેશનમાં આપણે જે મા-બાપ સાથે તુચ્છ વહેવાર કરીએ છીએ એ ન કરવો જોઈએ. જેમની આંગળી પકડીને આપણે ચાલતા શીખ્યા એ જ 'મા-બાપ'નો હાથ પકડીને આપણે તેમને આશ્રમમાં ધકેલીએ છીએ. આ બધું કરવાથી ઉપરવાળા ભગવાનને પણ કેટલું દુઃખ થતું હશે! તો મા-બાપ તો ભગવાનથી પણ ઉપર હોય છે. તો તેમને આપણા આ વ્યવહારથી કેટલું દુઃખ થતું હશે! જેમણે પોતાની આખી જીંદગી આપણને પ્રેમ અને ખુશી આપવા વિતાવી નાખી આજે એ જ મા-બાપને આપણે દુઃખી કરીએ છીએ. જેણે આપણા માટે આટલું કર્યું, આપણે પણ તેમના માટે કંઈક કરવું જોઈએ.

આજે હું ભગવાન પાસે એ જ પ્રાર્થના કરૂં છું કે મારા લીધે મારા મમ્મી-પપ્પાની આંખોમાં ક્યારેય આંસુ ના આવે. જો આપણે મા-બાપનું સુખનું કારણ ન બનીએ તો કંઈ જ વાંધો નથી પણ આપણે તેમના દુઃખનું કારણ તો ન જ બનવું જોઈએ.

બસ, આટલું કહી હું મારી વાત અહીં પૂર્ણ કરૂં છું.

*"ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહીં;*
*અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહીં."*

## દાદા

★ *વડવાઈની વચ્ચે જેનું ખોવાયું છે થડ,*
*એક લાકડી ઉપર ઊભો દાદા નામે વડ.*

★ ભાગદોડના દિવસે તો ભાગીને દોડી ગયા,
જીર્ણ શરીરે કરચલીઓના નકશા છોડી ગયા.

★ અવગણનાએ સીમા બાંધી દાદાજીની ફરતે,
દાદા સાથે સમય અજાણ્યા માણસ માફક વર્તે.

★ જીવન નિર્ભર, નિરૂપયોગી થયું એટલે સસ્તું,
દાદા વ્યક્તિમાંથી જાણે બની ગયા એક વસ્તુ.

★ *તન અને મન એકમેકની છોડાવે પક્કડ -*

★ દાદાએ પોતાના સૌને એક તાંતણે બાંધ્યા,
અલગ અલગ ટુકડાને કૂણી લાગણીઓથી સાંધ્યા.

★ અંગત અંગત ઈચ્છાઓ સૌ-સૌને રસ્તે ચાલી,
દાદાજીની આંખોમાંથી થયો બગીચો ખાલી.

★ લાંબું જીવતર એ જ રોગ, જે શાપ બનીને ડંખે,
દાદા સઘળાં દુઃખ સહીને સૌના સુખને ઝંખે.

★ *સંબંધોની સુગંધ ખાતર સળગે એક સુખડ -*

★ કટકે કટકે દીધું પાછું, લીધું જે ઉછીનું,
એક સામટું એક દિવસ દઈ દેવાનું બાકીનું.

★ ટેકો દેતાં 'પગ'ને રાખી દીવાલને આધારે,
આંખ, કાન ને દાંતને અસલી ચહેરેથી ઉતારે.

★ થાકેલી ઘડિયાળને આપે ધ્રૂજતે હાથે ચાવી,
ઊંડા અંધારે નાનકડા દીવાને સળગાવી.

★ *નમી પડેલા ખાટલે છોડે વળી ગયેલું ધડ–*

★ બચ્ચાંની ધીંગામસ્તીને ગયું ઉપાડી ભણતર,
પરીકથાઓ પલકવારમાં બની ગઈ પાનેતર.

★ લાલ હથેળી લઈને - ટુંકી જીવનરેખા ચાલી,
ધીમે ધીમે સાંજે સાંજે થયા બાંકડા ખાલી.

★ રોજ સવારે વાંચી લે, અખબારનું છેલ્લું પાનું
મળે નહીં અવસાન નોંધમાં નામ ક્યાંય પોતાનું.

★ *અણગમતી આ એકલતાનું એ જ હવે ઓસડ -*
*એક લાકડી ઉપર ઊભો દાદા નામે વડ.*

**– શ્યામલ મુન્શી**
**(બૃહત્ ગુજરાતી કાવ્યસમૃધ્ધિ)**

# પરિવાર

બિહારીલાલ એચ. બુધ્ધભટ્ટી - રાજકોટ

**પરિવાર એટલે શું? પરિવારમાં શું આવે?**

પરિવાર શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે કોઇ એક કુટુંબ માટે વપરાય છે. પરિવારમાં માતા-પિતા, ભાઇ-બહેન, પુત્ર-પૌત્રનો સમાવેશ થાય છે. આમ એક સંયુક્ત કુટુંબને પરિવાર કહી શકાય. પરિવારમાં બધા જ સભ્યો એકબીજા સાથે ભાવ પ્રેમ અને એકતાથી રહે છે. એક દૃષ્ટિએ પરિવાર એટલે ઘરમંદિર. **"પ્રભુ નાનકડું ઘર મારૂં સદા તારૂં જ મંદિર હો"** કુટુંબ એટલે ઉત્સાહનું સ્થાન, સુખીને સાથ, દુ:ખીને દિલાસો, પાવન વાતાવરણ નિષ્પાપતા. પરિવારનો કોઇપણ સભ્ય આર્થિક, માનસિક કે શારીરિક રીતે નબળો હોય તો પરિવારમાં સચવાઇ જતાં, હૂંફ પામે છે. પરંતુ ઇંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિની હવા ભારતમાં પણ આવી અને આવા અનેક પરિવારો છિન્ન ભિન્ન થઇ ગયા.

પરિવારના આધારસ્તંભો છે યુવાન, ગૃહસ્થી અને વાનપ્રસ્થી. યુવાન પરિવાર તેમજ સમાજની કરોડરજ્જુ છે. યુવાન જેટલો સર્જનશીલ અને કર્તૃત્વસંપન્ન, તેટલો પરિવાર અને સમાજ સમૃદ્ધ. આજના કાળમાં યોગ્ય માર્ગદર્શનના અભાવે યુવાશક્તિ દિશાહીન બની ભટકતી જોવા મળે છે. પરિવારમાં એને હૂંફ અને પથદર્શક અને યોગ્ય માર્ગદર્શન મળે છે. સુયોગ્ય ક્રાંતિદર્શી ઋષિનું માર્ગદર્શન મળે તો પરિવારને સંક્રાન્તિ તરફ લઇ જાય. સંક્રાન્તિ એટલે અંધકારથી પ્રકાશ તરફ, અસત્યથી સત્ય તરફ અને મૃત્યુથી અમરત્વ તરફ સંક્રમણ.

'ગૃહસ્થી-ધન્યોગૃહાસ્થાશ્રમ', સ્મૃતિકારોએ બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાશ્રમના આધાર રૂપે જેને ગણાવ્યો છે તે ગૃહસ્થાશ્રમ ધન્ય છે. મહર્ષિ વશિષ્ઠના આશ્રમમાંથી વિદ્યાભ્યાસ પૂરો કરી આંગણે આવેલા કૌન્તસને રઘુરાજા મજાકમાં પૂછે છે : 'अपि प्रसनेन भहिषीलो तां सम्यग्वीनीयानुतो गृहाय।' બ્રહ્મચર્યાશ્રમની વિદ્યા પછી તને ગુરૂએ પ્રસન્ન થઇને બીજા આશ્રમ (ગૃહસ્થાશ્રમ) માટે અનુમતિ આપી?

વિશ્વના કેટલાક ધર્મો અર્થ અને કામને જીવની મુક્તિ માટે બાધક ગણી તેનાથી દૂર રહેવા સમજાવ્યું છે. કેવળ વૈદિક સંસ્કૃતિ જ હિંમતથી અર્થ અને કામને અપનાવી શકી છે. સુયોગ્ય રૂપે તેને ગોઠવી દઇ ગૃહસ્થ જીવનમાં તેની પ્રાપ્તિ અને ધર્માનુરૂપ તેનો વ્યવહાર કરવાનું માર્ગદર્શન ગીતા જ આપે છે. धर्माविरुद्धो भूतेषु कामोस्मि भरतर्षभ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ભારતીય સમાજ જીવનના આધાર સ્તંભો છે તેના વગર ગૃહસ્થાશ્રમ, સંસાર, પરિવાર શક્ય જ નથી.

- **વાનપ્રસ્થ :**

પચાસ પંચાવન વર્ષ પછી માણસે પોતાની જીવનધારાનો પ્રવાહ બદલવો જોઇએ. ગૃહસ્થી જીવનનો ચૌદ આના ભાગ સંસાર વ્યવહારમાં અને બે આના ભાગ પ્રભુકાર્યમાં વાપરે. પરંતુ વાનપ્રસ્થી સંસાર વ્યવહારના કામો પરિવારના સંતાનોને સોંપી બે આના ભાગ તેમાં વાપરે અને ચૌદ આના ભાગ પ્રભુકાર્ય માટે વાપરે. કુટુંબમાં ઉપેક્ષિત જીવન જીવવા કરતાં પ્રભુ કાજે, સમાજમાં ઘૂમતા ઘૂમતાં તે પોતાનું શેષ જીવન ગાળે તો ખરેખર જીવન જીવવા જેવું લાગે.

પરિવારના આ આધાર સ્તંભો મજબૂત હોય તો પરિવાર શ્રેષ્ઠ અને આદર્શ પરિવાર થાય. રામકાલીન પરિવાર વ્યવસ્થા આનું શ્રેષ્ઠત્તમ ઉદાહરણ છે. દશરથ પરિવારમાં નૈતિક સત્તા પર નિયંત્રણ હતું. કુટુંબમાં સત્તા માટે કદી પણ ઝગડો ન હતો. આજે સત્તા અને સંપત્તિ માટે બાપ દિકરાને, દિકરો બાપને કે ભાઇને મોતને ઘાટ ઉતારતાં પણ અચકાતા નથી. એક કાળમાં દિકરો કમાઇ લાવે અને બધું જ પિતાને સોંપી દેતો. પિતા કહેતો હું હવે નિવૃત્ત છું તું જ રાખ, દિકરો કહે તમે રાખો. બંનેના મીઠા ઝગડામાં મા આવતી. દિકરો માતાને રાખવાનું કહે, પરંતુ માતા કહે છે કે ઘરની લક્ષ્મી આવી ગઇ છે એને જ સોંપી દે. અને વહુને જ્યારે સોંપવાની વાત આવી ત્યારે વહુ કહે છે કે અત્યારે જરૂર નથી જરૂર પડશે ત્યારે માંગી લઇશ. કોઇ પૈસા રાખવા તૈયાર નથી. ત્યારે અંતમાં પિતા પ્રભુ ચરણોમાં પૈસા રાખે. જેને જ્યારે જરૂર પડે એટલા લઇ લે. આવા **આદર્શ કુટુંબ માટે સંસ્કાર જોઇએ અને સંસ્કાર માટે સંસાર જોઇએ.**

- **વૈશ્વિક પરિવાર અને પરિવાર ભાવના :**

આદર્શ પરિવાર હોય ત્યારે આવા આદર્શ પરિવારોનો સમાજ આદર્શ બને અને આદર્શ સમાજ નિર્માણથી દેશ અને વિશ્વ એક બને. આપણાં ઋષિઓ અને મહાપુરૂષોની "વસુધૈવ કુટુંબકમ્"ની ભાવના સફળ થાય!

*समानी वः आकूति समाना हृदयानी वं।*
*समानभस्तु वो मनः यथा वः सुसहासति।।*

Brotherhood under the faithhood of God. મને મારૂં ગૌરવ છે તેમ સામેવાળાનું પણ ગૌરવ છે તે જાળવી એક પરિવાર બને છે. જ્યાં એક વિચાર, એક આચાર એક ઇશ્વર – આવો એક વૈશ્વિક પરિવાર છે અને તે 'સ્વાધ્યાય પરિવાર' જે પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજીએ સ્વાધ્યાયના મંત્રના માધ્યમથી ઉભો કર્યો છે. એક અજોડ, અનોખો, સર્વધર્મ સ્વીકાર વાળો પરિવાર છે અને તેનો 'આધાર છે ગીતા'. જ્યાં ખુદ ભગવાને કહ્યું છે सर्वस्वचाहं हृदि सनिविष्टो આ વૈશ્વિક ભાવનાથી દૃઢ થઇશું તો "વસુધૈવ કુટુંબકમ" જરૂર થશે જ.

*સ્વ. બિહારીલાલભાઇનો આ લેખ*
*'કચ્છશ્રુતિ' પરિવાર વિશેષાંક જુલાઇ-૨૦૦૯માં પ્રકાશિત થયો હતો.*

# આધુનિક સમયમાં પરિવાર

એકતા કટ્ટા

સૃષ્ટિના સર્જનમાં સર્વોપરી એટલે આપણે. ધર્મશાસ્ત્રો, વેદો વગેરે જીવનનાં લક્ષ્ય તરફ અંગૂલીનિર્દેશ કરે છે. પરંતુ તે ધર્મ - સંપ્રદાયના બંધન હેઠળ પોતાના મંતવ્યો વ્યક્ત કરે છે. આધુનિક સમય ભૌતિકતાવાદ અને વાસ્તવવાદ (Practical)નો સમય છે. ટેકનોલોજીના આ સમયમાં સર્વત્ર ભાગદૌડ જોવા મળે છે. બાળપણથી વૃધ્ધાવસ્થા સુધી માત્ર અને માત્ર મહત્ત્વાકાંક્ષાઓની પૂર્તિ જ જીવનલક્ષ્ય બની રહ્યું છે. મહત્ત્વાકાંક્ષા જીવનનું ચાલકબળ અચૂક છે પરંતુ આધુનિક સમયમાં માત્ર ભૌતિકતાવાદને અનુલક્ષીને સેવાતી મહત્ત્વાકાંક્ષાની પૂર્તિથી જીવનમાં સંતોષ અને શાંતિના સ્થાને અસંતોષ અને ઉચાટ જન્મે છે. હા, એ જરૂર કે સમયની સાથે તાલ મેળવી જીવનશૈલી (લાઈફ સ્ટાઈલ)માં પરિવર્તન આવકાર્ય છે પરંતુ નીતિમત્તા અને લાગણીઓ, જે માણસમાત્રને અન્ય જીવસૃષ્ટિથી સર્વોપરી બનાવે છે તેની સતત અવગણના જીવનનાં સંતોષ અને શાંતિને હણે છે.

જો જીવનમાં સફળતાની સાથે સાથે સંતોષ અને શાંતિ પણ મેળવવા હશે તો વાસ્તવવાદી (Practical) થવાની સાથોસાથ નૈતિક મૂલ્યો (Moral Values) અને સંવેદનશીલતા (Sensitivity)નું પણ જીવનમાં અલાદયું મહત્ત્વ સ્વીકારવું જ રહ્યું. એક સમય હતો જ્યારે આજનો અત્યાધુનિક માનવ સમુદાય અસભ્ય અને જંગલી જીવન વિતાવતો હતો. ત્યારે આ નૈતિક મૂલ્યો અને સંવેદનશીલતા અસ્તિત્વમાં ન હતા. આ વિચારતાં જ એક બીજો વિચાર સ્ફુર્યો કે જેમ જેમ અત્યાધુનિક જીવનશૈલી - વિચારશૈલી વ્યવહારમાં આવે છે, તેમ તેમ સંવેદનશીલતા અને નૈતિક મૂલ્યોનું મહત્ત્વ વીસરાય છે. તો શું આપણે ક્યાંક ફરી જંગલી અવસ્થામાં...??!!! કેમકે, સમયનું ચક્ર ગોળ ફરે છે! તો શું ફરી આપણે તે અવસ્થા તરફ વળી રહ્યા છીએ?!

ના, ના! એ માત્ર ભ્રમ હોઈ શકે. કારણકે હજુ પરિવાર પ્રથા - કુટુંબ પ્રથા અસ્તિત્વમાં છે. ભલે આધુનિક છતાં હજુ પરિવાર વિનાના સમાજની કલ્પના પણ ન થઈ શકે. હા! સંબંધોનાં પરિમાણો બદલાયા. લાગણીઓના નામ બદલાયા પણ હજુ આજેય લાગણીના તાણા-વાણાં જ જીવનને ગૂંથે છે, શણગારે છે, અજવાળે છે. સાવ એવું નથી કે માત્ર ઔપચારિક સંબંધો જ શ્વસે છે! ક્યાંક તો સાચી લાગણીઓનાં શ્વસનથી જીવન ધબકે છે.

પરિવર્તન, એ સંસારનો નિયમ છે. આદિકાળથી સભ્ય સામાજીક વ્યવસ્થા સુધીની સફર પરિવર્તનની દેન છે. આ સફરમાં અનેક પરંપરાઓ, સંસ્કારો, સંસ્કૃતિઓનાં પડાવ આવ્યા હશે. સમયાંતરે આ બધા જ માં પરિવર્તન આવ્યું છે, આવતું રહેશે. સભ્યતાના અર્થ સુધ્ધામાં પરિવર્તન આવ્યું છે. પરિવર્તન જ્યાં સુધી વિકાસોન્મુખ હોય ત્યાં સુધી સ્વીકાર્ય છે. આધુનિકતાની સ્વીકૃતિ તે ઉદાર માનસિકતાની પરિચાયક છે. એક સમયે આપણી સભ્યતા જે કૌટુંબિક વ્યવસ્થાને જ સર્વોપરી માનતી હતી, તે આજે "Self Empowerment"માં વિશ્વાસ કરતી થઈ છે. જીવન 'સ્વકેન્દ્રી' થઈ રહ્યું છે. સભ્યતામાં થઈ રહેલ આ પરિવર્તન ભૌતિકતાનાં વિકાસનો પરિચાયક છે. પરંતુ 'સ્વ-કેન્દ્રી' જીવન અંતે એકાંકી ઠરે છે, જે આવકાર્ય નથી કારણકે આપણે 'સામાજીક પ્રાણી' છીએ.

ભૌતિક સ્તરે - બાહ્ય સ્તરે વિકાસ ભૌતિક સ્તરને ઊંચું લાવે છે તેમ આંતરિક વિકાસ - માનસ વિકાસ પણ તેટલું જ મહત્ત્વનું છે. જેમાં કુટુંબ વ્યવસ્થા - પરિવાર વ્યવસ્થા અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે કેમકે આપણું અસ્તિત્વમાં આવવું તેમને જ આભારી છે. જે સફળતા પાછળ આપણે દોડી, જે સફળતાને અર્જીત કરી 'સ્વ' પર ગર્વ લઈએ તે 'સ્વ'ની ઓળખ તે 'નામ' જેનાથી આપણી ઓળખ છે તે પરિવારે જ આપણે અર્પ્યું છે. આ પરિવારની કોઈપણ દૃષ્ટિએ અવહેલના તે આપણા 'સ્વ'ની અવહેલના જ ઠરે.

'સ્વ'ના વિકાસના માધ્યમથી પરિવારનાં વિકાસની જવાબદારી આપણે એકલપંડે નિભાવવાની અને સઘળા પરિવારને વિકસિત નિહાળી સંતોષ અને શાંતિ સાથે આંતરિક વિકાસનાં સુખને માણીએ. તે માટે જરૂર છે, બસ થોડી લાગણીઓની વહેંચણી કરી, થોડું જીવનશૈલીનું વિશ્લેષણ કરી, સંવેદનશીલતા અને નૈતિક મૂલ્યોને મહત્ત્વ આપવાની! કેમકે, કોઈએ ખૂબ સુંદર કહ્યું છે,

***"ગમતાને ગુંજે ના ભરીએ, ગમતાનો કરીએ ગુલાલ..."***

તમામ ક્ષેત્રની સફળતાનો શ્રેય 'સ્વ'ને ન આપતાં એ પરિવારને અર્પીએ જે આપણા આ અસ્તિત્વનો આધાર છે. બસ, પછી તો સર્વત્ર શાંતિ, સંતોષ અને સુખ-જ-સુખ....

*તમારાં માતા-પિતા અને દાદા-દાદી માટે પ્રતિજ્ઞા લો કે "હું તમારી સલામતી પૂરી માન મર્યાદા અને મોભા સાથે જીવનભર જાળવીશ."*

***– ડૉ. અબ્દુલ કલામ***

# પારિવારીક ભાવના અને કાયદો

**સુશ્રી બાલાબેન આર. ઠક્કર,** (એમ.એ., એલ.એલ.બી.) (એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ)

પરિવાર એટલે કુટુંબ કે જે સમાજનું નાનામાં નાનું એકમ છે. પરિવાર એ સબંધોમાં જીવતા શીખવાની એક જડીબુટી છે. આદર્શ પરિવાર એટલે સ્નેહ, ઉત્સાહ અને આત્મવિશ્વાસથી છલકતો પરિવાર. પરિવારની વ્યાખ્યાને કોઇ ધર્મ, જાતિ, દેશ કે કાળ સાથે સંબંધ નથી પરંતુ જીવન ધ્યેય સિધ્ધ કરવાનાં પર્વતારોહણ માટે પરિવાર એક બેઝ કેમ્પ છે. શૂન્ય પાલનપુરી આ જ અર્થમાં જણાવે છે કે:

*માનવી છું, મુજ કલેવર કેન્દ્ર છે સૌ ધર્મનું,*
*છે નજરમાં ગીતા, હૃદય કુરઆન, વાણી વેદ છે.*

આમ, પરિવાર હિંદુ, મુસ્લીમ, ખ્રિસ્તી, પારસી, ભારતીય કે કોઇપણ ધર્મ ધરાવતી વ્યક્તિઓનો પણ હોઇ શકે છે. એટલું જ નહીં પણ આપણી ભારતીય સંસ્કૃતિ તો વસુધૈવ કુટુંબકમ્ નો ખ્યાલ સ્વીકારે છે. એટલે કે સમગ્ર વિશ્વ, એ આપણો પરિવાર છે. પ્રકૃતિ પણ પારિવારીક ભાવના ધરાવે છે. એટલે જ કહેવાયું છે કે:

*ફૂલ સૌ જ્યારે બાળ લાગે છે,*
*કોઇ 'મા' જેવી ડાળ લાગે છે.*

પરિવાર પરિવારજનોના સ્નેહથી, લાગણીથી અને ફરજોથી જોડાયેલ હોઇ પરિવારજનો સમક્ષ પારિવારીક ભાવનાની અપેક્ષા રાખવામાં આવે છે, કેમ કે એક તંદુરસ્ત અને સુરક્ષિત સમાજની રચના માટે પારિવારીક ભાવના અગત્યની બાબત બની જાય છે. ઉભય પક્ષે ત્યાગ અને સહકારની ભાવના કેળવવી પડે છે. આમ, સમાજ અને રાષ્ટ્રની સુરક્ષા માટે પારિવારીક ભાવના આવશ્યક હોઇ કાયદો પણ અમુક તબક્કે મદદરૂપ થાય છે. પ્રાચીન ભારતમાં હિંદુ પરિવારજનોની પારિવારીક ભાવનાનું ઉમદા ઉદાહરણ રામચરિત માનસ છે. રઘુનંદન શ્રીરામચંદ્રજીએ પારિવારીક સંબંધો અને ભાવના કોને કહેવાય તેનું ઉમદા ઉદાહરણ આપ્યું છે. જેમાં માતા, પિતા, ભાઇ, બહેન, પુત્ર, પુત્રી, પુત્રવધૂ અને પત્ની ધર્મનું પાલન એ જ સાચી પારિવારીક ભાવના. આ ખ્યાલ આપણને શ્રી રામચંદ્રજી આપે છે. સહકાર, સ્નેહ અને ત્યાગ એ પારિવારીક ભાવનાના આધારસ્તંભો છે.

પારિવારીક ભાવનાઓનું એક ઉમદા ઉદાહરણ જાપાનના એક વખતના વડાપ્રધાનના એકસો સભ્યોનું આદર્શ કુટુંબ હતું. તેનું રહસ્ય તેઓશ્રીને પૂછતાં તેઓ એટલું જ કહેતા **"ટોલરન્સ", "ટોલરન્સ", ટોલરન્સ", અને "ટોલરન્સ".**

આજે આપણે ૨૧મી સદીમાં પ્રયાણ કરેલ છે. મમતા, સ્નેહ લાગણીનું સ્થાન આજે માંગણીઓએ લીધુ છે. એટલે પારિવારીક સંબંધો હાંફવા માંડ્યા છે. માટે જ ૨૧મી સદીના આવા પડકારોના વમળમાં કૌટુંબિક સંસ્કારોનું જતન અને પારિવારીક ભાવના અનિવાર્ય બની ગયેલ છે. પશ્ચિમની અણસમજભરી આંધળી દોડ વ્યક્તિને ભ્રમિત કરી દે છે જેને કારણે પોતાની સંસ્કૃતિથી વિમુખ કરી દેતા પારિવારીક ભાવના વિક્ષેપ પામે છે. આજના વૃધ્ધાશ્રમોની વધતી જતી સંખ્યા, ઘરમાં સ્ત્રીઓની થતી અવગણના, સ્ત્રીઓને થતાં સામાજિક અન્યાયો, તુટતી જતી સંયુક્ત કુટુંબ પ્રથા વગેરે જેવા સામાજિક દૂષણોનું મૂળ પારિવારીક ભાવનાના અભાવમાં છે.

કોઇપણ પરિવારમાં પારસ્પરિક સંબંધો વિશ્વાસજન્ય અને પ્રેમાળ હોવા જોઇએ. ઉભયપક્ષે ફરજોનું પાલન કરવું જોઇએ. એ ઉપરાંત :-

પરિવારમાં પુત્ર અને પુત્રી બંને માટે સમાન દૃષ્ટિ રહે, બાળકો માતા-પિતાના આદર આપે અને માતા-પિતા બાળકોના માર્ગદર્શક અને મિત્ર બને; દંપતિએ પોતાના વૃધ્ધ અને અશક્ત વડીલોની યોગ્ય સંભાળ લેવી જોઈએ.

આ પ્રકારે અનેક ફરજો માટે પારિવારીક ભાવના અગત્યની છે. ભારતમાં એવા કાયદાઓ પણ છે કે જે પરિવારમાં આ પ્રકારની ફરજોનો ભંગ થાય ત્યારે પારિવારીક ભાવનાની રખેવાળી કરે છે.

**(૧) હિંદુ લગ્ન ધારો, ૧૯૫૫ :-**

આ કાયદો હિંદુ પરિવારના લગ્ન સંબંધોને આવરી લે છે. લગ્ન, છુટાછેડા, ન્યાયીક અલગતા, ચાલુ કાર્યવાહીએ ભરણપોષણ અને કાયમી ભરણપોષણની જોગવાઇઓ સંબંધી બાબતો પર પ્રકાશ પાડે છે. કુલ ૩૦ કલમો ધરાવતો આ કાયદો પારિવારીક ભાવનાની જાળવણીમાં સારો એવો ભાગ ભજવે છે. આ કાયદાની કલમ-૨૩ મુજબ પતિ-પત્નીના લગ્નવિષયક ઝઘડાઓમાં અદાલતે શક્ય હોય ત્યાં સુધી સમાધાનના પ્રયાસો કરવા એમ જણાવી પારિવારીક ભાવનાને જોડવામાં ન્યાયતંત્રની ભૂમિકા સ્પષ્ટ જણાવી દે છે, અને એટલા માટે જ છૂટાછેડાના પ્રસંગે ન્યાયાધીશશ્રીઓ પક્ષકારો વચ્ચે પ્રેમ અને વાત્સલ્યનું ઝરણું સુકાઇ ગયું છે કે કેમ? એ પ્રથમ ચકાસે છે. જો કેસની હકીકત પરથી પક્ષકારોમાં અરસપરસ સ્નેહની માત્રા જોવા મળે, તો એવા કિસ્સાઓમાં ન્યાયાધીશશ્રી છૂટાછેડાનું હુકમનામું આપતા નથી.

આ કાયદામાં દંપતીએ અરસપરસ ક્રૂરતા ન આચરવી, સ્પષ્ટ કે રચનાત્મક ત્યાગ ન કરવો, વ્યભિચાર ન કરવો વગેરે જેવી જોગવાઇઓ જણાવી છે. જેના ભંગ બદલ છૂટાછેડા મળી

શકે છે. એ જ રીતે પતિ તેમજ પત્ની બંનેની એકબીજાના ભરણપોષણની જવાબદારી નિર્ધારીત કરી છે. કલમ-૨૪ મુજબ છૂટાછેડાની ચાલુ કાર્યવાહીએ અને કલમ-૨૫ મુજબ છૂટાછેડા પછી ભરણપોષણની જોગવાઇઓ છે.

શ્રીમતી વિમલા વિ. તરૂણસિંહ (એ.આઇ.આર. ૨૦૦૭ રાજસ્થાન ૧૦૧) ના કેસમાં પેરા ૯ પર રાજસ્થાન હાઇકોર્ટના આદરણીય ન્યાયાધીશ મહોદયશ્રી શિવકુમાર શર્મા અને આર.એસ. ચૌહાણ જણાવે છે કે :-

***"ભારત એ એક એવી પ્રાચીન સંસ્કૃતિ છે જેમાં પરિવાર અને પરિવાર સિવાયના સંબંધોની જાળવણીમાં ભારતે રોલ મોડેલની ભૂમિકા ભજવી છે. માટે દંપતીની એ સામાજિક ફરજ પણ છે કે તેમણે આ રોલ મોડેલની ભૂમિકા અદા કરવી. દંપતિ વચ્ચે વિશ્વસનીય સંબંધો અને ત્યાગની ભાવના એ લગ્નજીવનમાં પાયાની બાબત છે."***

### (૨) હિંદુ વારસા ધારો, ૧૯૫૬ :-

આ કાયદો હિંદુ પરિવાર માટે મિલકતના વિભાજન અને વારસા સંબંધી જોગવાઇઓ દર્શાવે છે. આ કાયદાના અમલ પહેલા **દાયભાગ શાખા** કે જે પશ્ચિમ બંગાળમાં અમલમાં હતી ત્યાં માત્ર મોટા પુત્રને જ વારસો પ્રાપ્ત થતો અને બાકીના પુત્રો કે પુત્રીઓને વડીલોપાર્જીત સંપત્તિમાં કોઇ જ ભાગ મળતો ન હતો. જ્યારે ભારતના બાકીના ભાગમાં **મિતાક્ષર શાખા** અમલમાં હતી જ્યાં માત્ર પુત્રોને જ અધિકાર મળતો અને પુત્રીઓને કોઇ જ અધિકાર મળતો ન હતો. આ કારણે પારિવારીક ભાવનામાં અડચણો આવતી. જેથી આ ક્ષતિઓ નીવારવા માટે આ કાયદો ઘડાયો. આ કાયદા મુજબ

**હવે પુત્ર કે પુત્રી એવા કોઇપણ ભેદભાવ વિના વડીલોપાર્જીત મિલકતમાં સમાન હિસ્સો પ્રાપ્ત થાય છે.**

### (૩) હિંદુ દત્તક વિધાન અને ભરણપોષણનો કાયદો:-

આ કાયદા મુજબ અપરીણિત હિંદુ સ્ત્રી પણ બાળક દત્તક લઇ શકે છે. પરીણિત પુરૂષે બાળક દત્તક લેતા પહેલા પત્નીની સંમતિ મેળવવી પડે છે. હિંદુ પરિવારોના દત્તક પ્રસંગને આ કાયદો સ્પષ્ટ કરે છે. એ જ રીતે દત્તક લેનાર જો પુરૂષ હોય અને કોઇ કન્યાને દત્તક લે અને જો દત્તક લેનાર સ્ત્રી હોય અને કોઇ કુમારને દત્તક લે તો બંને વચ્ચે ઓછામાં ઓછા ૨૧ વર્ષનો તફાવત હોવો જોઇએ, એમ આ કાયદો સ્પષ્ટ કરે છે. આ કાયદો એમ પણ સ્પષ્ટ કરે છે કે પુરૂષે પોતાના માતા-પિતાનું ભરણપોષણ કરવું જોઇએ. તેમજ વિધવા પુત્રવધુનું ભરણપોષણ સસરાએ કરવું જોઇએ.

### (૪) હિંદુ સગીરત્વ અને વાલીપણાનો કાયદો :-

હિંદુ પરિવારમાં સગીર કોને કહેવાય અને કઇ વ્યક્તિ એના પ્રથમ વાલી કહેવાય એ બાબતને આ કાયદો દર્શાવે છે. ગીતા હરિહરન વિ. રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (એ.આઇ.આર. ૧૯૯૯ સુ.કો. ૧૧૪૯) ના કેસમાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે સગીર બાળકના પ્રથમ વાલી તરીકે માતા-પિતાનો સમાન દરજ્જો છે.

### (૫) મુસ્લીમ લો :-

મુસ્લીમ પરિવારના નિયમો સુન્ની અને શિયા બંને શાખા માટે અલગ અલગ છે. તેમજ પવિત્ર ગ્રંથ કુરાને શરીફ મુજબ નિયમોનું સંચાલન થાય છે. પારિવારીક ભાવનાની જાળવણી યોગ્ય નિયમોથી કરવામાં આવે છે. છૂટાછેડા, મિલકતનો વારસો, બક્ષિસ, ભરણપોષણ વગેરે જેવી બાબતોને આવરી લેવામાં આવેલ છે. જો કે શાહબાનું કેસ પછી મુસ્લીમ સ્ત્રીના ભરણપોષણ સંદર્ભમાં સારી એવી જાગૃતિ આવી છે.

ભારતના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫ થી ૧૨૮ માં હિંદુ, મુસ્લીમ, ખ્રીસ્તી અને પારસી સ્ત્રી, સગીર બાળક અને વૃધ્ધ કે અશક્ત માતા-પિતાના ભરણપોષણની જોગવાઇઓ દર્શાવેલ છે.

### (૬) ખ્રિસ્તી અને પારસીઓના કાયદા વિષયક :-

પારસી લગ્ન અને લગ્ન વિચ્છેદ ધારો, ૧૯૩૬ પારસીઓના લગ્નજીવન સંબંધી બાબતો સ્પષ્ટ કરે છે. ભારતીય ખ્રિસ્તી લગ્ન ધારો, ૧૮૭૨ ખ્રિસ્તીઓના લગ્નજીવન સંબંધી બાબતો સ્પષ્ટ કરે છે. તેમજ પારસી, ખ્રિસ્તી તેમજ વસિયત કરનાર હિંદુ અને મુસ્લીમ પરિવારની મિલકત સંબંધી બાબતોની જોગવાઇ ભારતીય વારસા ધારામાં કરવામાં આવી છે.

### (૭) ગર્ભ પરીક્ષણ કસોટી (નિયમન અને તેનો દુરૂપયોગ નિવારણ) કાયદો, ૧૯૯૪ :-

હિંદુ, મુસ્લીમ, ખ્રિસ્તી કે પારસી કોઇપણ પરિવારમાં પુત્ર કે પુત્રીનો ભેદ ન રહે એ માટે કેન્દ્ર સરકારે ગર્ભસ્થ શિશુ (બાલીકા) ના રક્ષણાર્થે ગર્ભ પરીક્ષણ પર પ્રતિબંધ લાદેલ છે. પારિવારીક ભાવનાના રક્ષણ માટે આ કાયદો આવકાર્ય છે.

### (૮) માતા-પિતા અને સિનીયર સીટીઝનના ભરણપોષણ અને કલ્યાણ અંગેનો અધિનિયમ, ૨૦૦૭ :-

૨૯ ડિસેમ્બર, ૨૦૦૭ના રોજ ગેઝેટ ઓફ ઇન્ડિયામાં ૨૦૦૭નો ૫૬ નંબરનો આ કાયદો પારિવારીક ભાવનાની

જાળવણી માટેનો કેન્દ્ર સરકારનો તાજેતરનો પ્રયાસ છે અને આ અંગે જાગૃતિનો ઉત્કૃષ્ટ નમૂનો છે. આ કાયદામાં કુલ ૭ પ્રકરણો છે, અને કુલ ૩૨ કલમો છે. આ કાયદામાં બાળકની વ્યાખ્યા કલમ-૨(એ) માં દર્શાવી છે, જે મુજબ બાળકમાં સગીર ન હોય તેવા પુત્ર, પુત્રી, પૌત્ર અને પૌત્રીનો સમાવેશ થાય છે. માતા-પિતામાં સગા માતા-પિતા ઉપરાંત સાવકા કે દત્તક માતા-પિતાનો પણ સમાવેશ થાય છે. સીનીયર સીટીઝન એટલે જે ભારતીય નાગરીક ૬૦ વર્ષના હોય તે. પ્રકરણ ત્રણની કલમ ૧૯ રાજ્ય સરકારની વૃધ્ધાશ્રમોની સ્થાપના કરવાની અને જાળવણી કરવાની ફરજો દર્શાવે છે. પ્રકરણ ચારની કલમ ૨૦ રાજ્ય સરકારની સીનીયર સીટીઝન સંદર્ભમાં મેડિકલ સારવાર કરવાની ફરજો દર્શાવે છે. પ્રકરણ પાંચની કલમ ૨૧ રાજ્ય સરકારની સીનીયર સીટીઝનની મિલકતના કાનૂની વારસદાર એટલે સંબંધી એવી વ્યાખ્યા આપે છે. કલમ ૪ મુજબ માતા-પિતા અને સીનીયર સીટીઝન કે જેઓ પોતાની મિલકતમાંથી કે આવકમાંથી પોતાનું ભરણપોષણ કરી શકતા નથી તેઓ અનુક્રમે પોતાના બાળકો અને સંબંધી પાસેથી ભરણપોષણ મેળવવા હક્કદાર છે. અને આવા બાળકો અને સંબંધીઓની એમનું ભરણપોષણ કરવાની ફરજ છે એમ દર્શાવે છે. આ માટેની અરજી કલમ-૫ મુજબ આવા માતા-પિતા અને સીનીયર સીટીઝન અથવા જો તેઓ સક્ષમ ન હોય તો એમના વતી કોઈપણ વ્યક્તિ અથવા સંસ્થા કરી શકે છે. કલમ-૫(૧)(સી) મુજબ આ સંબંધી ટ્રીબ્યુનલ પોતાની મેળે પણ આવી અરજી દાખલ કરી શકે છે. આ સંબંધી નક્કી થયેલ ટ્રીબ્યુનલમાં આ અરજી કરવામાં આવતા ટ્રીબ્યુનલ ભરણપોષણ કરવા સંબંધી નિર્ણય આપે છે. જો બાળકો અથવા સંબંધી આ ભરણપોષણના નિર્ણયનું ૩ માસ સુધી પાલન ન કરે તો ટ્રીબ્યુનલ એવા બાળકને કે સંબંધીને ૧ માસ સુધીની જેલની સજા કરવા અંગે વોરંટ ઈસ્યુ કરી શકે છે. આ ટ્રીબ્યુનલ કલમ-૨(જે) મુજબ મેઈન્ટેનન્સ ટ્રીબ્યુનલ તરીકે ઓળખાય છે.

આમ, આ કાયદો પારિવારીક ભાવનાના રક્ષણ માટે અને આ ભાવનાનું પાલન પરિવારજનો કાયદાના ડરથી પણ કરે એ હેતુથી ઘડવામાં આવેલ છે.

માસ જૂન ૨૦૦૯થી ગુજરાત રાજ્ય દ્વારા પણ ગુજરાત રાજ્યમાં આ કાયદાના પાલન માટે ઉમદા પ્રયાસો થયા છે.

**(૯) પારિવારીક ભાવના અને સામાજિક દૂષણ :-**

પારિવારીક ભાવનાના અવરોધમાં ઘણી વખત સામાજિક દૂષણો પણ ભાગ ભજવતા હોવાથી ભારતમાં આ સામાજિક દૂષણો દૂર કરી પારિવારીક ભાવના જાગૃત થાય એ માટે અમુક સામાજિક કાયદાઓ ઘડવામાં આવ્યા છે. જેમ કે દહેજની પ્રથાની નાબૂદી માટે દહેજ પ્રતિબંધક ધારો, સતી પ્રથા અટકાવવા માટે સતી અટકાવ ધારો, બાળલગ્નની પ્રથાની નાબૂદી માટે બાળલગ્ન પ્રતિબંધક ધારો વગેરે આના ઉદાહરણો છે. વળી, બહુચર્ચિત ઘરેલું હિંસાના દૂષણોને અટકાવવા માટે ભારતમાં ઈ.સ. ૨૦૦૫માં પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલેન્સ એક્ટ, ૨૦૦૫ અમલમાં છે. જે મુજબ સ્ત્રીઓને ઘરેલું હિંસાનો ભોગ બનતી અટકાવવાનો હેતુ છે.

જો કે એનો અર્થ એ નથી કે કોઈપણ સ્ત્રી આ ઘરેલું હિંસાના રક્ષણ સંબંધી કાયદાનો ગેરલાભ લે! આજ બાબતને ધ્યાનમાં રાખી એસ.આર. બત્રા અને અન્ય વિ. શ્રીમતી તરૂણા બત્રા (એ.આઈ.આર. ૨૦૦૭ સુ.કો. ૧૧૧૮)માં સર્વોચ્ચ અદાલતના આદરણીય ન્યાયાધીશ મહોદયશ્રી એસ.બી. સિંહા તેમજ માર્કંડેય કતજુ સાહેબે મેટ્રીમોનીયલ હોમની શેરહોલ્ડ હાઉસની વ્યાખ્યા આપતા પેરા ૨૫ અને ૨૮ માં જણાવ્યું છે કે કોઈપણ સ્ત્રીનું લગ્ન પછીનું ઘર એટલે પોતાના પતિ જ્યાં હાલમાં રહેતા હોય એ ઘર. માટે પોતાની સાસુએ અંગત લોન લઈ મકાન બનાવ્યું હોય અને પોતાના પુત્ર અને પુત્રવધુને એમાં રહેવાની છૂટ આપી હોય એ મકાનમાં જો પુત્ર અન્ય મકાનમાં ભાડે રહેતા હોય તો પુત્રવધુ પોતાની સાસુ પાસેથી એ મકાનમાં ભાગ માંગી શકે નહીં. કેમ કે એના પતિ જ્યાં રહેતા હોય એ મકાન એનું પતિગૃહ ગણાય, સાસુ રહેતા હોય અને પતિનો એમાં હિસ્સો ન હોય એ મકાન કોઈ પુત્રવધુનું ગણાય નહીં. આમ, આ કેસમાં પતિગૃહની સુંદર વ્યાખ્યા આપી સુપ્રીમ કોર્ટે પારિવારીક ભાવના જાળવવાનો સર્વથા સફળ પ્રયાસ કર્યો છે.

આમ, આપણા ભારતમાં પારિવારીક ભાવનાને જોડતા, રક્ષણ આપતા, ફરજ પાડતા કાયદાઓ વાસ્તવમાં ભારતીય સંસ્કૃતિની જાળવણીમાં અનિવાર્ય છે. માત્ર ભારતીય કાયદાઓ જ નહીં, પણ હવે તો આંતરરાષ્ટ્રીય કાયદાઓ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે સ્ત્રીઓ, બાળકો, વૃધ્ધો, અશક્તો, રોગીઓ વગેરે જેવાં નબળાં વર્ગો તેમજ પર્યાવરણ સંબંધી સંધિઓ ઘડીને વસુધૈવ કુટુંબકમના ભારતીય ખ્યાલને સ્વીકારે છે. વિશ્વની નાનામાં નાની ઘટનાઓ બીજી ઘટનાને અસર કરે છે, જે એમ દર્શાવે છે કે સમગ્ર વિશ્વ એક પારિવારીક ભાવના સાથે જોડાયેલ છે.

***સૌજન્ય : "કચ્છશ્રુતિ – પરિવાર વિશેષાંક"***
***જુલાઇ-૨૦૦૯***

# સંયુક્ત પરિવાર : કરવેરા અને કાનૂની બાબતે સ્વીકૃતિ

ભાઇલાલ કે. પટેલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ - અમદાવાદ

ભારતીય સંસ્કૃતિ અને વંશીય પરંપરામાં સંયુક્ત પરિવારને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. અને અગાઉ એવા અનેક ઉદાહરણો છે કે જ્યાં ઉદ્યોગ ગૃહો અને વાણિજિયક પ્રવૃત્તિઓ કૌટુંબિક વ્યવસ્થા પ્રમાણે ચાલતી હતી જેમાં બે થી ત્રણ પેઢીઓ એક જ ધંધા વ્યવસાયનું સંયુક્ત રીતે સંચાલન કરતા હતા અને આ બાબતની સ્વીકૃતી રૂપે કુટુંબના વડાને પરિવારના કર્તા કે મેનેજર-વહીવટદાર તરીકે સ્વીકારાયેલ હતા. કુટુંબનો આ વડો કોઇપણ કાર્ય કરતો- ધંધો વ્યવસાય કરતો કે સામાજીક પ્રસંગો ઉજવાતા, તેમાં કુટુંબના પ્રતિનિધિત્વની રીતે તે બહોળા કુટુંબના હિતોને ધ્યાને રાખી કુટુંબના તમામ સભ્યોના હિતમાં પોતે કાર્ય કરતો. આમ "પરિવાર" એક જ એકમ તરીકે સ્વીકારવામાં આવતું. તેમાં કુટુંબની એક આગવી પ્રતિષ્ઠા અને મોભો પ્રાપ્ત થયેલ હતો. પશ્ચિમી સંસ્કૃતિની અસર આવતાં ભારતીય સંસ્કૃતિના એ પાયાના માળખાને અસર પહોંચી અને "સંયુક્ત પરિવારો"ની વ્યવસ્થાને અસર થવા લાગી. સંયુક્ત કુટુંબો તેનું સાતત્ય જાળવી રાખવા સક્ષમ રહ્યા નથી. અને "વ્યક્તિ"ને વિશેષતા અપાતાં આ વ્યવસ્થાને અસર થવા લાગી. સંયુક્ત પરિવારોના સાતત્યને અસર થઇ અને કુટુંબ અને પરિવાર સંયુક્ત રીતે ટકવાને બદલે કુટુંબના કર્તા પોતાના વ્યક્તિગત હિતને ધ્યાને રાખી કુટુંબના હિતોનું પ્રાધાન્ય ઘટાડતાં ગયા. આમ સમગ્ર કૌટુંબિક વ્યવસ્થા તૂટવા લાગી અને એમાથી "સંયુક્ત કુટુંબોને" બદલે વૃદ્ધાશ્રમોના વિકાસનો માર્ગ મોકળો બનવા લાગ્યો.

- **કરવેરા અને સંયુક્ત કુટુંબ :**

સંયુક્ત કુટુંબની વ્યવસ્થા માત્ર સામાજીક વ્યવસ્થા રૂપે જ સ્વીકારાયેલ હતી તેવું જ નહી પણ કરવેરા અને કાનૂની બાબતોમાં પણ તેની સ્વીકૃતી છે જ. સાચા અર્થમાં કુટુંબ વ્યવસ્થાને કાયદા અને વેરા માટે સ્વીકૃતિ હોવા છતાં આ વ્યવસ્થા કરવેરા માટેની વ્યવસ્થા માત્ર કરવેરાના આયોજન માટે જ ટકી રહી છે. સંયુક્ત કુટુંબની વ્યવસ્થાને કરવેરામાં "હિન્દુ અવિભક્ત કુટુંબ" (HUF)ના સ્વરૂપે સ્વીકૃતી અપાયેલ છે. અને કરવેરામાં "હિન્દુ અવિભક્ત કુટુંબ"ને એક અલગ કરદાતા તરીકે માન્ય કરવામાં આવેલ છે. જેમ વ્યક્તિએ આવકવેરો ભરવાનો થાય તેમ હિન્દુ અવિભક્ત કુટુંબ પણ જુદી આવક મેળવી શકે, મિલકતો ધરાવી શકે અને તેની કરવેરા માટે આકારણી પણ એક અલગ એકમ તરીકે થઇ શકે છે અને આમ કરવેરાની તમામ બાબતો માટે અવિભક્ત કુટુંબને અલગ કરદાતા તરીકે માન્યતા આપવામાં આવેલ છે.

- **હિન્દુ અવિભક્ત કુટુંબ (HUF)ના માધ્યમથી કરવેરાનું આયોજન :**

"હિન્દુ અવિભક્ત કુટુંબ" એ કુટુંબના ફંડ કે કોર્પસમાંથી ઉદ્ભવે છે. તેથી આવા એકમની રચના આમ તો કુદરતી રીતે જ થાય છે. વારસાગત ધંધો / વ્યવસાય મિલકત પ્રાપ્ત થાય અથવા કુટુંબની મિલકતો અને આવક પ્રાપ્ત થવાના સંજોગો એવા હોય જેમાં વ્યક્તિ (કુટુંબના વ્યક્તિગત સભ્ય)નું નહીં પણ સમગ્ર કુટુંબનું હિત સમાયેલ હોય તેવો વ્યવસાય, ધંધો કે મિલકત વ્યક્તિના નહી પણ હિંદુ અવિભક્ત કુટુંબના ગણાય. તેથી હિંદુ અવિભક્ત કુટુંબની રચના કુદરતી રીતે વારસાગત મિલકત કે આવક પ્રાપ્ત થતા થાય છે. બીજી પણ રીત છે કે જેમાં સમગ્ર કુટુંબના હિત અને લાભ માટે અન્ય ત્રાહીત વ્યક્તિ કોઇ એક કુટુંબને બક્ષીશ (રોકડ કે મિલકતની) આપે ત્યારે પણ થઇ શકે. આવી બક્ષીશ જ્યારે કુટુંબ વતી સ્વીકારવામાં આવે અને બક્ષીશ આપનારે બક્ષીશ આપવાનો ઇરાદો સમગ્ર કુટુંબના લાભ માટે દર્શાવેલ હોય તો, આવી બક્ષીશ મેળવીને પણ હિંદુ અવિભક્ત કુટુંબની કરવેરા અને કાનૂની બાબતોના હેતુઓ માટે રચના થઇ શકે છે.

આવકવેરા, મિલકત વેરા, બક્ષીશવેરો વગેરેમાં હિંદુ અવિભક્ત કુટુંબને એક અલગ એકમ - કરદાતા (એસેસી) તરીકે સ્વીકારવામાં આવેલ છે. જેમ વ્યક્તિ, પેઢી, કંપનીને કરદાતા તરીકે સ્વીકારવામાં આવે છે તેમ હિંદુ અવિભક્ત કુટુંબ (HUF)ને પણ એક અલગ કરદાતા તરીકે માનવામાં આવે છે. તમામ વેરાઓ માટે HUFની આવક માટેના વેરાના દર આપવામાં આવેલ છે અને આવકમાંથી મજરે મળતી કપાતો અને અપવાદો પણ જેમ વ્યક્તિને પ્રાપ્ત થાય છે તેમ HUFના નામે રોકાણો કરી કરવેરાનું આયોજન થઇ શકે. આ ઉપરાંત HUFના નામે ધંધો કરી શકાય અને અન્ય ધંધામાં ભાગીદાર થઇ શકાય. આમ HUF એ અસરકારક આયોજન માટે લાભદાયી છે. ઉદાહરણ તરીકે કોઇ એક કુટુંબમાં પતિ, પત્ની, સગીર વયના બે બાળકો મળી કુલ ચાર સભ્યો હોય તો પતિ અને પત્નીનું અને હિંદુ અવિભક્ત કુટુંબનું મળી ત્રણ એકમો માટે આવક, મિલકત અને રોકાણોનું આયોજન થઇ શકે.

- **આવકવેરાના આયોજન બાબતે હિંદુ અવિભક્ત કુટુંબને લગતી કેટલીક અગત્યની બાબતો :**

૧. હિંદુ અવિભક્ત કુટુંબનું અસ્તિત્વ સાબિત કરવા માટે વ્યક્તિઓનું જૂથ હોવું જરૂરી છે. એટલે કે એક કરતાં વધારે વ્યક્તિઓ (કુટુંબના સભ્યો)નો સમૂહ હોવો જરૂરી છે.

૨. માત્ર હિંદુ-શીખ, જૈન, બૌદ્ધ ધર્મ પાળનારાનું જ હિંદુ અવિભક્ત કુટુંબ હોઇ શકે. ખ્રીસ્તી કે મુસલમાન માટે આવું અવિભક્ત કુટુંબ (HUF) તરીકે માન્ય નથી થયેલું.

૩. કુટુંબની આવી વ્યક્તિઓના સમૂહને કુટુંબની મિલકતો કે આવકમાં સહભાગીદારી (સહ હિસ્સેદારી) હોવી જોઇએ.

૪. સહ હિસ્સેદારીમાં કુલ ચાર પેઢીનો સમાવેશ થઇ શકે છે.

૫. હિંદુ અવિભક્ત કુટુંબના સભ્યોમાં પુરુષ અને સ્ત્રીઓ બંનેનો સમાવેશ થાય છે, પરંતુ પરીણિત પુત્રીનો સમાવેશ થતો નથી. તેમજ પુત્રીને પોતાના પિતાના HUFમાં પોતાના નિભાવ ગુજરાન માટે જ હક્ક માગવાનો અધિકાર મળે છે. મિલકતોની વહેંચણી કે વિસર્જન માંગવાનો અધિકાર નથી.

૬. પુરુષનો જન્મ થતાં જ તેને વારસાગત રીતે કુટુંબની મિલકત / આવકમાં હિસ્સો પ્રાપ્ત થાય છે. આમ જન્મ થતાં જ પુરુષ સભ્ય હિસ્સેદાર બને છે અને સભ્યપદ પ્રાપ્ત થાય છે.

૭. દીકરી માત્ર લગ્ન સુધી જ એચ.યુ.એફ.માં સભ્યપદ ધરાવે છે. જ્યારે દીકરાને અન્ય સભ્યોની જેમ સહ હિસ્સેદારી પ્રાપ્ત થાય છે.

૮. હિંદુ કાયદા પ્રમાણે હિંદુ અવિભક્ત કુટુંબની અંદર જ બીજું અવિભક્ત કુટુંબ બની શકે. તેથી કોઇ વ્યક્તિને પોતાના પિતાના અવિભક્ત કુટુંબમાં સભ્યપદ હોય તો તેની સાથે પોતાનું નાનું અવિભક્ત કુટુંબ બનાવી શકે. જેમાં પોતે, તેની પત્ની અને બાળકો સહ હિસ્સેદાર હોઇ શકે. આવા સંજોગોમાં પોતે પિતાના હિંદુ અવિભક્ત કુટુંબમાં એક હિસ્સેદાર અને પોતાના નાના હિંદુ અવિભક્ત કુટુંબમાં કર્તા હોઇ શકે.

૯. હિંદુ અવિભક્ત કુટુંબની રચના અને સાતત્ય માટે હિંદુ રીવાજોનું પાલન થવું જરૂરી છે. જો કોઇ વ્યક્તિ (હિંદુ) મુસ્લીમ કે ખ્રીસ્તી મહિલા સાથે લગ્ન કરે અને પોતાના સંતાનોનો ઉછેર મુસ્લીમ રીવાજ પ્રમાણે કરે તો તેવા સંજોગોમાં આવી વ્યક્તિનું હિંદુ અવિભક્ત કુટુંબ કહેવાય નહી.

૧૦. કોઇપણ મિલકત જે વારસામાં વડવાઓ તરફથી તે સમયના વિભાજનથી મેળવેલ હોય તો તેવી મિલકત હિંદુ અવિભક્ત કુટુંબની ગણાય અને આવી મિલકતના સંચાલન અને વહીવટમાંથી પ્રાપ્ત થયેલ વધારો પણ હિંદુ અવિભક્ત કુટુંબનો જ ગણાય. પરંતુ કોઇ વ્યક્તિગત પરીશ્રમ કે હિંદુ અવિભક્ત કુટુંબની મિલકતોના રોકાણ વગર કમાયેલી મિલકત વ્યક્તિગત જ ગણાય. તેવી આવક અને મિલકત હિંદુ અવિભક્ત કુટુંબની ગણાય નહી.

આમ સંયુક્ત પરિવાર સંસ્કૃતિની દૃષ્ટિએ ટકવા માટે સક્ષમ નથી તેમ છતાં વેરાના આયોજન માટે એક અગત્યનું માધ્યમ છે. જે માધ્યમથી જેમ વ્યક્તિના વેરાઓનું આયોજન થાય તેટલી જ રીતે એચ.યુ.એફના માધ્યમથી આયોજન થઇ શકે.

## સાવધાન – છેડા છેડી!

**ભરણપોષણ બંધ કરવાની પતિની દાદ હાઈકોર્ટે ફગાવી**

## છૂટાછેડા થઈ જવા છતાં પત્નીનાં ભરણપોષણની જવાબદારી પતિની

પતિગૃહને સ્વેચ્છાએ ત્યજી દીધું હોવાથી અને પતિને હવે છૂટાછેડા મળી ગયા હોવાથી પતિની ભરણપોષણની જવાબદારી રહેતી નથી તેવી રજૂઆત સાથેની પીટીશન જસ્ટીસ જે.બી. પારડીવાલાએ ફગાવીને સ્પષ્ટ કર્યું હતું કે, પત્ની બીજા લગ્ન કરે અથવા તો અનૈતિક જીવન વ્યતીત કરે તેવા સંજોગોમાં જ ભરણપોષણની જવાબદારીમાંથી મુક્તિ મળી શકે છે.

**છૂટાછેડા થઈ જવા માત્રથી જ છેડો છૂટતો નથી**

નર્મદા વિભાગમાં એન્જિનિયર તરીકે કામ કરતા પરેશભાઈ પટેલના લગ્ન ૧૯૮૯માં કોકીલાબેન સાથે થયા હતા. પરંતુ ખટરાગ થવાથી ૧૦ વર્ષથી પતિ-પત્ની અલગ રહેતા હોવાથી તેમજ પત્ની પતિનું ઘર છોડીને ચાલ્યા ગયા હોવાથી તેમના છૂટાછેડાની અરજી ગ્રાહ્ય રાખી હતી પરંતુ ભરણપોષણ બંધ કરવાની અરજી નીચલી કોર્ટે ફગાવી દેતા તેમણે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી હતી. સામે તરફે કોકીલાબેન પટેલ તરફથી એડવોકેટ અર્ચિત જાનીએ રજૂઆત કરી હતી કે છૂટાછેડા મળી ગયા હોવાથી પતિને ભરણપોષણમાંથી મુક્તિ મળી શકે નહીં.

અરજદાર તરફે એવી રજૂઆત કરવામાં આવી કે, પત્ની સ્વેચ્છાએ ઘર છોડીને જતી રહી હતી અને છૂટાછેડા થઈ ગયા હોવાથી તેનું ભરણપોષણ કરવા માટે જવાબદાર નથી. તો ભરણપોષણની રકમ તેની પાસેથી હવે ન વસૂલવી જોઈએ.

આખરે જસ્ટીસ જે.બી. પારડીવાલાએ નોંધ્યું હતું કે છૂટાછેડા મેળવ્યા હોવા છતાં પત્નીનું ભરણપોષણ કરવાની પતિની જવાબદારી છે.

*સૌજન્ય : "દિવ્ય ભાસ્કર"*

# આપણાં પરિવારો

**ટી. એલ. કંસારા - અમદાવાદ, એકતા કટ્ટા - ભુજ**

આપ જાણો છો તે રીતે આપણા સમાજનું પારિવારિક સામાયિક "જ્ઞાતિસેતુ" છેલ્લા તેર વરસથી આપણા સમાજના પરિવારો વિશેની માહિતીનું સંકલન અને સંપાદન કરતું રહેલ છે. જેનો હેતુ છે, દેશ-વિદેશમાં, દૂર-દૂર વસતા પરિવારો એકબીજા વિશે જાણી શકે અને ભાવનાત્મક એકતાની લાગણી અનુભવતા સમાજ સાથે સંકળાયેલ રહી શકે. આ દિશામાં દીપોત્સવી-૨૦૧૫નો અંક એક સીમાચિહ્ન હતો. એ અંકમાં આપણે આપણા વિશાળ સમાજના ઘણા પરિવારો વિશે ઉપલબ્ધ માહિતી આપી હતી. પરંતુ આ તો માત્ર આરંભ હતો. આ દિશામાં હજુ ઘણું ઘણું જાણવાનું અને એકત્ર કરી પ્રકાશિત કરવાનું બાકી રહે છે.

આજના વિસ્તરતા સમાજ અને સમયના અભાવમાં, મલ્ટીટાસ્કીંગમાં લાગેલી યુવાપેઢી વૉટ્સ-એપ અને ફેસબુક માટે સમય અવશ્ય ફાળવે છે. 'સેતુ' આ યુવાપેઢી સાથે સારા એવા સંપર્ક કેળવી શકેલ છે. આ સંપર્કને આધારે યુવા પેઢીને આપણી વિરાસત વિશે પણ રસ લેતી કરી શકાશે એવો અમને વિશ્વાસ છે.

આપણા સમાજના દર્પણ તરીકે કામ કરતા આપણા પોતીકા સામયિક 'સેતુ'માં કચ્છના અંતરિયાળ ગામોમાં રહેતા કે દેશના દૂર દૂરના વિસ્તારો સુધી પહોંચી પોતાનો કારોબાર સંભાળતા કુટુંબો હોય કે વિદેશમાં વસતા પરિવારો હોય, તેમણે પ્રકાશન હેતુ મોકલેલી માહિતીનો સમાવેશ કરવાનો અમારો પ્રયત્ન રહ્યો છે.

ઉપર ઉલ્લેખ કરેલ ૨૦૧૫ના "વિરાસત" વિશેષાંકમાં "જ્ઞાતિસેતુ"એ આશરે સવાસો પેજીસમાં વિવિધ ઘટકોના રીત-રિવાજો અને યુવા પેઢીને રસ પડે તેવી વાતો સંકલિત કરીને વડીલોના ફોટોગ્રાફ્સ તેમજ વંશાવળીઓ સાથે ગોત્ર અને નુખ પ્રમાણે ક્રમબદ્ધ કરીને પ્રસિધ્ધ કરેલ. તે અંકને મળેલ ભવ્ય પ્રતિસાદથી પ્રોત્સાહિત થઈ, હવે બહોળા પ્રમાણમાં અનેક પરિવારોને સાંકળી લેતું પુસ્તક પ્રકાશિત કરવાનું 'સેતુ'નું આયોજન છે.

આ આયોજનને આગળ ધપાવવા માટે અત્યાર સુધીમાં "આપણા પરિવારો" કોલમ હેઠળ પ્રસિધ્ધ થયેલ લેખોમાં, આપના કુટુંબ વિશે ઉલ્લેખ કરાયેલ વિગતોની બાબતમાં આપને કોઈ ટીપ્પણી કરવાની હોય કે તેમાં સુધારા-વધારા કરવાના હોય તો તેની વિગતો અમોને મોકલી આપવા નમ્ર વિનંતી છે. આશા છે કે આપ આવી માહિતી મોડામાં મોડી તા. ૩૧મી જુલાઈ, ૨૦૧૭ સુધીમાં 'જ્ઞાતિસેતુ'ના સરનામે મળી જાય તે રીતે, નીચે આપેલ ફોર્મેટમાં, વંશાવળી, ફોટોગ્રાફ કે દસ્તાવેજો સાથે કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી આપજો. જેથી અમોએ સુગ્રથિત કરવા ધારેલ "આપણા પરિવારો" પુસ્તકમાં તેને યોગ્ય સ્થાન આપી એક કાયમી નજરાણું આપણા સમાજને ભેટ આપી શકીએ.

★ માહિતી મોકલનારનું નામ, સરનામું તેમજ સંપર્ક નંબર

★ માહિતીની ટૂંકી વિગત
(માહિતી જોડાણ તરીકે મોકલવી)

★ પોતાના લખાણ સિવાય સાથે જોડેલ દસ્તાવેજ કે વંશાવળી, ફોટોગ્રાફ્સ કે ફોટોકોપી (ઝેરોક્ષ નકલ)ની વિગત, હોય તો મોકલવી. ■

## માતા પિતાની છત્ર છાયા

*હયાત માતા-પિતાની છત્ર છાયામાં*
*વ્હાલપનમાં બે વેણ બોલીને, નીરખી લેજો,*
*હોઠ અડધા બીડાઈ ગયા પછી*
*ગંગાજળ મૂકીને શું કરશો....*

*અંતરના આશીર્વાદ આપનારને*
*સાચા હૃદયથી એક ક્ષણ ભેટી લેજો*
*હયાતી નહીં હોય ત્યારે નત મસ્તકે*
*છબીને નમન કરીને શું કરશો....*

*કાળની થપાટ વાગશે, અલવિદા એ થઈ જશે,*
*પ્રેમાળ હાથ પછી તમારા પર કદી નહીં ફરે.*
*લાખ કરશો ઉપાય તે વાત્સલ્ય લ્હાવો નહીં મળે*
*પછી દિવાન ખંડમાં, તસ્વીર મૂકીને શું કરશો...*

*માતા પિતાનો ખજાનો ભાગ્યશાળી સંતાનને મળે*
*અડસઠ તિરથ તેના ચરણોમાં બીજા તિરથના ફરશો*
*સ્નેહની ભરતી આવીને ચાલી જશે પલમાં*
*પછી કિનારે છીપલાં વીણીને શું કરશો...*

*હયાત હોય ત્યારે, હૈયું તેનું ઠારજો,*
*પાનખરમાં વસંત આવે, એવો વ્યવહાર રાખજો,*
*પંચ ભૂતમાં ભળી ગયા પછી આ દેહના*
*અસ્થિને ગંગામાં, પધરાવીને શું કરશો....*

*શ્રવણ બનીને ઘડપણની લાકડી તમે બનજો*
*હેતથી હાથ પકડીને ક્યારેક તીર્થ સાથે ફરજો*
*માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ સનાતન સત્ય છે*
*પછી રામનામ સત્ય છે બોલીને શું કરશો...*

*પૈસા ખર્ચતા સઘળું મળશે, મા-બાપ નહીં મળે*
*ગયો સમય નહીં આવે, લાખો કમાઈને શું કરશો*
*પ્રેમથી હાથ ફેરવીને 'બેટા' કહેનાર નહીં મળે*
*પછી ઉછીનો પ્રેમલઈને, આંસુ સારીને શું કરશો....*

**– સંકલિત, પ્રેષક : દિલીપભાઈ વૈષ્ણવ**

# વડીલોને વિલાપ કરાવનારા સંતાનોના ઘરમાંથી સુખ શાંતિ સરકી જાય છે

**પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ (કચ્છ)**

ભારતમાં હિંદુ ધર્મશાસ્ત્ર વિધાન અન્વયે ભાદરવા માસની એકમથી અમાવસ્યા સુધી શ્રાદ્ધ પક્ષમાં આ લોકમાંથી પરલોકમાં સિધાવેલા પિતૃઓ માટે સંતાનો શ્રાદ્ધ કરતા હોય છે. જેમાં પિતૃઓના મોક્ષાર્થે બ્રહ્મભોજ કરાવી બ્રાહ્મણોને દાન દક્ષિણા આપતા હોય છે. કોઇક વળી મંદિરોમાં દાનદ્રવ્ય અર્પણ કરે છે. આજે તો પુત્રીઓ પણ શ્રાદ્ધ કરતી હોય છે. બ્રહ્મ ભોજના અંતે કાગવાસ નાંખે અને તુલસી ક્યારે પાણી રેડે તેવો શાસ્ત્રીય પ્રબંધ અનુસરતા હોય છે. પરંતુ આજે સમાજમાં એક નજર કોઇ સંયુક્ત પરિવાર પર કરીએ અથવા વૃદ્ધાશ્રમ પર જઇને વૃદ્ધોની આપવીતી સાંભળીએ તો ભલભલાના હૃદય દ્રવી જાય છે. જે માતા પિતા જીવીત છે તેમને ઘરની કોઇ એક નાની અસ્વચ્છ ખોલીમાં ગોંધી રાખી વારંવાર તેમનું અપમાન કરનાર સંતાનો તેમના આવા વડીલોના મૃત્યુ બાદ શ્રાદ્ધ કે તર્પણ કરે ત્યારે આવા વડીલોના આત્માને કેટલી શાંતિ પ્રાપ્ત થાય એ યક્ષ પ્રશ્ન છે. તેથી જ કહેવાય છે કે, ***"બચપણમાં જેમણે તમને પાળ્યા, ઘડપણમાં એમના હૈયાં બાળ્યા તો યાદ રાખજો કે તમારા ભાગ્ય પરવાર્યા."***

પોતાના જ ઘરમાં હડધૂત થવાનું, ડગલેને પગલે સંતાનોના સણસણતા વેણ સાંભળી સમસમી જવાનું એટલે જ વૃદ્ધત્વ. 'આવી દુર્દશામાં ડોકિયું કરી દયા ભાવ લાવવાની, તે પણ નિજ માતાપિતા પર દયા દાખવવાની, આવા નિજ માતાપિતાને તેમની વેદનાઓ, આકાંક્ષાઓને સમજવાની કેટલા પુત્રો કોશિષ કરે છે તે સંશોધનનો વિષય બની રહ્યો છે. સંતાનો પાસે તંદુરસ્તી હોય, દ્રવ્ય હોય, સ્ત્રી પુત્ર પરિવાર હોય પછી તેને વૃદ્ધ વડીલોની આવશ્યકતા કેટલી? કેટલા બધા કષ્ટો વેઠી માતાપિતાએ સંતાનોનો ઉછેર કર્યો છે, છતાં જાણે આપમેળે જ પુખ્ત થઇ ગયા હોય તેમ માની આખા દિવસ દરમ્યાન સંતાનોને તેમની સાથે વાતચીત કરવાની ફુરસદ જ હોતી નથી.

વૃદ્ધવયમાં વૃદ્ધ વડીલોને સંતાનો મીઠાશથી બોલાવે, તેઓ કોઇ નાની અમથી સલાહ આપે તો સાંભળી લે, કોઇક ગમતી ભાવતી ચીજ વસ્તુ લાવી આપે, થોડીવાર તેમની પથારી પાસે બેસી વાતચીત કરે કે આધ્યાત્મિક પુસ્તકો વાંચી સંભળાવે, થોડી ચરણ ચંપી કરે પોતાના બાળકોને તેમની સેવા કરવા સલાહ આપે આ બધું જ વૃદ્ધમાતા અને વૃદ્ધ પિતાને ખૂબજ પસંદ પડે. પરંતુ માત્ર શાબ્દિક પ્રહારોજ કરવામાં આવે કે, "તમે લપ લપ ન કરો, શાંતિથી બેસી રહો, અમને બધો જ ખ્યાલ છે, અમને તમારી સલાહની કોઇ જરૂર નથી. ડોસા ડોસી બીજું શું કરે. સામે જવાબ આપવા કે સમજાવવા આવા પુત્રો પાસે લાચાર બની જાય. વૃદ્ધોના મનને આઘાત લાગતાં તેમને વિચાર વાયુ થઇ જતાં ચક્કર આવે, માથું દુઃખે, હાથપગ ઠંડા થઇ જાય, હાઇ કે લૉ બી.પી. થઇ જાય અને હાર્ટ એટેક પણ આવી જાય. પણ તેની સ્વચ્છંદ પુત્રોને પરવા ન હોય. સમાજમાં કોઇ સંયુક્ત પરિવારમાં વિધવા માતા કે વિધુર પિતા હોય અને જો તેમના પુત્ર આવી અસભ્યતા દાખવે તો અસહ્ય વેદનાથી પીડાય. પરંતુ "કર અને જો" તથા "જેવું કરે તેવું પામે" ના દુન્યવી ન્યાય અનુસાર આવી મનોદશા વૃદ્ધોની કરનારને એક દિવસ તેની પોતાની જ વૃદ્ધદશામાં પરમતત્ત્વ તેને સભાન કરાવે છે.

જે ઘરમાં વડીલોને વિલાપ કરવો પડ્યો હોય તે ઘરમાંથી સુખ, સંપત્તિ અને શાંતિ ચૂપકીદીથી સરકી જાય છે.

*અપમાનિત શબ્દોના પહાડ તૂટી પડે, હિંમત પ્રતિકારની વિખૂટી પડે*
*વૃદ્ધોનું હૈયુ વેદનાઓથી ખળભળે, ત્યારે તેઓ પ્રભુને પ્રાર્થે પળે પળે.*

વાસ્તવમાં જીવનમાં આવા અસંખ્યાત આપખુદી કરતા સંતાનોને નિસર્ગ કોઇ અવનવા પ્રસંગોએ, કોઇક વિટંબણાઓમાં એવી શિખામણ આપી જ દે છે કે જ્યારે પોતાના દુષ્ટ વર્તનનો પશ્ચાતાપ કરવાનો, મૃત વડીલો કે માતાપિતાની માફી માગવાનો સમય આવી રહે છે. જીવનમાં જો સારૂં વાવીએ તો જરૂરથી સારું લણી શકીએ. સમાજમાં કોઇ બંધનમાંથી છટકી શકાય પરંતુ ભગવાનની ન્યાયિક અદાલત અને તેમના કાનૂન અને તેમણે કરેલો ન્યાય સ્વીકારવો જ રહ્યો. ■

## વારસા હક્ક અધિનિયમ

**(અનુસંધાન : પાના નં.-૧૯ ઉપરથી ચાલુ)**

પરિશિષ્ટના વર્ગ-૧ અને વર્ગ-૨ નીચે મુજબ દર્શાવેલ છે.

**વર્ગ-૧ :** પુત્ર, પુત્રી, વિધવા, માતા, અગાઉ મૃત્યુ પામેલ પુત્રનો પુત્ર, અગાઉ મૃત્યુ પામેલ પુત્રની પુત્રી, અગાઉ મૃત્યુ પામેલ પુત્રીનો પુત્ર, અગાઉ મૃત્યુ પામેલ પુત્રની વિધવા, અગાઉ મૃત્યુ પામેલ પુત્રોની અગાઉ મૃત્યુ પામેલા તેના પુત્રનો પુત્ર, અગાઉ મૃત્યુ પામેલ તેના પુત્રીની પુત્રી, અગાઉ મૃત્યુ પામેલ તેના પુત્રની વિધવા.

**વર્ગ-૨ :** પિતા, પુત્રીના પુત્રીનો પુત્ર, પુત્રીની પુત્રીની પુત્રી, ભાઈ, બહેન, પુત્રીના પુત્રનો પુત્ર, પુત્રીના પુત્રીની પુત્રી, પુત્રીના પુત્રીનો પુત્ર, ભાઈનો પુત્ર, બહેનનો પુત્ર, ભાઈની પુત્રી, બહેનની પુત્રી, પિતાનો પિતા, પિતાની માતા.

***સૌજન્ય : "દિવ્ય ભાસ્કર"***

ભારતમાં મહિલાઓની બાબતમાં ઐતિહાસિક કહી શકાય તે રીતે વર્ષ ૨૦૦૫માં હિંદુ વારસા હક્કના અધિનિયમમાં સુધારો કરવામાં આવેલો છે. આ કાયદામાં સ્ત્રીઓને સમાન હક્ક આપવામાં આવેલ છે. આ કાયદા પહેલા હિંદુ ધર્મમાં માત્ર પુત્રોને જ સ્થાવર અને જંગમ મિલ્કતમાં ભાગ મળતો હતો, પરંતુ ***હવે માત્ર પુત્રોને જ નહીં, પુત્રીને પણ પૈતૃક સંપત્તિમાં એટલો જ હક્ક મળે છે. સમભાગી મિલ્કતમાંનું હિત પુષ્ટ થવા બાબત આ કાયદા અનુસાર ચાલતા સંયુક્ત હિંદુ પરિવારમાં સમભાગીની પુત્રી પુત્રની માફક જ પોતાના અધિકારની રૂએ જન્મ થાય ત્યારથી જ સહભાગી બની જશે. એટલે કે તે જો પુત્ર હોત અને જે અધિકારો તેને મળ્યા હોત, તેવા જ અધિકારો તેને મિલ્કતમાં મળશે.***

પુત્રી સદરહુ સમભાગી મિલ્કતના સંબંધમાં પુત્રના જેવી જ જવાબદારીઓને આધીન રહેશે. ***જ્યારે કોઈ મહિલા મિલ્કત માટે હક્કદાર બને ત્યારે તેણી આવી મિલ્કત સમભાગી માલિકીના અધિકારથી હક્ક ધરાવશે અને તે મિલ્કતની વ્યવસ્થા કરવા સમર્થ પણ ગણાશે.***

જ્યારે કોઈ હિંદુ મૃત્યુ પામે ત્યારે કાયદા અનુસાર ચાલતા સંયુક્ત હિંદુ પરિવારની મિલ્કતનું હિત વસિયત અથવા વારસા હક્કની રૂએ પ્રાપ્ત થશે અને સમભાગી મિલ્કતનું વિભાજન કરવામાં આવ્યું હોત તેમ મિલ્કતની વહેંચણી હોવાનું ગણાશે. પુત્રને જેટલો ભાગ આપવામાં આવ્યો હોય, એટલો જ ભાગ પુત્રીને અપાશે.

મૃત્યુ પામેલ પુત્રી અથવા પુત્રને જો વિભાજનના સમયે જીવતા હોય અને જે ભાગ મળે તે જ ભાગ મૃત્યુ પામેલ પુત્રી અથવા પુત્રના હયાત બાળકોને ફાળવવાના રહેશે.

આમાં પુત્ર અથવા પુત્રી જે શબ્દ છે તેમાં દત્તક લીધેલ પુત્ર અને પુત્રીનો પણ સમાવેશ થાય છે.

ભારતમાં વારસાઈ હક્ક જોગવાઈ અનુસાર તે સમયે અમલમાં હોય અને હિંદુઓને લાગુ પડતો હોય તેવા કોઈ બીજા કાયદા અનુસાર જે મિલ્કતની કેવી હિંદુ વસિયત આપવા બીજા કોઈ વસિયતની વ્યવસ્થા કરીને તે મિલ્કતની બીજી રીતે વ્યવસ્થા કરી શકે છે. એટલે કે હવે માતા-પિતાની મિલ્કત હોય ત્યારે તે મિલ્કત જેવી કે, ખેતીની જમીન, રહેણાંક મકાન – તેવી દરેક મિલ્કતમાં પુત્રીઓ પોતાનો હક્ક જતો કરવાનું ડેક્લેરેશન આપે, ત્યારબાદ જ તે મિલ્કત તેના ભાઈઓના નામે થાય છે અને જો તે ડેક્લેરેશન ન આપે તો તેમાં તેને ભાગે પડતો હિસ્સો લેવાની ઈચ્છા છે અને તે હિસ્સો કાયદેસર તેને પણ મળે છે.

વારસાના હક્કમાં ખૂની હોય તો તેને ગેરલાયક ઠરાવવામાં આવે છે અને તે મિલ્કત વારસામાં મેળવવા માટે ગેરલાયક ગણાશે. આવા સમયે વ્યક્તિ બિન વસિયત પહેલાં મૃત્યુ પામેલ હોય તેમ ગણીને તે મિલ્કત પ્રાપ્ત થશે.

હિંદુ વ્યક્તિ ધર્માંતર કરવાને કારણે હિંદુ ન રહેલ હોય તેવી વ્યક્તિને કે તેવા વંશજો વારસો મેળવવાને ગેરલાયક ઠરશે. વિધવા પુત્રવધૂ વારસો મેળવવા હક્કદાર છે પરંતુ વિધવાના પુનઃ લગ્ન થયા તો તે વિધવા તરીકે વારસો મેળવવા હક્કદાર નથી.

લોહીના સંબંધો અને સગપણ સરખા જ ગણવામાં આવે છે, પરંતુ એક હિંદુ સ્ત્રી મૃત્યુ પામેલી અને અરજદાર ગુજરનારની સગી બહેન હતી અને તે એક કાયદેસરની વારસદાર હતી. સાવકા ભાઈઓ અને બહેનોને આ મિલ્કત મેળવવાનો કોઈ અધિકાર નથી.

કોઈ રોગ, ખોડખાંપણ અથવા અંગ વિકૃતિના કારણે અથવા તે સિવાયના કોઈ કારણે કોઈ વ્યક્તિ મિલ્કતનો વારસો મેળવવા ગેરલાયક ગણાશે નહીં.

વારસાઈ હક્ક સક્સેશન એક્ટનો કાયદો વારસદારોને હક્કની માહિતી આપે છે. પણ જ્યારે ઈન્સ્યોરન્સ પોલિસીમાં નોમિની નીમ્યા હોય તો જ્યારે ક્લેઈમ થાય ***તો સક્સેશન એક્ટ મુજબ વારસ ગણીને વર્ગ-૧, વર્ગ-૨ મુજબ વળતર ચૂકવવામાં આવે છે.*** જો કે ગવર્નમેન્ટમાં હિંદુ વ્યક્તિ મૃત્યુ બાદ ક્લેઈમ માટે સેક્શન એક્ટ સર્ટીફિકેટ કોર્ટમાંથી લેવાનું છે અને સક્સેશન એક્ટ સર્ટીફિકેટ કોર્ટ તેના વારસો નક્કી કરે છે અને વળતર ચૂકવવામાં આવે છે.

**ઉદાહરણ** : માતાને તેણીના માતા-પિતા પાસેથી વારસો મળેલો હોય. માતા આ મિલ્કતની વ્યવસ્થા કર્યા વિના મૃત્યુ પામી. અદાલતે ઠરાવ્યું કે સક્સેશન મુજબ આવી મિલ્કત મરનારના બાળકોને એટલે કે પુત્ર કે પુત્રીને મળશે. આને કારણે પતિને આવા વારસામાંથી બાકાત રાખવામાં આવ્યા છે. વારસાઈમાં પતિના મૃત્યુ બાદ વિધવા માતાએ પુનઃ લગ્ન કરેલાં. ત્યારબાદ પુત્રનું મૃત્યુ થયું. આ સંજોગોમાં વિધવા માતા તેણીની પુત્રી દ્વારા છોડવામાં આવેલ મિલ્કતનો વારસો મેળવવા હક્કદાર છે કારણ કે તેણી પરિશિષ્ટના વર્ગ-૧ માં સમાવેશ થાય છે. તેથી છુટાછેડાની કે પુનઃ લગ્નની આવી કોઈ અડચણ પેદા થતી નથી.

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૮ ઉપર)

# ડૉ. રોહિણીબેન છત્રાળા

અંજના પોમલ - અંજાર



આજની યુવા પેઢી શિક્ષણ પ્રત્યે ઘણી જ જાગૃત છે, જે ઘણી જ સારી બાબત છે. આમ છતાં પણ કચ્છ અને સૌરાષ્ટ્ર સ્થિત આપણા સમાજમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ મર્યાદિત જ છે. સમાજના ઉચ્ચ શિક્ષિત મહિલા ડૉ. રોહિણીબેન તથા તેમના પરિવારજનોનો પરિચય સમાજ માટે પ્રેરણાદાયક બની રહેશે.

પૂના સ્થિત ડૉ. રોહિણીબેન સંદીપભાઈ છત્રાળા, જે સ્વ. રમેશભાઈ કાંતિલાલ (જુનાગઢ)ના પુત્રવધૂ તથા નરેન્દ્રભાઈ ચુનીલાલ પરમાર (જામનગર)ના પુત્રી છે. તેઓ M.Sc. (Physics) તથા Ph.D. ની શૈક્ષણિક લાયકાત ધરાવે છે.

તેમના માતા શ્રીમતી નિર્મળાબેન (ગ્રેજ્યુએટ ઇન સાઇકોલોજી) છે તથા તેમના પિતા નરેન્દ્રભાઈ (M.Com.) સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના નિવૃત્ત ઓફિસર છે.

પિતાશ્રીની બેંકની સર્વિસ હોવાથી તેમણે પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ અલગ અલગ સ્થળેથી મેળવેલ અને ધોરણ-૧૨ (સાયન્સ) પછી જામનગરની ડી.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં બી.એસસી.નું એડમિશન લીધું. બી.એસસી. દરમ્યાન તેઓ દર વર્ષે જામનગર 'લાઇટ હાઉસ'માંથી મે-જૂનમાં ટેકનિકલ સમર ટ્રેનિંગ મેળવતા. બી.એસસી. ઇન ફિઝિક્સ રીસર્ચ લેબોરેટરીમાં સમર ટ્રેનિંગ માટે રેન્કર હોવાથી સિલેક્ટ થયેલ. તેઓએ M.Sc. ભૌતિકશાસ્ત્રના વિષય સાથે પૂરું કર્યું. તેઓએ B.Sc., M.Sc. દરમ્યાન સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બીજું સ્થાન મેળવ્યું. ત્યારબાદ આગળ સંશોધન માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ડૉ. કે.જી. કુબેરકર સરના રિસર્ચ પ્રોજેક્ટમાં સિલેક્ટ થયા. તે દરમ્યાન નેનો મટીરીયલ વિષય પર આંતરરાષ્ટ્રીય જરનલમાં ૧૭ સંશોધન પેપર્સ પ્રકાશિત કર્યા. તે ઉપરાંત Ph.D. દરમ્યાન તેઓએ મુંબઈ ખાતેની TIFR, BARC, IVAC ન્યુ દિલ્હી અને IISC બેંગ્લોર જેવા સુપ્રસિધ્ધ કેન્દ્રોની અવારનવાર મુલાકાત લેતા રહેતા. આ ઉપરાંત તેમણે સંશોધન પેપર્સ ૭ અલગ અલગ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સીસમાં રજૂ કર્યા. વર્ષ ૨૦૦૭માં તેમણે ૨૧ આંતરરાષ્ટ્રીય સંશોધન પત્રો સાથે Ph.D. ની ડિગ્રી મેળવી.

વર્ષ ૨૦૦૮માં અમરેલી ખાતે પોલિટેકનિક કોલેજમાં વ્યાખ્યાતા તરીકે સિલેક્ટ થયા. આ દરમ્યાન વર્ષ ૨૦૦૯માં તેમના લગ્ન પૂના મધ્યે સંદીપભાઈ છત્રાળા સાથે થતા તેઓ પૂના સ્થાયી થયા. ત્યારબાદ પૂનામાં કોલેજ ઓફ એન્જિનિયરીંગ - પૂને (COEP)માં તેમનું અધિવ્યાખ્યાતા તરીકે સિલેક્શન થયું. COEP કોલેજ સમગ્ર મહારાષ્ટ્રની ટોપ ટેન એન્જિનિયરીંગ કોલેજ છે. COEP યુનિવર્સિટી તેના અભ્યાસ અને કેમ્પસ માટે ભારતમાં સુપ્રસિધ્ધ છે. કોલેજમાં રેગ્યુલર સર્વિસ સાથે તેઓ સંશોધન કાર્ય સાથે જોડાયેલા છે. વર્ષ ૨૦૧૨માં તેમને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન UGC નો પ્રોજેક્ટ મળેલો. હજુ આગળ તેઓ નેનો મટીરીયલ અને એનર્જી સ્ટોરેજ ડીવાઈસીસમાં સંશોધન કરવા ઇચ્છે છે.

અભ્યાસ ઉપરાંત તેઓ ડ્રોઇંગ તથા નવી નવી વાનગીઓ બનાવવાનો શોખ ધરાવે છે. ડ્રોઇંગમાં તેઓને અભ્યાસ દરમ્યાન સ્કુલમાંથી ચેમ્પિયનશીપની ટ્રોફી મળેલ. હાલ વ્યસ્તતાના કારણે ડ્રોઇંગમાં ધ્યાન નથી આપી શકતા. તેઓએ ઘણા પેઇન્ટીંગ્સ તૈયાર કર્યા છે.

તેઓ જણાવે છે કે ઘરમાં ભગવાનની સેવા સાથે વડીલોનું પણ માન સન્માન થવું જોઈએ. જેનાથી બાળકો નાનપણથી જ મોટેરાઓનું યોગ્ય વર્તન જોઈ સારા સંસ્કાર મેળવે છે અને ઘરમાં નીતિ નિયમો પણ જળવાય છે. તેઓના ઘરમાં ઠાકોરજીની સેવા છે. સાથે ઉંમરલાયક તેમના દાદાજી સાસુની પણ સારસંભાળ રાખે છે.

વડીલોની સેવા ઉત્તમ છે, સાથે કઠિન પણ છે. ઉંમરની સાથે સ્વભાવમાં બદલાવ, નબળી યાદશક્તિ તેમજ સ્વાસ્થ્યને લગતા પ્રશ્નો પણ હોય છે. તેઓ શિક્ષિત હોવાની સાથે સારા સંસ્કાર પણ ધરાવે છે, તે તેમનું ઉદાહરણીય વ્યક્તિત્વ છે.

મહિલાઓ ગમે એટલા ઉચ્ચ હોદ્દા પર હોય તો પણ તેઓના ઘરની જવાબદારી તો તેમના પર જ હોય છે. તેઓ ઘરની જવાબદારી, બે નાના બાળકો, ઉંમરવાન દાદાજીની જવાબદારી સંભાળે છે. તે ઉપરાંત પતિના વ્યવસાયમાં પણ તેઓ સહકાર આપે છે.

તેઓ જણાવે છે કે અહીં પૂનામાં અગણિત કોલેજો છે. અહીં આપણા સમાજના વિદ્યાર્થીઓને એડમિશન તથા રહેવા માટે અન્ય કોઈ મુંઝવતા પ્રશ્નો હોય, તો તેઓ તેમનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકે છે.

તેમના પતિ B.E. (Civil Engineer) થયા. આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે તેઓએ ઘણો જ સંઘર્ષ કરેલો. તેઓ

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૫ ઉપર)

# નારી શક્તિ

**શ્રીમતી ક્રિષ્ના ઉદય કંસારા - નખત્રાણા**

***યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા ।***
***નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥***

ઈશ્વરની અદ્‌ભુત રચના એટલે નારી... જેમને સહનશીલતાની મૂર્તિ તરીકે ઓળખવામાં આવે છે અને સમાજ પણ એ ખૂબ જ સારી રીતે જાણે છે. એટલે જ નારીને નિયમોરૂપી ઘાટ આપવામાં આવે છે. માતા, પત્ની, દીકરી – આ ત્રણ સ્વરૂપમાં તેમનો ઢાંચો ઘડવામાં આવે છે... પણ જ્યારે કોઈ મૂર્તિમાં પ્રાણ પુરાઈ ગયા તો સમાજમાં તેનું અસ્તિત્વ સ્વીકારવામાં આવતું નથી. નારીની મર્યાદા ઘરના ઉંબરાની અંદર એમ તેને રોકવામાં આવી છે. પણ અત્યારની સ્થિતિ બદલાઈ છે, સમાજની નારીઓ બદલાઈ છે, પોતાના અસ્તિત્વ માટે લડે છે અને આગળ વધે છે. આપણા સમાજમાં પણ કોઈ ડોક્ટર બને છે તો કોઈ મહિલા સરપંચ... સ્ત્રી પુરૂષ સમોવડી બની છે. લગ્ન બાદ પણ ભણી છે અને પોતાનું ભવિષ્ય જાતે બનાવે છે. જે દર્શાવે છે કે આપણા સમાજમાં સ્ત્રીને એટલું જ મહત્ત્વ આપવામાં આવે છે, જેટલું પુરૂષોને.

***આપણા બંધારણમાં પણ હવે મહિલાઓ માટે ૫૦% અનામત આપવામાં આવ્યું છે અને સાથે પિતાની સંપત્તિમાં પણ બરાબરનો હક્ક મેળવે છે.***

આજના સમયમાં બધું બરોબર છે પણ એક વાતનું દુઃખ થાય છે કે જ્યારે દીકરીને પરણાવવાની વાત આવે છે ત્યારે દીકરીનું આણુંના નામે ઘણી બધી વસ્તુઓ - ભેટ સોગાદો જોઈને દીકરીને આંકવામાં આવે છે. એક સોનાનો સેટ તો હોવો જ જોઈએ, પહેરામણી તો કરવી જ પડશે. બધા વાટ જોઈને બેઠા હોય કે દીકરાના લગ્ન થશે અને વહુ આ લઈને આવશે. મારા ખ્યાલથી સમાજમાં આનો કાયદો બનાવવો જોઈએ, જે બધી જગ્યાએ એક જ લાગુ પડે... સગાઈ કે લગ્ન પણ જો સાદાઈથી કરે તો તાનાઓ દઈ સંભળાવવામાં આવે કે, સાદાઈથી લગ્ન કેમ કર્યા? એકની એક દીકરી છે તોય? અરે, તમે એ નથી જોતા કે દીકરીને આટલી ભણાવી છે, મહિને ૨૫,૦૦૦/- કમાય છે, એ પોતે પોતાનું ભવિષ્ય બનાવે છે. તો શા માટે દીકરીના મા-બાપને નીચું દેખાડવામાં આવે છે. તે સમયે મા-બાપ વિચારે છે કે દીકરીનો જન્મ ના થયો હોત તો સારૂં... કેમકે સમાજને સંતોષ જ નથી... સાસરાવાળા એ જોવા આવે કે વહુ માવતરેથી શું શું લઈને આવી છે. એ નથી જોતાં કે શું છોડીને આવી છે.

આ વસ્તુમાં સમાજના વિચારોમાં આધુનિકતા નથી આવી... જે આપણે મળીને વિચારવું જોઈએ અને ઉકેલ લાવવો જોઈએ. જ્યારે બધી રીતે સ્ત્રીને સ્વતંત્રતા મળશે ત્યારે જ સાચા અર્થમાં નારી શક્તિનો વિજય થશે.

# આજના વિદ્યાર્થીની મૂંઝવણો

**જૈમિની કે. સોની**

આજની શિક્ષણ પધ્ધતિ વિદ્યાર્થીને જીવનલક્ષી શિક્ષણ આપતી નથી. કેળવણી વગરના માત્ર પરીક્ષાલક્ષી શિક્ષણથી કોઈ અર્થ સરતો નથી. સાચી કેળવણી વિદ્યાર્થીને આદર્શ માનવ બનાવે છે. કેવળ પરીક્ષાલક્ષી શિક્ષણ વિદ્યાર્થીને પૈસાલક્ષી 'યંત્ર' બનાવે છે. આજકાલની શિક્ષણ પધ્ધતિ એવી છે કે નાની વયથી જ વિદ્યાર્થીને માથે પુસ્તકોનો ભાર આવી પડે છે. આથી વિદ્યાર્થી ગોખણપટ્ટીમાંથી જ ઊંચો આવતો નથી. આજના વિદ્યાર્થીનું એક જ લક્ષ્ય હોય છે - પરીક્ષામાં ઊંચી ટકાવારી મેળવવી. પરીક્ષામાં ઊંચી ટકાવારી મેળવવાની તેને સતત ચિંતા રહ્યા કરે છે. તે માટે તે અનેક પ્રકારના પ્રયત્નો કરે છે. તે શાળાના શિક્ષણ ઉપરાંત ખાનગી વર્ગમાં જાય છે કે ટ્યુશન રાખે છે. આથી જે મા-બાપની આર્થિક સ્થિતિ સારી નથી હોતી તે મુંઝવણમાં મૂકાઈ જાય છે. વળી કેટલાક મા-બાપ પોતાના સંતાનની ક્ષમતા કે રૂચિ ન હોવા છતાં તે ડૉક્ટર કે એન્જિનિયર બને તેવી અપેક્ષા રાખતા હોય છે. આથી વિદ્યાર્થી લાચાર બની જાય છે. તે સતત મુંઝવણ અનુભવે છે. તે કોઈને કશું કહી શકતો નથી કે સહી પણ શકતો નથી. આથી તે પરીક્ષામાં ઊંચી ટકાવારી મેળવવા માટે પેપરો ફોડવાથી માંડીને પરીક્ષામાં ચોરી કરવા સુધીના ઉપાયો અજમાવે છે. છતા ઊંચી ટકાવારી ન આવે કે તે નાપાસ થાય ત્યારે કેટલીક વાર આપઘાત પણ કરે છે.

વિદ્યાર્થી અભ્યાસ પૂરો કર્યા પછી પણ અનેક મુંઝવણો અનુભવે છે. તે હાથમાં પ્રમાણપત્રોની ફાઈલ લઈને નોકરી મેળવવા માટે અનેક સ્થળે ફર્યા કરે છે. પરંતુ મોટાભાગના વિદ્યાર્થીઓને નિરાશા જ સાંપડે છે. ઊંચી ટકાવારી મેળવેલી હોવા છતાં તેને ક્યાંય નોકરી મળતી નથી. તેને સર્વત્ર લાગવગ, લાંચ રુશવત અને ભ્રષ્ટાચારનો જ અનુભવ થાય છે. સામાન્ય ગુણવત્તા ધરાવતા ઉમેદવારને લાંચ અને લાગવગના જોરે નોકરી મળી જાય છે, જ્યારે ઊંચી ગુણવત્તા ધરાવતા પણ લાંચ અને લાગવગ વગરના ઉમેદવારને ક્યાંય નોકરી મળતી નથી. આથી તેને પોતાના જીવન અને જગત પર ધૃણા થાય છે. તેથી તેની સ્થિતિ ધોબીના કૂતરા જેવી થાય છે. તે મજૂરી કરી શકતો નથી અને તેને 'વ્હાઈટ કોલર જોબ' મળતી નથી.

***આજની શિક્ષણ પધ્ધતિ જીવનલક્ષી, વ્યવહારલક્ષી અને વ્યવસાયલક્ષી બને તો વિદ્યાર્થીની આ બધી મુંઝવણો ઓછી થાય.***

# હરિદ્વાર

પ્રો. રસિકભાઈ મહીચ્છા

*અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાંચી, અવંતિકા*
*પૂરીદ્વારાવતી ચૈવ સપ્તાતિતા મોક્ષદાયિકા.*

ગરૂડ પુરાણમાં એવા સાત પૌરાણિક શહેરોનો ઉલ્લેખ કરેલો છે કે જેના દર્શન માત્રથી મોક્ષ પ્રાપ્ત થાય છે. એ સાત શહેરો અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાંચી, અવંતિકા અને પૂરી છે. જેમાં માયા એટલે માયાપુરી એટલે કે આજનું હરિદ્વાર શહેર છે.

ઉત્તર હિમાલયની શિવાલિક પહાડીના વિસ્તારમાં આવેલું હરિદ્વાર એ હિંદુ ધર્મનું ખૂબ જ પ્રાચીન અને પૌરાણિક શહેર છે. હરિદ્વારના ઘણા નામો છે જેવા કે કપીલા અથવા કપીલસ્થાન, માયાપુરી, ગંગાદ્વાર વગેરે. પવિત્ર ગંગા નદી જ્યાંથી પર્વતરાજ હિમાલયને છોડી અને મેદાની વિસ્તારમાં પ્રવેશે છે તેને ગંગાદ્વાર અથવા હરિદ્વાર કહેવાય છે. હરિદ્વારને હરદ્વાર પણ કહેવાય છે. ભગવાન વિષ્ણુના ચરણપાદુકાની છાપ બ્રહ્મકુંડ છે. તેથી વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ હરિદ્વાર કહે છે. હર એટલે ભગવાન શિવ કે જેમણે ગંગાને પોતાની જટામાં સમાવી હતી. શિવ પંથીઓ હરદ્વાર કહેતા હોય છે પરંતુ બંને એક જ છે અને બંને સાચા છે.

હરિદ્વારનો સંદર્ભ છેક ઈશુ ખ્રિસ્તના જન્મ ૨૬૦૦ પૂર્વેથી પ્રાપ્ત છે. પહેલા સતયુગમાં સૂર્યવંશના પ્રતાપી રાજા ભગીરથે કે જેઓ ભગવાન રામના પ્રપૌત્ર હતા, તેમણે ઉગ્ર તપશ્ચર્યા કરીને ગંગાનું અવતરણ કરાવ્યું હતું. તેથી ગંગાને ભાગીરથી પણ કહેવાય છે. ભગીરથે આ ગંગાના પવિત્ર જળથી તર્પણ વિધિ કરીને તેમના ૬૦,૦૦૦ પૂર્વજોને મોક્ષ અપાવ્યો હતો. કહેવાય છે કે ત્યારે ભગવાન વિષ્ણુ સાક્ષાત્ પ્રગટ થયા હતા અને તેમના ચરણ કમળની છાપ બ્રહ્મકુંડમાં છોડી ગયા હતા. ત્યારબાદ અગસ્ત્ય ઋષિ તેમના સ્વરૂપવાન અને તત્ત્વવિદ્ પત્ની લોપામુદ્રા કે જે વિદર્ભની રાજકુમારી હતી તેમની સાથે હરિદ્વારમાં તપશ્ચર્યા કરી હતી. પુરાતત્ત્વવિદોના મતે હરિદ્વાર શહેર મૌર્યવંશમાં હસ્તી ધરાવતું હતું. હરિદ્વારના અસ્તિત્વનો પ્રથમ લેખિત પુરાવો ચીનના મહાન વિશ્વ યાત્રી હ્યુ-એન-ત્યાંગે લખેલી નોંધપોથી દ્વારા મળે છે. તેણે ઈશુના જન્મ બાદ ૬૨૯માં વર્ષે હરિદ્વારની મુલાકાત લીધી હતી. ત્યારે હરિદ્વારને માયાપુરી તરીકે જણાવ્યું હતું.

ત્યારબાદ ૧૩૩૬માં તૈમુર લંગે હરિદ્વાર પર આક્રમણ કરીને કબજે કરી લીધું હતું. ૧૪૬૯ના શીખ ધર્મગુરૂ નાનક દેવ હરિદ્વાર આવ્યા હતા અને બૈશાખી પર્વના દિવસે ગંગામાં સ્નાન કર્યું હતું. કનખલ પણ આવ્યા હતા એવા પુરાવા મળે છે. તેથી આજે પણ બૈશાખીના દિવસે મોટી સંખ્યામાં શીખ લોકો ગંગા સ્નાન કરવા આવે છે. મોગલ રાજા અકબર પણ હરિદ્વારની ગંગાના પવિત્ર જળના સ્નાન અને પાન કર્યા હતા. અબ્દુલ ફઝલ નામના ઈસ્લામિક વિદ્વાને ૧૬મી સદીમાં લખેલી આઈને-અકબરીમાં નોંધ્યું છે તે મુજબ હરિદ્વારનું નામ માયાપુરી હતું અને ભારત વર્ષમાં હિંદુ ધર્મના સાત પવિત્ર સ્થાનોમાં સર્વશ્રેષ્ઠ માયાપુરી હતું. અકબરે મોગલ રાજ્યની ટંકશાળની સ્થાપના પણ હરિદ્વારમાં કરી હતી કે જ્યાં મોગલ સિક્કાઓ છાપવામાં આવતા.

રાજા માનસિંહે આધુનિક શહેર હરિદ્વારનો વિધિસર પાયો નાખ્યો હતો અને હર-કી-પૈડીના ઘાટ બંધાવ્યા હતા. હિંદુ ધર્મનો અદ્ભુત અને વિશાળ સાંસ્કૃતિક વારસો ધરાવતું હરિદ્વાર શહેર હિંદુ ધર્મનું મક્કા ગણાવી શકાય. ભારતમાં જે ચાર સ્થળે પૂર્ણ કુંભ અને અર્ધ કુંભ મેળા યોજાય છે તેમાંનું એક હરિદ્વાર છે. નકશી કામવાળી હવેલીઓ, મંદિરો, ઘાટો અને આશ્રમોની તો અહીં ભરમાર છે. તમે પાંચ ફૂટ ચાલશો ત્યાં એકાદ મંદિર કે આશ્રમ આવી જશે. ચાર-પાંચ આશ્રમો અને મંદિરો જોયા બાદ એવું લાગશે કે કેટકેટલા મંદિરોમાં આપણે દર્શન કરવા જવું?

શરીર, મન અને આત્માના ઉત્થાન માટે સમગ્ર ભારતમાં હરિદ્વાર અદ્વિતીય શહેર છે. આયુર્વેદિક ઔષધીઓ અને જડીબુટ્ટીના સંશોધન કેન્દ્રો અહીં આવેલા છે. તેનું જ્ઞાન ધરાવતા વૈદાચાર્યો અને ઋષિમુનિઓ પણ અહીં વસેલા છે. વેદ અને વેદાંતોના જાણકાર બ્રાહ્મણો અને ઋષિમુનિઓ અહીં નીકળી આવે છે. સુપ્રસિધ્ધ ગુરૂકુળ કાંગડી વિશ્વવિદ્યાલય પણ હરિદ્વારમાં છે. આપણા સુવિખ્યાત યોગ ગુરૂ રામદેવ મહારાજનું પતંજલી યોગપીઠ દિલ્હી હરદ્વાર હાઈવે પર આવેલું છે. ત્યાં વિશાળ આયુર્વેદિક હોસ્પિટલ સ્થાપી છે અને પતંજલીના ઉત્પાદનો તૈયાર થાય છે. હરિદ્વાર સ્થિત આધુનિક અને અત્યંત વિશાળ પતંજલી આયુર્વેદિક દવાઓનું સંશોધન કેન્દ્રનું ઉદ્ઘાટન પ્રાઈમ મિનિસ્ટર શ્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ કર્યું છે.

એન્જિનિયરીંગના શિક્ષણ માટે રૂરકી એન્જિનિયરીંગ યુનિવર્સિટી હરિદ્વારની બિલકુલ નજીકમાં છે. હવે તે આઈ.આઈ.ટી. (રૂરકી)માં રૂપાંતર થઈ ગઈ છે. મહારત્ન પબ્લિક સેક્ટર યુનીત ટરીકે વિખ્યાત ભારત હેવી ઈલેક્ટ્રીકલ લિમિટેડ (BHEL) પણ અહીં આવેલું છે. આ રીતે હરિદ્વાર માત્ર ધર્મ, શ્રધ્ધા અને આસ્થાના પ્રતિક સમું ના રહેતાં આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનું પણ કેન્દ્ર છે.

હરિદ્વાર જવા માટે અમદાવાદથી સવારે ઉપડતી યોગા એક્સપ્રેસ સૌથી સારી ટ્રેન છે. જે બીજા દિવસે સાડા બાર વાગે હરિદ્વાર પહોંચાડે છે. અન્ય ટ્રેનોમાં દિલ્હી જઈને દિલ્હીથી હરિદ્વાર ટ્રેન અથવા બસમાં પણ જઈ શકાય છે. હરિદ્વારમાં રોકાણ કરવા માટે ઘણા વિકલ્પો છે. ફાઈવ સ્ટાર હોટેલોથી લઈને માત્ર નજીવા ખર્ચે રહેવાનું આપતા અનેક હોટેલો, આશ્રમો અને ધર્મશાળાઓ આવેલા છે. સ્ટેશનની નજીક હરિદ્વારનું ગુજરાતી સમાજ ભવન પણ આવેલું છે અને તેની આજુબાજુ ગુજરાતી હોટેલો અને રેસ્ટોરન્ટ્સ છે. અહીંથી હર-કી-પૌડી ચાલતા જઈ શકાય છે. ત્યાં સંધ્યા આરતીના દર્શન સરળતાથી કરી શકાય છે. મનસા દેવી, ચંડી દેવી, ઋષિકેશ અને ચાર ધામ યાત્રા માટેના અનેક પબ્લિક ટ્રાન્સપોર્ટ મળી રહે છે.

કચ્છના યાત્રિકો માટે હરિદ્વારના સપ્ત સરોવર માર્ગ પર ઓધવરામ અને વાલરામ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કચ્છી લાલ રામેશ્વર આશ્રમ પણ બિલકુલ નજીવા દરે રહેવા - જમવાની ઉત્તમ સગવડતા આપે છે. તે હરિદ્વાર રેલવે સ્ટેશનથી આઠ કિ.મી. દૂર છે. આશ્રમની સામે ગંગામાં સ્નાન કરવા માટેના ઘાટો બાંધેલા છે, જ્યાં શાંતિથી ગંગાસ્નાન કરી શકાય છે.

## હરિદ્વાર દર્શન

**૧. હર-કી-પૌડી :**



રાજા વિક્રમાદિત્યે તેના ભાઈની યાદ માટે સૌપ્રથમ હર-કી-પૌડીના ઘાટ બંધાવ્યા હતા. શહેરની મધ્યમાં જ છે. હવે તો ત્યાં હજારો યાત્રાળુઓ સ્નાન કરી શકે એવા સંખ્યાબંધ ઘાટ બાંધેલા છે. બ્રહ્મકુંડ પણ અહીં જ છે કે જ્યાં સમુદ્ર મંથનમાંથી ઉત્પન્ન થયેલા અમૃત કુંભના બિંદુઓ પડ્યા હતા. દરરોજ સંધ્યાકાળે ગંગા આરતી થાય છે. આ દરમ્યાન હજારોની સંખ્યામાં ઉમટેલા ભાવિકો ગંગાના વહેતા જળમાં દીપ પ્રાગટ્ય કરે છે ત્યારે અનોખું, અપ્રતીમ અને મનોરમ્ય દશ્ય રચાય છે. પરંતુ આ સ્થળે લોકોની ખૂબ જ ભીડ થાય છે. એટલે ખિસ્સા કાતરૂ અને લફંગાઓથી સાવધ રહેવું ખૂબ જરૂરી છે.

**૨. મનસાદેવી મંદિર :**

નાગરાજ વાસુકીની પત્ની મનસા દેવીનું અગિયારમી સદીનું પ્રાચીન મંદિર હર-કી-પૌડીની સામે આવેલી શિવાલિક પર્વતની ટેકરી પર આવેલું છે. એવું માનવામાં આવે છે કે મનસાદેવીના દર્શન કરવાથી આપણા મનની મનોકામના અવશ્ય પૂરી થાય છે. ત્યાં જવા માટે રોપ-વે ની સગવડતા પણ છે. મનસા દેવીના મંદિર પરથી સમગ્ર હરિદ્વારનું ખૂબ સુંદર વિહંગાવલોકન કરી શકાય છે.

**૩. ચંડી દેવી મંદિર**

ગંગા નદીને કિનારે નીલ પર્વતની ટોચ પર આવેલ ચંડી દેવીનું મંદિર કાશ્મીરના રાજા સુચતસિંઘે બંધાવ્યું હતું. સ્કંદ પુરાણમાં જણાવ્યા પ્રમાણે ચામુંડા માતાજીએ ચન્ડ અને મુન્ડ નામના અસૂરોનો સંહાર કર્યો હોવાથી ચંડી દેવી તરીકે ઓળખાય છે. અહીં પણ રોપ-વે છે. એટલે દર્શન કરવા માટે સરળતાથી શિખર પર જઈ શકાય છે.

**૪. માયાદેવી મંદિર**

અગિયારમી સદીમાં બંધાયેલું આ મંદિર પણ માતાજીનું અતિ પ્રાચીન મંદિર છે. માયાદેવી હરિદ્વારની અધિષ્ઠાત્રી દેવી છે અને સિધ્ધપીઠ ગણાય છે. તેની બાજુમાં નારાયણી શિલા અને ભૈરવનાથનું મંદિર પણ આવેલું છે.

**૫. કનખલના મંદિરો**



કનખલ પહેલાં અલગ ગામ હતું પરંતુ હવે તે હરિદ્વારનો જ એક ભાગ છે. કનખલમાં દક્ષેશ્વર મહાદેવનું અતિ પ્રાચીન અને પૌરાણિક મંદિર આવેલું છે. કનખલ પાસે આવેલ ઘાટને કુશાવર્ત ઘાટ કહેવાય છે. અહીંથી ગંગાની મુખ્ય ધારા પસાર થાય છે. તેથી તેનો પ્રવાહ ખૂબ તેજ છે.

મહાભારતના વન પર્વમાં તેમજ કવિ કાલીદાસના મેઘદૂત મહાકાવ્યમાં પણ કનખલનો પવિત્ર તીર્થ તરીકે ઉલ્લેખ પ્રાપ્ત છે. સ્વામી વિવેકાનંદના શિષ્યા વિદૂષી સિસ્ટર નિવેદીતાના પ્રવાસ વર્ણનમાં પણ કનખલનો સંદર્ભ છે. આ સિવાય પણ કનખલમાં અનેક નાના મોટા મંદિરો છે. રામકૃષ્ણ મિશન અને મા આનંદમયીના આશ્રમો પણ અહીં આવેલા છે.

પૌરાણિક સતી કુંડ પણ અહીં કનખલમાં છે. દક્ષ પ્રજાપતિના પુત્રી અને ભગવાન શિવના પ્રથમ પત્ની સતીએ જે યજ્ઞકુંડમાં બલિદાન આપ્યું હતું તે સતી કુંડ પણ અહીં આવેલું છે.

કનખલમાં ગુરૂકુળ કાંગડી વિશ્વ વિદ્યાલય ગંગા નદીના કિનારે આવેલું છે. ગુરૂકુળ પરંપરા ધરાવતી ભારતની આ સૌથી જૂની યુનિવર્સિટીની સ્થાપના ૧૯૦૨માં દયાનંદ સરસ્વતીના શિષ્ય સ્વામી શ્રધ્ધાનંદજીએ કરી હતી. મહાત્મા ગાંધીજીને આ વિશ્વ વિદ્યાલયનું ગંગા કિનારે શાંત અને પવિત્ર વાતાવરણ પ્રિય હતું અને ત્રણ વખત મુલાકાત લીધી હતી.

### ૬. શાંતિકુંજ

પંડિત શ્રી રામ શર્મા આચાર્ય દ્વારા પ્રસ્થાપિત ગાયત્રી પરિવારનો વિશાળ શાંતિ કુંજ આશ્રમ પણ ખૂબ જ સુંદર છે. તે કચ્છી લાલમેશ્વર આશ્રમ અને ભારત માતા મંદિરની નજીકમાં છે. અહીં પણ ગાયત્રી પરિવારના ઉપાસકો માટે રહેવાની સગવડ છે અને ગાયત્રી મંત્રના જાપ અને ગાયત્રી યજ્ઞ નિયમિતરૂપે થાય છે.

### ૭. ભારત માતાનું મંદિર

સ્વામી સત્યામિત્રાનંદજી દ્વારા સ્થાપિત સપ્ત સરોવર માર્ગ પર આવેલ આઠ માળનું ભારત માતાનું મંદિર પણ જોવા જેવું છે. ઈંદીરા ગાંધીએ ૧૯૮૩માં તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ભારત માતાના મંદિરના પાછળના ભાગે કચ્છી આશ્રમ આવેલું છે.

## ઋષિકેશ દર્શન

હરિદ્વાર આવીએ ત્યારે ઋષિકેશ તો જવું જ જોઈએ કારણકે મનોરમ્ય ઋષિકેશ હરિદ્વારથી માત્ર ૨૦ કિ.મી. દૂર છે. ઋષિકેશ પણ પૌરાણિક મહત્ત્વ ધરાવતું યાત્રાનું સ્થળ છે. કહેવાય છે કે ભગવાન શ્રી રામ અને શ્રી લક્ષ્મણે રાવણ સાથે યુધ્ધ કરતા પહેલાં અહીં આવીને ગંગા કિનારે તપશ્ચર્યા કરી હતી. ઋષિકેશ ગઢવાલ હિમાલયનું પ્રવેશદ્વાર છે. અહીંથી ચારધામ, વેલી ઓફ ફ્લાવર, હેમકુંડ સાહેબ વગેરે સ્થળોએ જવાય છે. પર્વતારોહણ, ટ્રેકિંગ અને રીવર રાફ્ટિંગ જેવી સાહસિક પ્રવૃત્તિઓનું મોટું કેન્દ્ર છે. તેના માટે ઘણી વ્યવસાયિક સંસ્થાઓ પણ આવેલી છે.

### ૧. લક્ષ્મણ ઝુલા અને રામ ઝુલા

ગંગા નદી પાર કરવા માટે લક્ષ્મણે દોરડાનો પૂલ બાંધ્યો હતો. પાછળથી આ જ પૂલ સ્ટીલના રોપથી બાંધવામાં આવ્યો અને હવે તો આધુનિક એન્જિનિયરીંગ ડિઝાઈન અને કન્સ્ટ્રક્શનથી નિર્માણ થયેલો સસ્પેન્શન બ્રિજ છે. ત્યારબાદ વધતા જતા ટ્રાફિકને કારણે બીજો સસ્પેન્શન બ્રિજ પણ બાંધવામાં આવ્યો કે જેને રામ ઝુલા નામ અપાયું છે. અહીં ગંગા, યમુના અને સરસ્વતી નદીઓના સંગમ પર ત્રિવેણી ઘાટ છે અને ઘણા જોવાલાયક સ્થળો પૈકીના ખાસ જોવાલાયક સ્થળો આ પ્રમાણે છે.

### ૨. ત્રિવેણી ઘાટ

ગંગાની ત્રણ ધારા પરના સંગમ પર આ ઘાટ બાંધેલ હોવાથી ત્રિવેણી ઘાટ કહે છે. ઋષિકેશનો સૌથી મોટો ઘાટ છે. અહીં સંધ્યા સમયે ગંગા આરતી થાય છે. લક્ષ્મી નારાયણ મંદિર અને ગીતા મંદિર પણ અહીં આવેલા છે. ગંગા નદીમાં બોટીંગ કરવા માટે બોટ સર્વિસ પણ અહીં છે.

### ૩. પરમાર્થ નિકેતન

ઋષિકેશમાં સૌથી મોટું આશ્રમ છે અને યોગનું મોટું કેન્દ્ર છે. ભારતભરના યાત્રિકો માટે રહેવા અને જમવાની વ્યવસ્થા પૂરી પાડે છે. અહીં પણ ગંગા આરતી થાય છે.

### ૪. ગીતા ભવન

ગંગા નદીના કિનારે આવેલું એક વિશાળ પરિસર છે. ગીતા સાહિત્યની વિશાળ લાઈબ્રેરી પણ છે. અહીં પણ યાત્રિકોને રહેવા માટેની વ્યવસ્થા છે.

### ૫. નીલકંઠ મહાદેવ મંદિર

ઋષિકેશથી ૩૨ કિ.મી. દૂર નર નારાયણ પર્વતની શૃંખલામાં ૧૩૩૦ મીટરની ઊંચાઈ પર આવેલું ભગવાન શંકરનું આ બેનમૂન શિલ્પ સ્થાપત્ય ધરાવતું આ મંદિર જોવા જેવું છે. કહેવાય છે કે સમુદ્ર મંથન દરમ્યાન ઉત્પન્ન થયેલ હળાહળ વિષને મહાદેવજીએ પોતાના કંઠમાં ધારણ કર્યું હોવાથી તેઓ આ સ્થળે નીલકંઠ થયા હતા.

### ૬. મુની કી રેતી

ઋષિકેશની બિલકુલ નજીક મુની કી રેતી નાનું અલગ નગર પંચાયત ધરાવતું ગામ છે. અહીં પણ ઘણા આશ્રમો આવેલા છે. એક જમાનામાં પ્રખ્યાત અને હાલ બંધ થઈ ગયેલો મહર્ષિ મહેશ યોગીનો આશ્રમ અહીં હતો. અહીં જોહન લેનન અને તેના બીટલ્સ બ્રધર્સ આવ્યા હતા અને તેના વ્હાઈટ આલ્બમના તમામ સોન્ગ્સની રચના કરી હતી. સુવિખ્યાત સ્વામી શિવાનંદનો આશ્રમ અહીં છે.

આ રીતે હરિદ્વાર ઋષિકેશની યાત્રા પૂરી કરીને યોગા એક્સપ્રેસ દ્વારા અમદાવાદ પરત આવી ગયા.

# સમસ્ત કંસારા સમાજ અગ્રણીઓની કચ્છમાં સંપર્ક યાત્રા

**અતુલ સોની**

ગુજરાતમાં વસતા કંસારા સમાજના પરિવારોને સાંકળતી સંસ્થા સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના અગ્રણીઓએ તા. ૨૭ તથા ૨૮ મે, ૨૦૧૭ના રોજ કચ્છ સ્થિત શ્રી મારૂ કંસારા સોની સમાજના અગ્રણીઓની શુભેચ્છા મુલાકાત લીધેલ. અમદાવાદથી શ્રી બટુકભાઈ કંસારા (પ્રમુખશ્રી), શ્રી રાજેશભાઈ કંસારા (પ્રમુખશ્રી ધાતુ પરિવાર), શ્રી મેહુલભાઈ ખાખી (માનદ્ મંત્રી), શ્રી ભરતભાઈ શેઠ તથા શ્રી અનંતરાય શેઠ (કન્વીનર - મેરેજ બ્યુરો)એ ભુજ તથા અંજારની મુલાકાત લીધેલ. તેમની સાથે સમસ્ત કંસારા સમાજના કારોબારી સભ્ય તથા અમદાવાદ જ્ઞાતિના માનદ્ મંત્રી શ્રી અતુલ સોની (તંત્રીશ્રી – જ્ઞાતિસેતુ) હાજર રહેલ.



*ભુજ જ્ઞાતિ પ્રમુખના નિવાસ સ્થાને મહેમાનોનું સ્વાગત*

સૌપ્રથમ આ પ્રતિનિધિ મંડળે ભુજના નવનિયુક્ત પ્રમુખ શ્રી જગદીશભાઈ દયારામ ચૌહાણના નિવાસ સ્થાને જઈ તેમને શુભેચ્છા આપેલ. શ્રી જગદીશભાઈ દ્વારા રાખવામાં આવેલ રાત્રી ભોજનમાં મહેમાનો સાથે ભુજ જ્ઞાતિના માનદ્ મંત્રી શ્રી શાંતિલાલ સોની (તંત્રીશ્રી – હેમલેખા) તથા ખજાનચી શ્રી નીતિનભાઈ હેડાઉ વિશેષ ઉપસ્થિત રહેલ. ત્યારબાદ ભુજ લગ્નવાડી ખાતે મહેમાનોને આવકારવા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં ભુજ જ્ઞાતિના હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા અગ્રણીઓ ઉપસ્થિત રહેલ. સભાને સંબોધતા શ્રી રાજેશભાઈ કંસારાએ સમસ્ત કંસારા સમાજ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓની માહિતી આપી. તે ઉપરાંત તેમની વર્ષો અગાઉની ભુજ સમાજ સાથે મુલાકાતની યાદ તાજી કરેલ. શ્રી ભરતભાઈ શેઠ દ્વારા સમસ્ત કંસારા સમાજ દ્વારા ચાલતા મુખપત્ર "કંસારા ટાઈમ્સ" વિશે માહિતી આપેલ. ભુજ જ્ઞાતિના માનદ્ મંત્રી શ્રી શાંતિલાલ સોનીએ સમાજ પ્રવૃત્તિઓ વિશે અવગત કરાવતા સમાજ દ્વારા ચાલતા મુખપત્રો "જ્ઞાતિસેતુ" તથા "હેમલેખા" વિશે જણાવેલ. આ પ્રસંગે ભુજના પૂર્વ પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકીએ ભાવવાહી શૈલીમાં ભૂકંપ સમયે સમસ્ત કંસારા સમાજની અગ્રણીઓએ મુલાકાત લઈ, જે સહૃદયતા દાખવેલ તેનો વિશેષ ઉલ્લેખ કરેલ. આગામી સમયમાં ધાતુ પરિવાર ટ્રસ્ટ દ્વારા ઉચ્ચ શિક્ષણના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં



*સમસ્ત કંસારા સમાજના હોદ્દેદારો અંજાર જ્ઞાતિ અગ્રણીઓ સાથે*

આવશે તેવી માહિતી આપવામાં આવેલ તથા કચ્છના વિદ્યાર્થીઓ તેનો લાભ લે તેવી અપીલ કરવામાં આવેલ.

ભુજ જ્ઞાતિના અગ્રણી શ્રી મહેશભાઈ કંસારાએ ધાતુ પરિવાર દ્વારા અગાઉ યોજવામાં આવેલ શૈક્ષણિક સન્માન કાર્યક્રમના અનુભવની વાત કરી તેમના વ્યવસ્થાપનની પ્રશંસા કરેલ. શ્રી અતુલ સોનીએ સામાજીક ક્ષેત્રે કામ કરતી વિવિધ સંસ્થાઓ વચ્ચેના સહકારની જરૂરિયાત દર્શાવેલ. ભુજ સમાજના પ્રમુખ શ્રી જગદીશભાઈ ચૌહાણે સમસ્ત કંસારા સમાજ અગ્રણીઓની મુલાકાતને આવકારી તેને ઉપયોગી જણાવેલ. સમાજના વિવિધ આગેવાનોએ પણ આ મુલાકાતથી પરસ્પર સહકાર વધશે તેવી લાગણી વ્યક્ત કરેલ.

કચ્છની આ ઉષ્માપૂર્ણ મુલાકાતના બીજા દિવસે અંજાર જ્ઞાતિ દ્વારા મહેમાનોને આવકારવા વિશેષ મીટીંગનું આયોજન કરવામાં આવેલ. અંજાર જ્ઞાતિના પ્રમુખ શ્રી ફોરમભાઈ સોનીએ મહેમાનોને આવકારતા અંજાર સ્થિત નિર્માણ પામી રહેલ સમાજવાડીના પ્રોજેક્ટની માહિતી આપેલ. શ્રી રાજેશભાઈ કંસારાએ અંજાર જ્ઞાતિના યુવા કાર્યકર્તાઓની હિંમત અને સાહસને બિરદાવતા સમાજવાડી નિર્માણ કાર્યની પ્રશંસા કરેલ. વિશેષમાં તેઓએ સમસ્ત કંસારા સમાજ તથા સ્થાનિક સમાજ વચ્ચેનો સંપર્ક વધશે તેવી આશા વ્યક્ત કરેલ. આ પ્રસંગે અંજાર જ્ઞાતિના અગ્રણીઓ શ્રી નવીનભાઈ સોની, શ્રી પ્રકાશભાઈ બારમેડા, શ્રી ઈશ્વરલાલ કંસારા, શ્રી કિરણભાઈ સોની, શ્રી અનિલભાઈ બગ્ગા, શ્રી જગદીશભાઈ છત્રાળા, શ્રી કિશોરભાઈ બુધ્ધભટ્ટી, શ્રી શાંતિલાલ કંસારા, શ્રી ભરતભાઈ કંસારા, શ્રી શૈલેષભાઈ સોની તથા મહિલા મંડળ અગ્રણીઓ શ્રીમતી પીન્કીબેન કટ્ટા, શ્રીમતી અંજનાબેન તથા કુ. પૂજા બારમેડા વિશેષ ઉપસ્થિત રહેલ.

સમગ્ર પ્રવાસના આયોજન માટે સમસ્ત કંસારા સમાજના કારોબારી સભ્ય તથા ભુજ સમાજના અગ્રણી શ્રી અનિલભાઈ છત્રાળાએ વિશેષ ઉલ્લેખનીય સહયોગ આપેલ. સમસ્ત કંસારા સમાજના પ્રમુખ શ્રી બટુકભાઈ કંસારાએ ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી જગદીશભાઈ ચૌહાણ તથા અંજાર જ્ઞાતિ પ્રમુખ શ્રી ફોરમભાઈ સોનીને સમસ્ત કંસારા સમાજની કારોબારી સમિતિમાં કાયમી આમંત્રિત તરીકે જોડાવવા આમંત્રણ આપેલ, જેનો સહર્ષ સ્વીકાર કરવામાં આવેલ.

સમગ્ર શુભેચ્છા મુલાકાતનો પ્રવાસ ખૂબ સફળ બની રહ્યો.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

### નવનિયુક્ત હોદ્દેદારો તથા કારોબારી સભ્યો



**પ્રમુખ**
**શ્રી જગદીશભાઈ દયારામ ચૌહાણ**



**ઉપપ્રમુખ**
**શ્રી સુનીલભાઈ માધવજી પોમલ**




**મંત્રી**
**શ્રી શાંતિલાલ એમ. સોની (બારમેડા)**



**સહમંત્રી**
**શ્રી મહેશભાઈ કાંતિલાલ બારમેડા**



**ખજાનચી**
**શ્રી નીતિનભાઈ અમૃતલાલ હેડાઉ**



**સહ ખજાનચી**
**શ્રી રાજેન્દ્રભાઈ વિશનજી બુધ્ધભટ્ટી**

***કારોબારી સભ્યો :***

શ્રી ચંદ્રકાંત જટુભાઈ ચનાણી
શ્રી દિલીપભાઈ કાનજી બગ્ગા
શ્રી પ્રાણલાલ મનજી બુધ્ધભટ્ટી
શ્રી ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા
શ્રી મુળજી નાનાલાલ કટ્ટા
શ્રી દયારામ મગનલાલ પોમલ
શ્રી અનિલભાઈ કેશવલાલ છત્રાળા
શ્રી બકુલ જેન્તીલાલ ગુજરાતી
શ્રી ભૂપેન્દ્ર શિવજી બુધ્ધભટ્ટી
શ્રી બીપીન મુળજી પરમાર
શ્રી ભરતભાઈ હિંમતલાલ બગ્ગા
શ્રી સંજીવ અરવિંદ બુધ્ધભટ્ટી
શ્રી ત્રિલોકભાઈ કીર્તિભાઈ સોલંકી
શ્રી રાજેશભાઈ શામજીભાઈ બુધ્ધભટ્ટી
શ્રી હર્ષદભાઈ ધનજી બુધ્ધભટ્ટી
શ્રી કમલેશભાઈ કાંતિલાલ બુધ્ધભટ્ટી
શ્રી અશોક જેન્તીભાઈ બુધ્ધભટ્ટી
શ્રી નવીનભાઈ જમનાદાસ બારમેડા
શ્રી હસમુખભાઈ કેશવલાલ મૈચા
શ્રી મુકેશભાઈ લખમશી બારમેડા
શ્રી હિતેશભાઈ ધીરજલાલ પોમલ
શ્રી ચંદ્રકાંત ચમનલાલ ગુજરાતી
શ્રી વિનોદભાઈ શાંતિલાલ ગુજરાતી
શ્રી મહેશભાઈ હરિલાલ સાકરીયા
શ્રી અરવિંદભાઈ કાંતિલાલ બારમેડા

# શ્રી માંડવી મારૂ કંસારા સોની જ્ઞાતિ

વિનોદ હેડાઉ


## માંડવી જ્ઞાતિનું નેતૃત્વ યુવાનોને સમર્પણ

તા. ૧૩-૩-૨૦૧૭ને સોમવાર, ધુળેટી, ફાગણ વદ-૧ ના રાત્રે ૯.૩૦ કલાકે શ્રી કાલીકા માતાજીના મંદિરમાં જનરલ સભાનું આયોજન કરવામાં આવ્યું. દર વર્ષે ધૂળેટીના દિવસે જનરલ સભાનું આયોજન, એ માંડવી જ્ઞાતિની પરંપરા રહી છે. જેમાં જ્ઞાતિના વાર્ષિક હિસાબોની રજુઆત તથા જ્ઞાતિજનોના પ્રશ્નોનું નિરાકરણ આવે એ હેતુએ આજની જનરલ સભામાં હિસાબોની રજુઆત કરતાં પહેલાં શ્રી શિવલાલ ગંગાધર બીજલાણી છેલ્લા પચ્ચીસ વર્ષતી જ્ઞાતિની સેવા સાથે સંકળાયેલા – પાંચ-સાત વર્ષથી પ્રમુખપદે તથા ટ્રસ્ટ મંડળમાં સેવા આપતા જ્ઞાતિની ઉન્નતિના દરેક કાર્યમાં તન-મન - ધનથી સાથ-સહકાર માટે સદાય તત્પર રહેતા કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાનું તા. ૩૧-૨-૨૦૧૭ના રોજ નિધન થતાં તેમની સેવાની કદર સ્વરૂપે ઉપસ્થિત જ્ઞાતિજનોએ બે મિનિટનું મૌન પાળીને શ્રધ્ધાસુમન અર્પણ કરી તેમણે કરેલ સેવાનું ઋણ અદા કર્યું. વાર્ષિક હિસાબોની રજૂઆત મંત્રી દ્વારા કરવામાં આવી. તેમજ પોષ સુદ ચૌદસના માતાજીના પાટોત્સવમાં સમાજ તરફથી મળતા માતબર સહયોગ આપનારનો આભાર માનવામાં આવ્યો.

શ્રી હરેશભાઈ બારમેડા જ્ઞાતિના પ્રમુખપદે છેલ્લા ચાર-પાંચ વર્ષથી સેવા આપતા પોતાના કાર્યકાળને બહુ જ સુચારૂ રીતે ચલાવીને જ્ઞાતિને પ્રગતિના પંથે અગ્રેસર કરવા પોતાનો કિંમતી સમયનો ભોગ આપેલ છે. તેને માંડવી જ્ઞાતિ ક્યારેય પણ ભૂલી શકશે નહીં. જ્ઞાતિ વધુને વધુ પ્રગતિ કરે એવા સંકલ્પ સાથે પોતાના કાર્યકાળ પર પૂર્ણવિરામ મૂકી નૂતન પ્રમુખની વરણી કરવા અંગે પ્રસ્તાવ મૂક્યો, જેનો સૌએ સ્વીકાર કર્યો. પરંતુ પ્રમુખની પસંદગી તેમના દ્વારા થાય એવું કારોબારી તથા જ્ઞાતિજનોએ સૂચન કર્યું અને તેમની પસંદગી મુજબ શ્રી રમેશ વાલજી બીજલાણી અત્યારના સમયના પ્રમુખપદ માટે સૌથી વધુ યોગ્યતા ધરાવે છે. તેઓ દસ-બાર વર્ષથી કારોબારીમાં મહત્ત્વના હોદ્દાઓ પર સેવા આપતા રહ્યા છે અને તેનો કરજ ચૂકવવાનો આનાથી ઉમદા મોકો થઈ શકે નહીં તેવું શ્રી હરેશભાઈએ જણાવ્યું.

માંડવી જ્ઞાતિનો વહીવટ વર્ષોથી વડીલોના માર્ગદર્શન તથા તેમના નિર્ણયોને આધીન ચાલતું અને તે સમયોચિત હતું પરંતુ છેલ્લા દસ-પંદર વર્ષતી નેતૃત્વ યુવાનોના હાથમાં સોંપવામાં આવ્યું હતું અને તેમના દ્વારા સારી રીતે ચાલતું રહ્યું છે તે નિર્વિવાદ સત્ય છે. જેના અનુસંધાને પ્રમુખશ્રી હરેશભાઈએ પ્રમુખપદ શ્રી રમેશભાઈને સોંપતા જણાવ્યું કે રમેશભાઈના માર્ગદર્શન હેઠળ જ્ઞાતિ ઉત્તરોત્તર વધુને વધુ પ્રગતિ કરશે એવી આશા તથા જ્ઞાતિજનોએ તેમનો આ નિર્ણય સમયને અનુરૂપ અને યથાયોગ્ય છે. પ્રમુખશ્રી અને જ્ઞાતિજનોના નિર્ણયને શ્રી રમેશભાઈએ માન્ય રાખી પ્રમુખપદનો સ્વીકાર કરતાં પોતાના પ્રથમ વક્તવ્યમાં જણાવ્યું કે મારા દાદા પચ્ચીસેક વર્ષ સુધી સમાજમાં પટેલપદે રહીને સેવા કરેલ છે અને આજે ફરીને એ જ પદ ગ્રહણ કરવાનું મને સદ્‌ભાગ્ય સાંપડ્યું છે. 'મદ રહિત પદમાં જ માનવ જીવનની સાર્થકતા સમાયેલી છે' – આવા વિચારો સાથે સમાજના સાથ સહકારથી જ જ્ઞાતિની પ્રગતિ કોઈ પણ કાળે રોકી નહીં શકાય. પોતાના ઉપર મૂકેલા વિશ્વાસ બદલ સમાજનો આભાર વ્યક્ત કરી નૂતન કારોબારીની રચના ઉપસ્થિત સભ્યોમાંથી કરવામાં આવી. નૂતન કારોબારીનો ઉપસ્થિત જ્ઞાતિજનોએ સહર્ષ સ્વીકાર કરી આજની જનરલ સભાના કાર્યક્રમને વિરામ આપવામાં આવ્યો.

### નૂતન કારોબારીની વરણી (વર્ષ ૨૦૧૭)



**શ્રી રમેશ બીજલાણી**
**પ્રમુખ**



**શ્રી સુરેશ સોલંકી**
**ઉપપ્રમુખ**




**શ્રી વિનોદ હેડાઉ**
**મંત્રીશ્રી**



**શ્રી હરેશ બારમેડા**
**ખજાનચી**



**શ્રી પ્રવીણ સોલંકી**
**સહમંત્રી**



**શ્રી ચંદુલાલ બીજલાણી**
**સહ ખજાનચી**

**• કારોબારી સભ્યો •**

શ્રી આનંદ જેઠાલાલ બુધ્ધભટ્ટી
શ્રી નિરંજન દેવજી બુધ્ધભટ્ટી
શ્રી ગૌતમ મેઘજી હેડાઉ
શ્રી પરેશ શિવલાલ બીજલાણી
શ્રી અરવિંદ પોપટલાલ શકરીય
શ્રી પરેશ સૂર્યકાંત બુધ્ધભટ્ટી

# શ્રી મારૂ કંસારા સોની સમાજ મહિલા મંડળ - રાયપુર

કિરણ બારમેડા

## રાયપુરમાં સમર કેમ્પ - ૨૦૧૭

તાજેતરમાં શ્રી મારૂ કંસારા સોની સમાજ મહિલામંડળ - રાયપુર દ્વારા સમર કેમ્પ - ૨૦૧૭નું આયોજન શ્રીમતી કિરણબેન દીપકકુમાર બારમેડાની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું.

સમર કેમ્પ યોજવાનો મૂળ હેતુ સમાજની જ બહેનો દ્વારા પ્રશિક્ષણ અપાવી વિવિધ કળાઓ જાણતી સમાજની બહેનો અને દીકરીઓને પ્રોત્સાહિત કરવા.






સમર કેમ્પમાં પ્રથમ દિવસે કેક આઈસિંગનું પ્રશિક્ષણ કુ. નેહા વિનોદભાઈ પોમલે આપ્યું. જેમાં નેહાએ બાળકોના જન્મદિવસ, સગાઈ, લગ્નની વર્ષગાંઠ જેવા પ્રસંગો પર બનતી કેક પર સુંદર ડિઝાઈનોમાં આઈસિંગ કરીને બતાવ્યું. જેમાં ફ્લાવર્સ, કાર્ટુન્સ, ચોકલેટ જેવી વસ્તુઓ બનાવીને બધાને ચકિત કરી દીધા. નેહાએ બહેનોને આઈસિંગ ડિઝાઈનની ટેકનિક શીખવી. આ પ્રશિક્ષણ સૌને ખૂબ જ ગમ્યું. નેહા અનેક પ્રસંગો માટે ઘરમાં જ ઓર્ડરથી સુંદર કલાત્મક કેક બનાવે છે અને પ્રશિક્ષણ પણ આપે છે.

કુ. દૃષ્ટિ બારમેડાએ સ્કીન કેર અને બ્યુટી ટીપ્સમાં ચહેરા પર થતા દાગ, બ્લેક હેડ્સ, પિમ્પલ્સ, રીંકલ્સ જેવી સમસ્યાઓનું સમાધાન કરવાના અનેક ઘરેલું ઉપાયો બતાવ્યા તથા ત્વચાને ચમકતી રાખવા તથા રોજિંદા જીવનમાં ત્વચા માટે થોડો સમય આપીને કેવી રીતે હંમેશાં યુવાન દેખાઈ શકીએ, એની ટીપ્સ આપી અને પ્રોડક્ટની જાણકારીની સાથે એને વાપરવાની રીતો જેવી અનેક ટીપ્સ આપી. સાથે જ પ્રશિક્ષણ લેનાર બહેનોનાં સ્કીન પ્રોબ્લેમ્સના સવાલોના ખૂબ જ સંતોષજનક જવાબો દૃષ્ટિએ આપ્યા હતા. આ કાર્યક્રમ સમય મર્યાદાથી પણ વધુ સમય ચાલ્યો હતો. દૃષ્ટિએ મુંબઈથી બ્રાઈડલ એન્ડ એર-બ્રશ મેક-અપનો કોર્સ કર્યો છે.

નીતાબેન નીલેશભાઈ બુધ્ધભટ્ટી દ્વારા રોજ યોગા અને મેડિટેશનનું પ્રશિક્ષણ અપાતું હતું. જેમાં બહેનો પ્રાણાયામ, ધ્યાન, સૂર્ય નમસ્કાર જેવા યોગ શીખી રહી હતી. નીતાબેન યોગા કરાવતી વખતે દરેક કસરતના ફાયદા તથા શરીરના કયા ભાગના દુઃખાવા માટે કઈ કસરત કરવી? કેમ કરવી? એ બધી જ જાણકારી ખૂબ જ સ્પષ્ટ અને સરળ રીતે આપી રહ્યા હતા. નીતાબેન સર્ટીફાઈડ યોગા પ્રશિક્ષક છે.

અંતિમ દિવસે સમાજની બહેનોની માંગને અનુસરી, માઈક્રોવેવ કૂકિંગનું આયોજન કર્યું હતું. જેમાં માઈક્રોવેવ કંપની દ્વારા પ્રશિક્ષિત ટ્રેનરે નાનખટાઈ, ખાંડવી, કલાકંદ, પનીર બટર મસાલા જેવી ચૌદ જેટલી વાનગીઓ એક પછી એક ઝડપથી માઈક્રોવેવમાં બનાવીને દેખાડી. સાથે માઈક્રોવેવમાં ઓછા સમયમાં અને પરફેક્ટ વાનગીઓ બનાવવાની ટીપ્સ પણ આપી. માઈક્રોવેવ વાપરવાની રીત, સાફસફાઈ અને પ્રોડક્ટની જાણકારી આપી. સ્વાદ અને સુગંધના આ પ્રશિક્ષણ લેવામાં બધી બહેનોને ખૂબ જ આનંદ આવ્યો.

આમ સમર કેમ્પમાં નવી નવી વાનગીઓ, સૌંદર્યની ટીપ્સ સાથે કેક આઈસિંગ જેવી ક્લાસીસમાં બહેનોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો.

એ સિવાય ડ્રોઈંગ, પેઈન્ટીંગ, કાર્ડ મેકિંગ, જ્વેલરી મેકિંગ, ગીફ્ટ રેપિંગનું પ્રશિક્ષણ પણ આ સમર કેમ્પમાં આપવામાં આવ્યું હતું.

આયોજનમાં કમિટી મેમ્બર્સ વંદનાબેન પોમલે વિશેષ યોગદાન આપ્યું હતું. સાથે જ દીપીકાબેન કટ્ટા, વામિનીબેન બારમેડા, હર્ષાબેન પોમલ, ઉર્વશીબેન બારમેડા, વિદ્યાબેન બારમેડા, શોભનાબેન બારમેડા તથા પાયલબેન પોમલનો સહયોગ મળ્યો તથા સમર કેમ્પમાં ઉર્મિલાબેન પોમલ, ભાવનાબેન કટ્ટા, ટીનાબેન બારમેડા પણ હાજર રહ્યા હતા.

# શ્રી મારૂ કંસારા સોની સમાજ મહિલા મંડળ - રાયપુર

કિરણ બારમેડા

## સ્નેહ મિલન






શ્રી મારૂ કંસારા સોની સમાજ મહિલામંડળ - રાયપુર દ્વારા તા. ૨૭-૩-૨૦૧૭ના રોજ શ્રીમતી કિરણબેન દીપકકુમાર બારમેડાની અધ્યક્ષતામાં "હોળી મિલન" કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં પધારનાર દરેક મહિલા સદસ્યોનું સ્વાગત શ્રીમતી વિદ્યાબેન બારમેડા અને શ્રીમતી યોગીતાબેન બારમેડા દ્વારા ગુલાલ ટીકો અને ફૂલો દ્વારા કરવામાં આવ્યું અને વડીલોના આશિર્વાદ લેવામાં આવ્યા.

કાર્યક્રમનો મુખ્ય હેતુ સામાજિક સમરસતા વધારવાનો હતો. જેમાં (૧) બાળકો માટે ફની ડ્રેસીસ, (૨) બહેનો માટે મિસ અને મિસિસ ફાગણ, (૩) અંતાક્ષરી, (૪) તંબોલા, (૫) ફૂલોની હોળી, (૬) અલ્પાહાર અને ઇનામ વિતરણ અને અંતમાં આભાર દર્શન રાખવામાં આવેલ.

'ફની ડ્રેસીસ'માં બાળકોએ રંગબેરંગી પોષાકોમાં તૈયાર થઈને પ્રસ્તુતિઓ આપી. જેમાં નાનકડી પ્રાણવી બારમેડા મટર બની હતી જેને પ્રથમ સ્થાન અને રાહુલ બગ્ગાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. બાળકોના અવનવા રંગ રૂપોએ કાર્યક્રમને કલરફુલ અને ખુશહાલ બનાવી દીધો હતો.

"આજની નારી સુપરફાસ્ટ વુમન તો છે જ પણ આપણે ઈતિહાસમાં નજર નાંખીએ ત્યારે પણ જ્યારે જ્યારે નારી પર મુસીબત આવી છે એના પર કંઈ વિત્યું છે ત્યારે એની શક્તિનો ગુણાકાર થઈ જાય છે. એની તાકાત અનેકગણી વધી જાય છે અને અનેક મોરચે લડ્યા બાદ અંતે નાજુક અને કમજોર દેખાતી સ્ત્રીઓએ વિજય પ્રાપ્ત કર્યો છે. એ દરેક કાર્યને કુશળતાપૂર્વક કરી જાણે છે."

'મિસ અને મિસિસ ફાગણ' કોમ્પિટીશનમાં આવા અનેક મેસેજો 'નારી શક્તિ' વિષય પર બહેનોએ પ્રસ્તુત કર્યા. નારીની ભાવનાઓ અને એના અલગ અલગ રૂપો પર બહેનોના દરેક સંવાદ ખૂબ જોશ અને ઉત્સાહભર્યા હતા. જેમાં તાળીઓનો ગડગડાટ, દરેક પ્રતિયોગીને વિજેતા બતાવતો હતો. દરેક મેસેજને રેકોર્ડ કર્યા પછી ખૂબ જ ધ્યાનથી સાંભળ્યા પછી એક નિર્ણય લેવાયો હતો. મિસિસ ફાગણના વિનરનો તાજ શ્રીમતી જ્યોતિબેન મૈચાને પહેરાવાયો અને રનરઅપ શ્રીમતી યશવંતીબેન પોમલ રહ્યા.

અંતાક્ષરીમાં ત્રણ ગ્રુપમાં પૂરા દર્શકોને અલગ અલગ બેસાડવામાં આવ્યા હતા. એ બાદ એમને ત્રણ નામ : ગુબ્બારે, પીચકારી અને ગુલાલ આપવામાં આવ્યા હતા. જેમાં ચાર અલગ અલગ રાઉન્ડમાં અંતાક્ષરી રમાડવામાં આવી. જેમાં જૂના અને નવા ગીતોની રમઝટ ચાલી. બધાએ ખૂબ જ એન્જોય કર્યું. અંતાક્ષરી જૂની ગેમ છે પણ સદાબહાર છે. પિકનિક હોય કે ગાર્ડન... ગમે ત્યાં રમો, બધાને ખૂબ જ મજા આવે... આમાં સ્પેશિયલ એ હતું કે હોળી ગીત જ ગાવાના. તે પણ લોકોને મોઢે યાદ હતા. ૧૯૭૦-૮૦ના દસકના ગીતો પણ ખૂબ જ એન્જોય કર્યા.

કાર્યક્રમના અંતે તંબોલા, ફૂલોની હોળી અને ઇનામ વિતરણમાં પૂરી અંતાક્ષરી ટીમ 'ગુબ્બારે' ને વિજેતા તરીકે ઇનામો અપાયા તથા 'ફની ડ્રેસીસ'ના દરેક બાળકોને પણ ઇનામ વિતરણ કરવામાં આવ્યું. અલ્પાહારમાં ઠંડાઇ અને નાસ્તો જેમાં ઠંડાઈ, કમિટી મેમ્બર શ્રીમતી શોભનાબેન બારમેડાએ સ્વયં બનાવી લાવ્યા હતા.

પૂરા કાર્યક્રમના આયોજનમાં અધ્યક્ષ શ્રીમતી કિરણબેન બારમેડાને, સચિવ શ્રીમતી પાયલબેન પોમલ, શ્રીમતી વંદનાબેન પોમલ (કોષાધ્યક્ષ) અને શ્રીમતી વામિનીબેન બારમેડા (સહ સચિવ)નો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો.

કમિટી મેમ્બર્સ શ્રીમતી હર્ષાબેન પોમલ, શ્રીમતી દિપીકાબેન કટ્ટા, શોભનાબેન બારમેડા, ઉર્વશીબેન બારમેડા અને કલ્પનાબેન બારમેડાએ કાર્યક્રમને સુચારૂ રૂપે ચલાવવામાં સહયોગ આપ્યો હતો.

એ માટે દરેક મહિલા સભ્યો અને કમિટી મેમ્બર્સને કાર્યક્રમની સફળતા બદલ ખૂબ ખૂબ આભાર અને અભિનંદન.

# ભુજ મહિલા મંડળ દ્વારા સમર કેમ્પનું આયોજન

**સુધા બુધ્ધભટ્ટી**

મામાનું ઘર કેટલે...? દીવો બળે એટલે.... – આ પંક્તિઓને સાર્થક કરવા બાળકોને જ્ઞાન સાથે ગમ્મત કરાવવા શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ દ્વારા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં બાળકોએ ભાગ લઈ વેકેશનનો આનંદ માણ્યો હતો.



જ્ઞાતિ પ્રમુખ શ્રી જગદીશભાઈ ચૌહાણે સમર કેમ્પને ખુલ્લો મૂકતા જણાવ્યું હતું કે બાળકો માટેનો આ સમર કેમ્પ બાળકોને તાજામાજા કરે છે. આખા વરસ માટે બાળકોને ઉર્જા મળે છે. જ્ઞાતિ મંત્રી શ્રી શાંતિલાલભાઈએ સમર કેમ્પને મામાના ઘરની ઉપમા આપી પોતાનું બાળપણ યાદ કરી જણાવ્યું કે અમે વેકેશનમાં મામાને ઘેર જઈ ખૂબ મોજ મસ્તી કરતા. અને મહિલા મંડળની બહેનોએ બાળકોને મોસાળ જેટલી જ મોજ મસ્તી કરાવવા સમર કેમ્પનું આયોજન કરેલ છે. અને દર વરસની જેમ બાળકોને આનંદ, આનંદ ને આનંદ મળતો રહેશે એવી ભાવના વ્યક્ત કરી હતી. જગદીશભાઈ અને શાંતિલાલભાઈએ મહિલા મંડળની પ્રગતિને બિરદાવી હતી અને હંમેશાં સમાજ ઉપયોગી કાર્યો કરવા માટે શુભેચ્છા પાઠવી હતી.

સમર કેમ્પમાં પાંચે પાંચ દિવસ જુદી જુદી એક્ટીવિટી કરાવવામાં આવેલ. પ્રથમ દિવસે Introduction, શ્લોક, Rhymes, ગીત અને સંગીત ખુરશીની રંગત જામી હતી. ક્વિઝ માસ્ટર બી.આર. બાવસે સાહેબના ક્વિઝના કાર્યક્રમમાં બાળકોએ હોંશે હોંશે ભાગ લઈ ક્વિઝના પ્રશ્નોના સાચા જવાબ આપ્યા હતા. ક્રાફ્ટમાં ખુશાલીબેન બુધ્ધભટ્ટીએ બાળકોને કી-ચેઈન બનાવતા શીખવાડ્યું અને વેસ્ટમાંથી બેસ્ટનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તેની જાણકારી આપી હતી. લતાબેન સોલંકીએ ચાર દિવસ સુધી બાળકોને પ્રાણાયામ અને યોગ કરાવ્યા હતા. અને બાળકોને પ્રાણાયામથી થતા ફાયદા વિશે જાણકારી આપી જણાવ્યું હતું કે એકાગ્રતા કેળવી શિક્ષણમાં અગ્રતા ક્રમ મેળવી શકાય છે. અંતિમ દિવસે બાળકોને પ્રિય એવી પિકનીકનું આયોજન કરવામાં આવેલ. બાળકો હીલ ગાર્ડનમાં હીંચકા, લસરપટ્ટી જેવા અનેક રમતના સાધનોનો લાભ લઈ ખુશખુશાલ થઈ ગયા હતા. ૩-ડી પિક્ચર જોવાનો આનંદ પણ મેળવ્યો.

આ પ્રોજેક્ટમાં રીટાબેન ડી. બુધ્ધભટ્ટી, શીતલબેન એ. બુધ્ધભટ્ટી, પ્રીતિબેન ડી. બગ્ગા તેમજ મહિલા મંડળ કારોબારીની અન્ય બહેનો દ્વારા ગીફ્ટ તેમજ નાસ્તાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમમાં વિજેતા થયેલ બાળકોનું ખજાનચી અરૂણાબેન બુધ્ધભટ્ટી, ખુશાલીબેન બુધ્ધભટ્ટી, માલતીબેન ગુજરાતી, જયશ્રીબેન છત્રાળા તેમજ ભાવનાબેન બુધ્ધભટ્ટી દ્વારા સન્માન કરવામાં આવેલ.

***સમર કેમ્પમાં વિવિધ સ્પર્ધાના વિજેતાઓના નામો :*** મલય સમીરભાઈ છત્રાળા, પીયા ધર્મેશભાઈ બુધ્ધભટ્ટી, નંદ રોહિતભાઈ બગ્ગા, દિયા શીતલભાઈ બુધ્ધભટ્ટી, પીયા ધર્મેશભાઈ બુધ્ધભટ્ટી, ધ્યાના કૌશિકભાઈ ચનાણી, પ્રીયાંશી રાજેશભાઈ છત્રાળા, શિવમ મનીષભાઈ હેડાઉ, લક્ષ નીતિનભાઈ બીજલાણી, યશ્વી કલ્પેશભાઈ સાકરિયા, નીવા ગૌરવભાઈ પરમાર. ■

## જિંદગીમાં અપેક્ષા

*જિંદગી સાથે મેં એક પેનીનો સોદો કર્યો*
*એટલે જિંદગીએ મને વધારે વેતન ન આપ્યું;*

*પણ સાંજ પડ્યે મેં મારો જૂજ માલ ગણી જોયો,*
*ત્યારે મેં કરગરીને માગણી કરી.*

*જિંદગી ન્યાયી માલિક છે એટલે,*
*તમે જે માગો તે એ આપે છે,*

*પણ એકવાર તમે વેતન નક્કી કર્યું,*
*પછી તો તમારે કામ કરવું જ પડે છે.*

*મેં ઘાટી જેટલા ઓછા વેતનથી કામ કર્યું,*
*પછી અકળાઈને હું શીખ્યો,*
*કે જિંદગી પાસે જે કંઈ વેતન મેં માગ્યું હોત,*
*તે જિંદગીએ મને આપ્યું હોત.*

***– જેસી બી. રિટેનહાઈસ***
***સૌજન્ય : "સમજણના સૂર"***

## દર્દીઓને સહાયરૂપ યોજના – 'Med-Aid'

**ગીરીશભાઈ બારમેડા**

અમદાવાદ જ્ઞાતિ દ્વારા સારવાર અર્થે અમદાવાદ આવતા આપણી જ્ઞાતિના દર્દીઓને સહાયરૂપ થવા મેડિકલ સહાયતા યોજના "Med-Aid" શરૂ કરવામાં આવેલ છે. તાજેતરમાં મળેલ અમદાવાદ જ્ઞાતિ કારોબારી સમિતિમાં આ યોજના વિશે ચર્ચા વિચારણા કરવામાં આવેલ. શ્રી મનુભાઈ કોટડિયાએ ચર્ચામાં ભાગ લેતા જણાવેલ કે કચ્છમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ અમદાવાદ આવે છે. તેઓને રહેવા - જમવા તથા સારવાર બાબતે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે. કેટલાક જરૂરિયાતમંદ દર્દીઓને 'સ્વ. કાંતિલાલ નાગજીભાઈ બારમેડા મેડિકલ સહાયતા ફંડ'માંથી આર્થિક મદદ પણ કરવામાં આવેલ. આર્થિક સહાય મેળવનારાઓમાં અમદાવાદ ઉપરાંત નખત્રાણા તથા માધાપરથી આવેલ દર્દીઓનો સમાવેશ થાય છે. જ્ઞાતિ પ્રમુખ શ્રી જયમીનભાઈ સોનીએ યોજનાને વધારે વિસ્તૃત બનાવવા જણાવેલ. ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ ઘડિયાળી, માનદ્ મંત્રી શ્રી અતુલ સોની, શ્રી હર્ષદભાઈ સોનીએ યોજનાને દર્દીઓ માટે આશિર્વાદરૂપ ગણાવી તેનો વધારે પ્રચાર - પ્રસાર કરવા જણાવેલ. આ ઉપરાંત રોગ થતા અટકાવવા માટે લાઈફ સ્ટાઈલમાં ફેરફાર કરવા સહિતના વિવિધ પાસાઓને લઈ લોક જાગૃતિના કાર્યક્રમો યોજવાનું પણ નક્કી કરવામાં આવેલ છે.

'Med-Aid' યોજનામાં દાતાઓ તરફથી સારો સહયોગ મળી રહેલ છે તે બદલ દાતાઓનો આભાર માનવામાં આવેલ.

## મહિલા મંડળ ભુજ - દશાબ્દી વર્ષ ઉજવણી

***લતા સોલંકી - ભુજ***

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ દ્વારા દશાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

★ તા. ૬-૭-૨૦૧૭ના રોજ સત્ય નારાયણની કથા અને લાલાજીના શણગારની સ્પર્ધા.

★ તા. ૭-૭-૨૦૧૭ના રોજ જૂના ગીતો પર નવા સ્ટેપ્સના ડાન્સ.

★ તા. ૮-૭-૨૦૧૭ના રોજ રાજસ્થાની થીમ પર રાજસ્થાની કપલનો રેમ્પ વોક (ફેશન શો) અને રાજસ્થાની નૃત્ય. જેમાં બાળકોથી લઈ વયસ્કો પણ ભાગ લઈ શકશે.

★ નિબંધ સ્પર્ધા – "મારા સ્વપ્નાનું મહિલા મંડળ" (નિબંધ મોકલવાની અંતિમ તારીખ ૨૪-૬-૨૦૧૭)

દરેક કાર્યક્રમમાં ભાગ લેવા માટે ફોર્મ ભરવાનું રહેશે. વધુ જાણકારી માટે સુધાબેન બુધ્ધભટ્ટીનો સંપર્ક કરવાનો રહેશે. ફોર્મ ભરવા માટે ખુશાલીબેન બુધ્ધભટ્ટીનો સંપર્ક કરવાનો રહેશે.

***સુધાબેન બુધ્ધભટ્ટી : ૯૯૨૫૩ ૧૩૭૩૪***
***ખુશાલીબેન બુધ્ધભટ્ટી : ૯૯૭૯૫ ૨૨૩૮૪***

## સોલંકી (અંજારિયા) કુટુંબના દેવસ્થાનનો પાટોત્સવ

***લતા સોલંકી - ભુજ***

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના સોલંકી (અંજારિયા) અટક ધરાવતા કુટુંબના કુળદેવી શ્રી વેરાઈ માતાજી અને શ્રી ખેતરપાળ દાદાનો પાટોત્સવ ચૈત્ર વદ ચૌદસ, તા. ૨૫-૪-૨૦૧૭ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. સવારે હવન નૈવેદ્ય કરવામાં આવેલ. હવનનો લાભ કિશોરભાઈ પ્રેમજી સોલંકીના પરિવારમાંથી ભૈરવી જીતભાઈએ લીધો હતો. બપોરે સમૂહ પ્રસાદ અને સાંજે બહેનો દ્વારા સત્સંગ રાખવામાં આવેલ.

કિશોરભાઈ, આનંદભાઈ, રાજેશભાઈ, શાંતિલાલભાઈ, દીપકભાઈ, રાજુભાઈ, જયેશભાઈ, રોહનભાઈ, રાહુલભાઈ, મયુરભાઈ, આશાબેન, લતાબેન, જ્યોતિબેન, ઉર્મિલાબેન, હંસાબેને વ્યવસ્થા સંભાળી હતી અને સર્વે કુટુંબીજનોએ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી માતાજીના પોટાત્સવમાં સહભાગી તઈ માતાજી અને ખેતરપાળ દાદાનો જયજયકાર કર્યો હતો.

*પર-સેવા માં પરસેવાનાં બિંદુ પાડે તે પરમાત્માનો પંથ પામી શકે...*

## પશ્ચિમ કચ્છ શ્રી મારૂ કંસારા સોની સમાજની આઠ વરસે ફેર રચના

નખત્રાણા સોની સમાજવાડી ખાતે પશ્ચિમ કચ્છ શ્રી મારૂ કંસારા સોની સમાજની આઠેક વરસે નવી રચના કરવા જનરલ સભા મળી. જેમાં ફેર રચના કરી નવી રચના કરવામાં આવી છે. નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાના ગામેગામના સોની સમાજના ભાઈઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. હીરાલાલ સોનીએ કોઠારાના શ્રી ધનજીભાઈ હરીદાસ બુધ્ધભટ્ટીની પ્રમુખ તરીકેના નામની દરખાસ્ત મૂકતાં સર્વાનુમતે વરણી કરવામાં આવી તથા પ્રમુખ સ્થાનેથી ધનજીભાઈએ શ્રી હીરાલાલ મોહનલાલ સોનીના નામની મહામંત્રી તરીકે દરખાસ્ત મૂકતાં સર્વાનુમતે વરણી થઈ અને પ્રમુખ તથા મહામંત્રીએ ૧૦ મિનિટની રીસેસ બાદ હોદ્દાદોર, ચૂંટણી સમિતિ તથા ઓફિસ બેરરના નામોની જાહેરાત કરતાં હર્ષોલ્લાસ સાથે વધાવી લેવામાં આવેલ.





| | | | |
|---|---|---|---|
| પ્રમુખ | : | શ્રી ધનજીભાઈ હરીદાસ બુધ્ધભટ્ટી | (કોઠારા) |
| ઉપપ્રમુખ | : | શ્રી ગંગારામભાઈ કરશનદાસ કટ્ટા | (નખત્રાણા) |
| ઉપપ્રમુખ | : | શ્રી રમેશભાઈ રતનશી પોમલ | (નલિયા) |
| ઉપપ્રમુખ | : | શ્રી મોહનલાલ હીરજી બારમેડા | (દયાપર) |
| મહામંત્રી | : | શ્રી હીરાલાલ મોહનલાલ સોની | (નખત્રાણા) |
| મંત્રી | : | શ્રી ગોવિંદભાઈ ધનજી બુધ્ધભટ્ટી | (નખત્રાણા) |
| મંત્રી | : | શ્રી ડુંગરશીભાઈ હરીરામ | (રવાપર) |
| મંત્રી | : | શ્રી દીપકકુમાર ગોવિંદજી બારમેડા | (નલિયા) |
| મંત્રી | : | શ્રી નાનાલાલ દામજી પોમલ | (કોઠારા) |
| સહમંત્રી | : | શ્રી રમેશભાઈ મોહનલાલ કંસારા | (નખત્રાણા) |
| સહમંત્રી | : | શ્રી વેલજીભાઈ લાલજી સોની | (કોટડા (જ)) |
| સહમંત્રી | : | શ્રી જેંતીલાલ જેઠાલાલ ગુજરાતી | (નલિયા) |
| સહમંત્રી | : | શ્રી શિવજીભાઈ જેઠાલાલ સોની | (માતાના મઢ) |
| ખજાનચી | : | શ્રી જયેશભાઈ રતિલાલ કટ્ટા | (નખત્રાણા) |
| સહ ખજાનચી | : | શ્રી બ્રેગીનભાઈ રમેશચંદ્ર બગ્ગા | (નખત્રાણા) |
| સંગઠન મંત્રી | : | શ્રી જયેશભાઈ મંગલદાસ સોલંકી | (નખત્રાણા) |
| સંગઠન મંત્રી | : | શ્રી દીપકકુમાર રાઘવજી ગુજરાતી | (નલિયા) |
| સંગઠન મંત્રી | : | શ્રી નવીનભાઈ વેલજી સોની | (નેત્રા) |
| સંગઠન મંત્રી | : | શ્રી બટુકભાઈ જેઠાલાલ ગુજરાતી | (નખત્રાણા) |

**કારોબારી સભ્યો :**

| | |
|---|---|
| શ્રી રમણિકલાલ ગોકલદાસ સાકરીયા | (નખત્રાણા) |
| શ્રી આશુભાઈ મોહનલાલ કટ્ટા | (વિરાણી મોટી) |
| શ્રી શંકરલાલ કાનજી બુધ્ધભટ્ટી | (નખત્રાણા) |
| શ્રી છગનલાલ વેલજી પોમલ | (નખત્રાણા) |
| શ્રી મનસુખલાલ ગાંગજી સાકરીયા | (નખત્રાણા) |
| શ્રી નાનાલાલ હરીરામ સોની | (વિથોણ) |
| શ્રી ભરતભાઈ લખમશી કટ્ટા | (ઘડુલી) |
| શ્રી મનસુખભાઈ ડુંગરશી સોની | (નલિયા) |
| શ્રી દિનેશભાઈ મુળજી સોલંકી | (રવાપર) |
| શ્રી મહેશભાઈ રતિલાલ બારમેડા | (રવાપર) |
| શ્રી ભગવાનદાસ મેઘજી ગુજરાતી | (તેરા) |

**એડવાઇઝરી સમિતિ :**

શ્રી ભરતભાઈ બેચરલાલ સોની, પ્રમુખ - નખત્રાણા સોની સમાજ

શ્રી હરેશભાઈ ત્રિકમદાસ બારમેડા, પ્રમુખ - નલિયા સોની સમાજ

શ્રી અનિલભાઈ લાલજી બારમેડા, પ્રમુખ - બારમેડા સોની સમાજ

શ્રી વિનોદભાઈ રામજી સોની, પ્રમુખ - સોની સમાજ, રવાપર
શ્રી જેન્તીલાલ ત્રિકમદાસ સોની, પ્રમુખ - સોની સમાજ વિરાણી મોટી
શ્રી ખેંગારભાઈ વિશનજી સોની, પ્રમુખ - સોની સમાજ વિથોણ
શ્રી રમેશભાઈ રાઘવજી લાયચા, પ્રમુખ - સોની સમાજ કોટડા (જ)
શ્રી કાંતિલાલ દામજી પોમલ, પ્રમુખ - સોની સમાજ કોઠારા
શ્રી કીર્તિભાઈ સોની, પ્રમુખ - સોની સમાજ નેત્રા

**તાલુકાવાઇઝ ઝોનલ પ્રમુખ :**

નખત્રાણા તા.ઝો. પ્રમુખ : શ્રી ભરતભાઈ લખમશી કોટડિયા (નખત્રાણા)
નખત્રાણા તા.ઝો. ઉપપ્રમુખ : શ્રી ભોગીલાલ હંસરાજ કટ્ટા (નખત્રાણા)
અબડાસા તા.ઝો. પ્રમુખ : શ્રી બાબુલાલ રવજી સાકરીયા (નલિયા)
અબડાસા તા.ઝો. ઉપપ્રમુખ : શ્રી જયેશભાઈ માવજી પરમાર (નલિયા)
લખપત તા.ઝો. પ્રમુખ : શ્રી મોરારજી મંગલભાઈ બારમેડા (દયાપર)
લખપત તા.ઝો. ઉપપ્રમુખ : શ્રી પ્રવીણભાઈ જીવરામ સોની

**આમંત્રિત સભ્યો :**

શ્રી લખમશીભાઈ ઈશ્વરભાઈ કોટડિયા (નખત્રાણા)
શ્રી હિંમતલાલ બેચરલાલ બગ્ગા (નખત્રાણા)
શ્રી રતિલાલ હંસરાજ કટ્ટા (નખત્રાણા)
શ્રી શાંતિલાલ સોની (રવાપર)
શ્રી રવજીભાઈ કરમશી સોની (ઘડાની)
શ્રી જેરામ ધનજી બુધ્ધભટ્ટી (નખત્રાણા)
શ્રી શંભુભાઈ સોની (વિરાણી મોટી)
શ્રી અમૃતલાલ વિઠ્ઠલદાસ સોની (નખત્રાણા)
શ્રી મનસુખલાલ દેવજી સોલંકી (નખત્રાણા)
શ્રી શાંતિલાલ ડુંગરશી કટ્ટા (નખત્રાણા)
શ્રી વિનોદચંદ્ર હરદાસ બુધ્ધભટ્ટી (કોઠારા)
શ્રી નારાણભાઈ મોહનબાબુ (ખોંભડી)

**અવનવું**

# અડસઠ 'તીરથ'

**લતા કે. હેડાઉ - નાગલપુર, માંડવી**

*હિંદુ ધર્મના અડસઠ તીરથ છે. જે કોઈ આ અડસઠ તીરથ કરે તેનો જન્મ સફળ થઈ જાય. પણ એ અડસઠ તીરથ કયા? તે કોઈકની જ જાણાં છે. મુમુક્ષુઓની જાણ માટે અડસઠ તીરથની નામાવલી નીચે મુજબ છે. આ નામાવલી સ્કંધ પુરાણમાંથી લીધેલ છે.*

૧. અરદાસ
૨. અમરકંટક
૩. અયોધ્યા
૪. અર્કેશ્વર
૫. ઉજ્જૈન
૬. કનખલ
૭. કરવીર
૮. કર્ણભાર
૯. કારોહણ
૧૦. કાર્તકિશ્વર
૧૧. કાલોજર
૧૨. કાશી
૧૩. કાશ્મીર
૧૪. કુકુટેશ્વર
૧૫. કુરૂક્ષેત્ર
૧૬. કેદાર
૧૭. કૈલાસ
૧૮. કૃમિજાગલ
૧૯. ગયા
૨૦. ગંધમાદન
૨૧. ગિરનાર
૨૨. ગોકર્ણ
૨૩. છાત્રાલય
૨૪. જલલિંગ
૨૫. જલેશ્વર
૨૬. ત્રિદંડ
૨૭. દંડક
૨૮. ત્રિસંધ્યા
૨૯. દેવિકા
૩૦. દુષ્કર્ણ
૩૧. નિર્મલેશ્વર
૩૨. નૈમિષ્યારણ્ય
૩૩. પશુપતિનાથ
૩૪. પુરસ્યચંદ્ર
૩૫. પુષ્કર
૩૬. પૂર્વસાગર
૩૭. પ્રભાસ
૩૮. પ્રયાગ
૩૯. બડવાણી
૪૦. બદરીકાશ્રમ
૪૧. ભદ્રકર્ણ
૪૨. ભષ્મપાત્ર
૪૩. ભુવનેશ્વર
૪૪. ભૈરવ
૪૫. મંડલેશ્વર
૪૬. મધ્યમેવશ્વર
૪૭. મદુકોટ
૪૮. મલકેશ્વર
૪૯. મહેન્દ્ર
૫૦. રૂદ્રકોટિ
૫૧. લંકા
૫૨. લિંગેશ્વર
૫૩. વાગેશ્વર
૫૪. વિંધ્યાચલ
૫૫. વિરજી
૫૬. વિશ્વેશ્વર
૫૭. વૃષભ પર્વત
૫૮. શકુકણ
૫૯. શ્રી શૈલ
૬૦. શ્રેષ્ઠ સ્થાન
૬૧. સાત ગોદાવાર તીર્થ
૬૨. સુમર્ણ
૬૩. સ્થલેશ્વર
૬૪. હરિદ્વાર
૬૫. હર્ષિલ
૬૬. હાટકેશ્વર
૬૭. હરિચંદ્ર
૬૮. હેમકૂટ

## શ્રી સમસ્ત મારૂ કંસારા સોશિયલ ગ્રુપ - રાજકોટ

મિહિર કંસારા

### ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૭ ● ઇનામ વિતરણ સમારંભ તથા તથા ખેલાડીઓનો સન્માન સમારોહ

શ્રી સમસ્ત મારૂ કંસારા સોશિયલ ગ્રુપ - રાજકોટની સ્તાપના તા. ૧-૪-૨૦૧૭ના રોજ રાજકોટ ખાતે કરવામાં આવી. આ સોશિયલ ગ્રુપનો હેતુ કંસારા સમાજનાં યુવાનો અને જ્ઞાતિજનો સાથે વધુને વધુ નિકટતા સ્થપાય તે માટે ક્રિકેટ ટુર્નામેન્ટ, ચેસ, કેરમ તથા અનેક સ્પોર્ટસ એક્ટિવિટી તેમજ સમાજને ફાયદારૂપ થાય તેવા કાર્યો કરવાનો છે. જેનાથી સમાજના નવ યુવાનો, વડીલો, મહિલાઓ વધુ નજીક આવે અને ઓળખાણ વધે તેમજ સમાજના કાર્યોમાં ભાગ લે.

તા. ૭-૪-૨૦૧૭થી તા. ૯-૪-૨૦૧૭ના રોજ રાજકોટ ખાતે ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું.

આ ટુર્નામેન્ટ શ્રી મિહિર એસ. પરમાર અને શ્રી ધાર્મિક સી. પરમારના આયોજન હેઠળ રમાડવામાં આવી. જેમાં જ્ઞાતિના યુવા ખેલાડીઓએ ઉમંગભેર ભાગ લઈ સંપૂર્ણ સાથ સહકાર આપેલ. ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે બધા ગામ - શહેરની ટીમોનો શ્રી સમસ્ત મારૂ કંસારા સોશિયલ ગ્રુપ - રાજકોટ હૃદયથી આભાર વ્યક્ત કરે છે.

**શ્રી સમસ્ત મારૂ કંસારા સોશિયલ ગ્રુપ - રાજકોટના હોદ્દેદારો**

| | | |
|---|---|---|
| *પ્રમુખ* | : | શ્રી ચંદ્રકાંતભાઈ જે. કંસારા |
| *ઉપપ્રમુખ* | : | શ્રી મુકેશભાઈ એસ. છત્રાળા |
| *મંત્રી* | : | શ્રી પારસભાઈ ડી. સોલંકી |
| *સહમંત્રી* | : | શ્રી મિહિરભાઈ એસ. પરમાર |
| *ખજાનચી* | : | શ્રી પ્રફુલભાઈ છત્રાળા |

શ્રી સમસ્ત મારૂ કંસારા સોશિયલ ગ્રુપ - રાજકોટમાં આપણા સમાજના દરેક ગામ - શહેરથી આ ગ્રુપમાં જોડાવા તથા સભ્ય બનવા અપીલ કરીએ છીએ. જેની સર્વે જ્ઞાતિજનોએ નોંધ લેવી. જેથી કરીને અનેક કાર્યો તથા હોસ્પિટલ કે અન્ય જરૂરિયાત કે સેવાકીય કામ તેમજ વેવિશાળ જેવા કાર્યોમાં એકબીજાના સંપર્કમાં વધારો થાય.

### ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ ટીમો તથા તેમના કેપ્ટનના નામો

૧. રાજકોટ ગુરૂ ફાઈટર - શ્રી મિહિરભાઈ પરમાર
૨. રાજકોટ નો ટેન્શન - શ્રી ધાર્મિકભાઈ પરમાર
૩. રાજકોટ ડેલાવાળા - શ્રી કમલેશભાઈ કંસારા
૪. ભુજ એબી ઈલેવન - શ્રી કપીલભાઈ પોમલ
૫. ભુજ બ્લેક પેન્થર - શ્રી રિક્કીભાઈ બુધ્ધભટ્ટી
૬. શિહોર એચ.સી.સી. - શ્રી તેજસભાઈ કંસારા
૭. શિહોર સનરાઈઝર - શ્રી ભૌમિકભાઈ કંસારા
૮. વઢવાણ - શ્રી રવિભાઈ પરમાર
૯. ધ્રાંગધ્રા લાયન્સ - શ્રી દર્શનભાઈ કંસારા
૧૦. જુનાગઢ યંગસ્ટાર - શ્રી જીજ્ઞેશભાઈ કંસારા
૧૧. જામનગર લાયન્સ - શ્રી અમિતભાઈ છત્રાળા
૧૨. જામનગર બુધ્ધ - શ્રી ભાવેશભાઈ બુધ્ધ
૧૩. બરોડા કોન્ક્યુરર્સ - શ્રી બૈજુભાઈ કંસારા
૧૪. અમદાવાદ કંસારા સમાજ - શ્રી મૌલિકભાઈ કંસારા

આ ટુર્નામેન્ટ તા. ૮-૪ તથા તા. ૯-૪-૨૦૧૭ના રોજ રમાડવામાં આવેલ. જેમાં નીચે મુજબ ફાઈનલ વિજેતા ટીમ, રનર અપ ટીમ તથા મેન ઓફ ધ સીરીઝ થયેલ છે.

★ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ અમદાવાદ કંસારા વિરૂધ્ધ ભુજ એબી ઈલેવન વચ્ચે રમાયેલ. જેમાં અમદાવાદ કંસારાની ટીમ વિજેતા બનેલ. વિજેતા ટીમના કેપ્ટન મૌલિકભાઈ કંસારાને પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ જે. કંસારાના હસ્તે ટ્રોફી આપવામાં આવેલ તથા કેપ્ટનને "વેન્ચ્યુરા એરકનેકન્ટ" તરફથી અમદાવાદ - સુરતની ફ્લાઈટની એક ટિકીટ આપવામાં આવેલ.

★ રનર અપ ટીમ ભુજ એબી ઈલેવનના કેપ્ટન શ્રી કપીલભાઈ પોમલને રનર-અપ કપ પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ કંસારાના હસ્તે આપવામાં આવેલ તથા કેપ્ટનને "વેન્ચ્યુરા એરકનેકન્ટ" તરફથી અમદાવાદ - સુરતની ફ્લાઈટની એક ટિકીટ આપવામાં આવેલ.

★ અમદાવાદ કંસારા ટીમના ભાવેશભાઈ તેમની બેટીંગ તથા બોલીંગ બંનેના ઉત્કૃષ્ટ દેખાવને લીધે મેન ઓફ ધી સીરીઝ બનેલ.

★ અમદાવાદ કંસારા ટીમના ભાવેશભાઈ તેમના ઉત્કૃષ્ટ બોલીંગ દેખાવને લીધે બેસ્ટ બોલર તરીકે જાહેર થયેલ.

★ અમદાવાદ કંસારા ટીમના કેવીનભાઈ તેમના ઉત્કૃષ્ટ બેટીંગ દેખાવને લીધે બેસ્ટ બેટ્સમેન તરીકે જાહેર થયેલ.

શ્રી સમસ્ત મારૂ કંસારા સોશિયલ ગ્રુપ - રાજકોટના

માર્ગદર્શન હેઠળ આ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન શ્રી મિહીર એસ. પરમાર અને શ્રી ધાર્મિક સી. પરમારે કરેલ.

ટુર્નામેન્ટમાં ચા-નાસ્તો, ભોજન, વાડીની તમામ જવાબદારી તેમજ અન્ય મંજુરીઓ મંત્રી - શ્રી પારસભાઈ ડી. સોલંકી, દિવ્યેશભાઈ છત્રાળા, ખજાનચી શ્રી પ્રફુલભાઈ છત્રાળા તથા નીલેશભાઈ હેડાઉએ કરેલ.

આ ટુર્નામેન્ટ માટે રાજકોટ નોટેન્શન ઈલેવનના પ્લેયરોની પણ સેવા મળેલ.

ટુર્નામેન્ટના આયોજન માટે ગ્રાઉન્ડ નં.-૩ની તમામ જવાબદારી શ્રી જીજ્ઞેશભાઈ કંસારા - જુનાગઢ યંગસ્ટારે બખૂબી નિભાવેલ.

ઈનામ વિતરણ સમારંભના એન્કરીંગ માટે દિવ્યેશભાઈ છત્રાળા, નીનાબેન છત્રાળા તેમજ રાજેશભાઈ બુધ્ધભટ્ટી - જુનાગઢનો અમે આભાર વ્યક્ત કરીએ છીએ.

- **ટુર્નામેન્ટ દરમ્યાન હાજર રહેલા મહેમાનો :**

શ્રી પરેશભાઈ બુધ્ધભટ્ટી - જુનાગઢ મારૂ કંસારા મંડળના પ્રમુખશ્રી

શ્રી ભાવેશભાઈ મહીચા - જુનાગઢ પ્રગતિ મંડળના પ્રમુખશ્રી

શ્રી હરીશભાઈ પવાર - શિહોર

શ્રી પીયુષભાઈ પરમાર - જામનગર

શ્રી ઘનશ્યામભાઈ સોલંકી - અમદાવાદ

શ્રી સંજયભાઈ કટ્ટા - ભુજ

શ્રી રાજેશભાઈ બુધ્ધભટ્ટી - જુનાગઢ

- **સ્પોન્સર્સ :**

| | |
|---|---|
| શ્રી ચંદ્રકાંતભાઈ જે. કંસારા | - રાજકોટ |
| શ્રી પૂરકભાઈ ઘનશ્યામભાઈ સોલંકી | - અમદાવાદ |
| શ્રી શ્યામલભાઈ રાધેભાઈ સોલંકી | - જુનાગઢ |
| શ્રી આનંદભાઈ પોમલ | - જામનગર |
| શ્રી પીયુષભાઈ પરમાર | - જામનગર |
| વેન્ચુરા એરકનેક્ટ | - સુરત |
| પોપ્યુલર જ્વેલર્સ | - રાજકોટ |
| ધનરાજ જ્વેલર્સ | - રાજકોટ |

આ ટુર્નામેન્ટના સફળ આયોજનમાં ભાગ બનેલા તમામ ખેલાડીઓ, હોદ્દેદારો, જ્ઞાતિજનો, સ્પોન્સર્સનો અમો ખૂબ ખૂબ આભારી છીએ. અને આવા ભવિષ્યના અમારા આયોજનને સફળ બનાવવા આપ સૌની ભૂમિકા આવી જ રીતે રહે તેવી અમારી ઈચ્છા.

આ ટુર્નામેન્ટના ઈનામ વિતરણ તથા ભોજન સમારંભમાં કંસારા સમાજના જ્ઞાતિજનોની બહોળી સંખ્યામાં ઉપસ્થિતિ હતી. જ્ઞાતિજનોના આવા આયોજનમાં ભાગ બનવા બદલ ખૂબ ખૂબ આભારી છીએ. ■

## ડૉ. રોહિણીબેન છત્રાળા

**(અનુસંધાન : પાના નં.-૨૦ ઉપરથી ચાલુ)**

ભવિષ્યને ઉજળુ બનાવવા અર્થે અન્ય પ્રતિભાવંત યુવાનોની જેમ તેઓ પણ વિદેશ જવા પ્રેરાયા અને તેઓ દુબઈ ગયા. જ્યાં શરૂઆતમાં ત્યાં પણ તેઓએ ખૂબ જ સંઘર્ષ કર્યો હતો. વર્ષ ૨૦૦૯માં લગ્ન બાદ પણ તેઓ ત્યાં એકલા જ રહ્યા હતા. લગ્ન બાદ પત્નીની સાથે રહ્યા હોત પણ તેઓ કાયમી વસવાટ તો ભારતમાં કરવા ઈચ્છતા હતા. વર્ષ ૨૦૧૪માં તેઓ પૂના સ્થાયી થયા અને પૂનામાં તેઓએ ખુદનો વ્યવસાય વોલ આર્ટનો કર્યો. હમણાં થોડા સમય પહેલાં તેઓએ www. creativewallarts.com નામની વેબસાઈટ લોન્ચ કરી છે.

તેમના દિયર રીશીલભાઈ છત્રાળા. તેઓએ B.Tech. નો અભ્યાસ પૂર્ણ કરેલ છે. ઘરમાં ઉચ્ચ શિક્ષિત ભાભીથી પ્રોત્સાહિત થઈ તેઓ પણ Ph.D. નો અભ્યાસ કરી રહ્યા છે. હાલ તેઓ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવે છે.

તેમના નણંદ મેઘનાબેન કુલકર્ણી B.Sc. (Physics) ગ્રેજ્યુએટ તથા M.B.A. થયા છે.

તેમના ભાઈ-બહેનોનો પણ પરિચય મેળવીશું. તેમના નાના બહેન ડૉ. મનીષાબેન પરમાર. તેઓએ રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી M.Sc., Ph.D. in Pharmaceutical Chemistry ની ડિગ્રી મેળવી. હાલ તેઓ ટેવા ફાર્માસ્યુટીકલ ગ્રેટર નોઇડા - ન્યુ દિલ્હી ખાતે રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સાયન્ટીસ્ટ તરીકે ફરજ બજાવે છે.

ત્રીજા નંબરના બહેન હેતલબેન ચેતનભાઈ સચદેવ. તેઓ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાંથી B.A.M.S. નો અભ્યાસ કરી હાલમાં ભાવનગરમાં પોતાની અચ્યુત આયુકેર હોસ્પિટલ ધરાવે છે.

તેમના નાના ભાઈ ડૉ. મિલાપ પરમાર. જેઓએ ધોરણ-૧૨માં વર્ષ ૨૦૧૦માં ગુજરાત રાજ્યમાંથી બોર્ડમાં બીજું સ્થાન મેળવેલું. તેઓએ અમદાવાદ મધ્યે બી.જે. મેડિકલ કોલેજમાં M.B.B.S. ના અભ્યાસ દરમ્યાન ધીરૂભાઈ અંબાણી સ્કોલરશિપ મેળવેલ. હાલ મુંબઈમાં કે.ઈ.એમ. હોસ્પિટલમાં M.S. સર્જરીનો અભ્યાસ કરે છે. ■

## શ્રી પરેશભાઇ ગુજરાતીનું જાહેર સન્માન




શ્રી ચંદ્રકાંત અંજારિયા મેમોરિયલ ટીચર્સ ટ્રસ્ટ - અમદાવાદ દ્વારા છેલ્લા ત્રણ દાયકાથી દર બે વર્ષે સમગ્ર ગુજરાતમાં શિક્ષણમાં અનન્ય પ્રદાન આપનાર વ્યક્તિઓ કે સંસ્થાને વિશિષ્ટ ઍવોર્ડ આપવામાં આવે છે. અત્યાર સુધી ૨૩ વ્યક્તિઓ કે સંસ્થાને આ ઍવોર્ડ અપાઈ ચૂક્યા છે. જેમાં કવિ સ્નેહરશ્મિ, 'દર્શક', પ્ર. ત્રિવેદી, રતિલાલ બોરીસાગર, ઈશ્વર પરમાર જેવી વ્યક્તિઓને તથા લોક નિકેતન, સંસ્કાર તીર્થ જેવી શૈક્ષણિક સંસ્થાઓને આ ઍવોર્ડ અર્પણ થઈ ચૂક્યા છે. વર્ષ ૨૦૧૫-૧૬ માટેનો આ ઍવોર્ડ તા. ૨૧-૫-૨૦૧૭ના રોજ કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી ડૉ. ચંદ્રસિંહ જાડેજા તથા ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી દિવ્યભાષભાઈ અંજારીયાની ઉપસ્થિતિમાં રોટરી હોલ - ભુજ ખાતે શ્રી પરેશભાઈ ગુજરાતીને અર્પણ કરવામાં આવેલ. જેમાં સન્માનપત્ર તથા રૂા. ૧૫,૦૦૦/-નો પુરસ્કાર આપવામાં આવેલ.

શ્રી પરેશભાઈનું શિક્ષણ બાબતે પાયાનું સૂત્ર રહ્યું છે ''સૌ ભણે, સૌ આગળ વધે.'' આ ધ્યેયને ખ્યાલમાં રાખીને તેમણે શિક્ષણ ક્ષેત્રે અનેક કાર્યો સિધ્ધ કર્યા છે. શાળામાં આધુનિક સગવડો, જરૂરતમંદ વિદ્યાર્થીઓને ગણવેશ વગેરે પૂરા પાડવા, શાળાનાં બાળકોને વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સી.આર.સી. થી રાજ્ય કક્ષા સુધી સિધ્ધિઓ અપાવવી, બાળકોને સંસ્કૃત - હિંદી તથા અંગ્રેજી ભાષાનું જ્ઞાન આપવું જેવી અનેક પ્રવૃત્તિઓથી તેમની શાળા ધમધમતી રહે છે. તેમની શાળા શહેરમાં પ્રથમ શાળા છે જ્યાં દર વર્ષે ૩૫,૦૦૦ લીટરના પાણી સંગ્રહ સાથે રિચાર્જ બોરવેલની સુવિધા છે. શ્રી પરેશભાઈની સૌથી મોટી સિધ્ધિ એ રહી છે કે ચારેબાજુ ખાનગી શાળાઓની બોલબાલા છે તેવા વાતાવરણમાં તેમની આ સરકારી શાળામાં આવવાનો બાળકો તથા વાલીઓ આગ્રહ સેવે છે.

સર્વાંગી શિક્ષણ સાથે તેમણે અનેક અભિયાનો પણ ચલાવ્યા છે. જેમાં વ્યસન મુક્તિ, નિરક્ષર વાલીઓને ભણાવવા, વિદ્યાર્થી બચત બેંક, પ્લાસ્ટીક ઝભલા નાબૂદી, વિદ્યાર્થીઓ દ્વારા દર્દીઓ હોસ્પિટલો કે આંગણવાડીનાં બાળકો માટે દાન, સ્વચ્છતાગ્રહ, જળજાગૃતિ, નેત્રનિદાન કેમ્પ, રક્ત પરીક્ષણ કેમ્પ, મહિલાઓ માટે માર્ગદર્શન શિબિરો, સામાન્ય જ્ઞાન કસોટીઓ જેવી અગણિત પ્રવૃત્તિઓથી તેમની શાળા સંવર્ધિત થતી રહી છે.

તેમના જીવનનો ધર્મ વ્યક્ત કરતા તેઓ કહે છે :

*''ના મજૂર, ના કારીગર; છું કલાકાર જીવનનો*
*ગણતો ઉપાસના શિક્ષણને, જીવન ઘડતો જાઉં છું.''*

આ પ્રસંગે જાણીતા કટાર લેખકો શ્રી હરેશભાઈ ધોળકિયા, ડૉ. દર્શનાબેન ધોળકિયા, નિરૂપમભાઈ છાયા, ઉત્કંઠાબેન ધોળકિયા, ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ તથા મોટી સંખ્યામાં શિક્ષણ પ્રેમીઓ ઉપસ્થિત રહેલ.

'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી શ્રી પરેશભાઈ ગુજરાતીને હાર્દિક અભિનંદન. ■



### શ્રી મહેશભાઈ કંસારા

ભુજ જ્ઞાતિ મેડિકલ સમિતિના કન્વીનર શ્રી મહેશભાઈ કંસારાની કચ્છ જીલ્લા પંચાયત કર્મચારી ગ્રાહક ધીરાણ મંડળીના ખજાનચી તરીકે સતત ત્રીજી ટર્મ માટે નિમણુંક થયેલ છે. આ સંસ્થા દ્વારા ધીરાણ પર નફો થતા તે રકમ વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ માટે વાપરવાનું નક્કી કરવામાં આવેલ છે.

શ્રી મહેશભાઈની નિમણુંક માટે અભિનંદન સહ શુભકામના. ■

*મંઝીલે ઉન્હીંકો મિલતી હૈ જિનકે સપનોં મેં જાન હોતી હૈ*
*યૂંહી પંખ હોને સે, કુછ ભી નહીં હોતા*
*હોંસલો સે ઉડાન હોતી હૈ.*

***સૌજન્ય : "ભણતરનું ભાવજગત"***

## હાર્દિક હસમુખભાઈ બગ્ગા



આજના આ કોમ્પીટીટીવ યુગમાં પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે સ્વપ્ન જોવું તેમજ તે સપનું સેવી તેને સાકાર કરીને તેનો આનંદ માણવો ખૂબજ નહિંવત્ થઈ ગયો છે.

આવું જ સપનું ચિ. હાર્દિક હસમુખભાઈ બગ્ગાએ કરીયર માટે જોયેલું અને અડિખમ મહેનત, શ્રમ અને વડીલોના આશિર્વાદથી તેમણે તેને પાર પાડેલ છે.

તેઓએ તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા લેવાયેલ GPSSB ની કઠીન ગણાતી પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે અને ગુજરાત સરકારના માર્ગ અને મકાન પંચાયત વિભાગમાં 'સેક્શન ઑફિસર' (એડિ. આસિસ્ટન્ટ ઇજનેર) તરીકે મેટીરના આધારે પસંદગી પામ્યા છે.

આ સફળતાનો શ્રેય તેઓ તેમના પિતા શ્રી હસમુખ ચંદુલાલ બગ્ગા, માતા શ્રીમતી હેમલતાબેન હસમુખભાઈ બગ્ગા, બહેન ડૉ. નેહા હસમુખભાઈ બગ્ગા (M.S. (E.N.T.) 1st Year) અને જીજાજી ડૉ. મિહિર જીતેન્દ્રભાઈ કરથીયા (M.S. - Surgery) તેમજ દાદા-દાદી, પરિવારજનો અને મિત્રોને આપે છે.

શ્રી હાર્દિકભાઈએ દસમું અને બારમું ધોરણ વતન ભુજમાં કર્યા બાદ મેરીટના ધોરણે ગુજરાતની નામાંકિત યુનિવર્સિટી એવી ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી - નડિયાદ (DDIT)માંથી વર્ષ ૨૦૧૬માં B.Tech. (Civil Engineer) તરીકેની પદવી 9.00 SPI સાથે મેળવેલ.

ત્યારબાદ Heavy Construction Design & Execution ક્ષેત્રે રસ હોતાં, ગુજરાતની પ્રતિષ્ઠિત કંપનીમાંથી Bridge, Road, Culveats & Building ની ડિઝાઈન અને કન્સ્ટ્રક્શનનો અનુભવ લીધો. ત્યારબાદ D.R.D.A. - Kachchh (District Rural Development Agency) ખાતે ડેપ્યુટી એક્ઝીક્યુટીવ એન્જીનીયર તરીકે ફરજ બજાવેલ.

હાલ, હાર્દિક 'માર્ગ અને મકાન પંચાયત - કચ્છ' વિભાગમાં 'જીલ્લા પંચાયત કચ્છ ભુજ' ખાતે સેક્શન ઓફિસર (એડિ. આસિસ્ટન્ટ ઇજનેર) તરીકે ફરજ બજાવે છે.

શ્રી હાર્દિક હસમુખભાઈ બગ્ગાને 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન તથા ઉજ્જવળ કારકિર્દી માટે શુભ કામના.

## ચૌલા મનોજ મૈચા (સોની)



ભુજ શહેરના મ્યુનિસિપલ કાઉન્સિલર તથા આપણા જ્ઞાતિના પ્રતિભા સંપન્ન મહિલા શ્રીમતી ચૌલા મનોજભાઈ મૈચાએ વર્ષ ૨૦૧૩ના પાઠ્યક્રમ પ્રમાણે વર્ષ ૨૦૧૬ના વર્ષમાં અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલયમાંથી ગાયનમાં સંગીત વિશારદ્ પૂર્ણ કરેલ છે. આ સંપૂર્ણ અભ્યાસક્રમ સાત વર્ષનો હો છે. આ અંગેની સંપૂર્ણ તાલીમ ગુરૂજી શ્રી રાજેશ પઢારીયા પાસેથી મેળવેલ હતી. ઘરના તમામ સભ્યો જેમ કે સાસુજી, સસરાજી, બાળકો અને જીવનસાથી — તમામના સાથ સહકારથી અને માતા-પિતાના આશિર્વાદથી આ શક્ય બનેલ છે.

આપણી જ્ઞાતિમાંથી બહુ જ ઓછી વ્યક્તિઓ ક્લાસિકલ મ્યુઝીકમાં રસ ધરાવતી હશે અને વિશારદ હશે.

તેઓ પ્રોફેશનલ સીંગર અને એન્કર પણ છે. દાંડિયા રાસ, લગ્નગીત તેમજ સ્ટેજ પ્રોગ્રામ કરે છે.

જીવનમાં ભણતરની કોઈ જ ઉંમર નથી. કોઈપણ વયે અભ્યાસ કરી શકાય છે. અત્યારે ૪૩ વર્ષની વયે વિશારદ પૂર્ણ કરેલ છે. ગત રવિવાર, તા. ૭-૫-૨૦૧૭ના રોજ ટાઉનહોલ - અમદાવાદ મધ્યે એક ભવ્ય પ્રોગ્રામ થયેલ. જેમાં તેઓએ પણ સુંદર શાસ્ત્રીય સંગીતમય રચના રજૂ કરેલ.

'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી તેમને ખૂબ ખૂબ અભિનંદન તથા શુભ કામના. ■

## નકુલ દિલીપભાઈ પરમાર

*શ્રી નકુલભાઈ અમદાવાદની એક મલ્ટીનેશનલ કંપનીમાં એન્જીનીયરપદે કાર્યરત છે. એમણે એમની કારકિર્દી વિશે જે કંઈ કહ્યું તે એમના જ શબ્દોમાં અત્રે પ્રસ્તુત છે.*



“આજના આ કોમ્પીટીટીવ યુગમાં પોતાના ઉજળા ભવિષ્ય માટે દરેક વિદ્યાર્થીઓ તનતોડ મહેનત કરે છે અને જ્યારે તેની મહેનતને લીધે સફળતા પ્રાપ્ત કરે છે ત્યારે તેને ખૂબ જ આનંદ મળે છે.

આવું જ એક સ્વપ્ન મેં મારા જીવનમાં જોયું હતું. ભુજમાં પ્રથમ વી.ડી. હાઈસ્કૂલમાં ધોરણ-૧૦ અને ૧૨ (સાયન્સ) ૮૦% ગુણ સાથે પાસ કરી, બી.ઈ. (મિકેનિકલ એન્જીનીયર) બનવાની ઇચ્છા હોવાથી મેં ફરીથી ૮૫% સાથે B.E. પૂર્ણ કર્યું. તરત જ મારી કોલેજમાંથી મને ઓફર આવી કે તમે M.E. અહીં ચાલુ કરો તથા આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે પણ અમારી કોલેજમાં જોડાઓ. પંરતુ મારે ટેકનિકલ લાઈનમાં આગળ વધવાની ઇચ્છા હોવાથી મેં આજે અમદાવાદમાં મલ્ટીનેશનલ કંપનીની જોબ સ્વીકારી છે. આ જોબ મળતાં જ, મને મારી મહેનત ખરેખર રંગ લાવી તેવું લાગ્યું છે.

આ મારી સફળતા માટે મારા નાના ઈશ્વરલાલભાઈ માવજી બારમેડા (ભડલીવાળા) ભુજ તેમજ મારા પિતા દિલીપભાઈ એન. પરમાર અને મારી માતા દક્ષાબેનનો મને અભ્યાસમાં ખૂબ જ સહયોગ મળેલ છે. મારામાં વિશ્વાસ અને આત્મબળ તેઓ દ્વારા પૂર્ણ પાડવામાં આવ્યું છે.

હજુ પણ મને M.E. કરીને કંપનીમાં સારા હોદ્દા પર જવાની મારી ઈચ્છા છે. સાથે સાથે UPSC ની પરીક્ષા પાસ કરી ક્લાસ-૧ની એન્જીનીયરીંગની ડિગ્રી લેવાની પણ મારી ઇચ્છા છે. મારી મહેનત મને અવશ્ય પહોંચાડશે.

કારકિર્દીની શરૂઆત કરતા ઘણા બધા મારા જેવા નવયુવાનો છે. તેમને હું અચૂક કહીશ કે મહેનતમાં યોગ્ય દિશા અને યોગ્ય લગન તેમને ખૂબ જ ઉપયોગી થશે. ક્યારેય નિરાશ ન થશો. મહેનત કરવાવાળાને સફળતા અવશ્ય મળે જ છે. ભુજ મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા તેમજ મહામંડળના પ્રોગ્રામો દ્વારા મને પ્રોત્સાહન મળેલ છે. દરેક ઘટકમાં વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ ખૂબ જ જરૂરી છે. તેમજ તેમની સાથે સાથે યોગ્ય માર્ગદર્શન પણ ઉપયોગી થાય છે.”

## શ્રેયા મનોજ સોની



શ્રેયા મનોજ સોની (મહીચા) કે જેઓ BAMSમાં છે, ગત વર્ષની પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ પાસ થયેલ છે તેમજ કોલેજમાં ફર્સ્ટ આવેલ છે.

શ્રેયા BAMS ના દરેક વર્ષમાં કોલેજ ફર્સ્ટ આવેલ છે. તેઓ નડિયાદની જે.એસ. આયુર્વેદ કોલેજમાં BAMS ના ચોથા વર્ષમાં અત્યારે અભ્યાસ કરે છે.

ગત ફેબ્રુઆરીમાં ઇન્ટર કોલેજ કોમ્પિટીશન - પૂના ખાતે તિલક આયુર્વેદ મહાવિદ્યાલય દ્વારા યોજવામાં આવેલ હતી તેમાં નેશનલ લેવલે ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.




Topic presentation of : Gender Equality Need of Today’s Era પર હતો.

વધુમાં શ્રેયા જણાવે છે કે આ ઉચ્ચતર અભ્યાસક્રમ માટે સરકારશ્રીની “VIDYA UPASNA” EDUCATION CAP ની યોજનામાંથી લોન લઈ કરી રહ્યા છે.

આ યોજનામાં ડોક્ટર, ઇજનેર તેમજ વકીલના અભ્યાસક્રમ માટે જોડાવા ઇચ્છતા હોય અને તેમના કુટુંબની વાર્ષિક આવક રૂપિયા ચાર લાખથી નીચે હોય તેવી દરેક વ્યક્તિને આ લોન મળી શકે છે.

આ લોનનું વ્યાજ સરકારશ્રીની યોજના મુજબ અભ્યાસક્રમના વર્ષ દરમ્યાન સંપૂર્ણ માફી મળે છે. મેં આ લોન દેના ગુજરાત ગ્રામીણ બેંક, સંસ્કારનગર - ભુજમાંથી લીધેલ છે.

આવી યોજનાની જાણ હજી ઘણા બધાને નથી હોતી. તેથી ‘જ્ઞાતિસેતુ’ના માધ્યમથી વધુને વધુ લોકો આ યોજનાનો લાભ લે એમ હું ઇચ્છું છું.

## સોની સમાજનું ગૌરવ
## ધારા રવજીભાઈ બારમેડા (રવાપર)




વર્ષ ૨૦૧૬થી સરકાર દ્વારા શરૂ થયેલ ગામની સૌથી વધારે ભણેલી દીકરીના હાથે ૨૬મી જાન્યુઆરીના ધ્વજવંદન કરાવવું. તે નિમિત્તે રવાપર (તા. નખત્રાણા)ની સૌથી વધારે ભણેલી દીકરી એવી ધારા રવજીભાઈ બારમેડાના હસ્તે ગત તા. ૨૬મી જાન્યુઆરીના રવાપર પ્રાથમિક શાળામાં ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. જે સમગ્ર રવાપર સોની સમાજ તેમજ સમગ્ર મારૂ કંસારા સમાજની ગૌરવની બાબત છે.

કુ. ધારાબેને ધ્વજવંદન બાદ એમના વક્તવ્યમાં કહ્યું કે, "સરકાર દ્વારા શરૂ કરાયેલ આ કાર્યક્રમ ખૂબ જ સફળ નીવડશે અને તેના કારણે દીકરીઓને વધુ ભણવા માટે પ્રોત્સાહન મળશે. કહેવાય છે કે, ભણેલી દીકરી બે કૂળ તારે. એક તેના માવતર પક્ષનું અને બીજા તેના સાસરીયા પક્ષનું.

હાલના આ આધુનિક યુગમાં શિક્ષણનું મહત્ત્વ દિવસે ને દિવસે વધતું જ જાય છે અને માહિતીનો વિસ્ફોટ થતો જાય છે.

આપ જાણો છો કે દર સૂર્યોદયે એક પુસ્તક નવું જ્ઞાન લઈને ઉદય પામે છે ત્યારે આપણે સૌ દીકરીઓએ તેની સાથે તાલ મિલાવીને શિક્ષિત બની, આપણા પરિવારનું તેમજ આપણા સમાજ માટે બની શકે તેટલા પ્રયત્નો કરી અને ગૌરવવંતુ કાર્ય કરવા માટે હંમેશાં તત્પર રહેવાનું.



*"ભણેલી દીકરી બે કૂળ તારે."*
*— ધારાબેન*

છેલ્લે એટલું જ કહીશ કે ધ્વજવંદન કરાવવાનો આવો અમૂલ્ય લહાવો મળતાં હું ખૂબ જ ગૌરવ અનુભવું છું કારણકે મારે મન એ જ સમૃધ્ધિ છે, વૈભવ છે. આવા કાર્યો માટે મને સક્ષમ કરનાર મારા માતાશ્રી જશોદાબેન, પિતાશ્રી રવજીભાઈ તેમજ સર્વે વડીલો અને સમગ્ર સોની સમાજની આભારી છું."

ધારાબેને ભુજ તાલુકાના ૪૯મા યુવા ઉત્સવમાં પાદપૂર્તિમાં પ્રથમ નંબર મેળવેલ છે તથા સમગ્ર કચ્છમાં દ્વિતીય નંબર મેળવેલ છે.

હરિદ્વાર ગાયત્રી તીર્થ શાંતિકુંજ દ્વારા લેવાયેલી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં સમગ્ર કચ્છમાં તૃતીય નંબર મેળવેલ છે. આ ક્ષેત્રે સિધ્ધિ મેળવવા બદલ હરિદ્વાર ગાયત્રીતીર્થ દ્વારા પ્રોત્સાહન સ્વરૂપે શિલ્ડ અને પ્રાવિણ્ય પ્રમાણપત્રથી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## સાગર મધુસુદન પોમલ



તાજેતરમાં યોજાયેલી ગુજરાત સ્ટેટ પાવર લીફટીંગ સ્પર્ધામાં કચ્છના યુવાને મેદાન માર્યું છે. કુલ ૫૭૦ કિ.ગ્રા. વજન ઊંચકીને સીનીયર સ્ટેટ ક્લાસિક પાવર લીફટીંગ તથા જુનિયર સ્પર્ધામાં પ્રથમ આવી કચ્છનું નામ રોશન કર્યું છે.

સાગર મધુસુદન પોમલ તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલી અન ઈક્યુમેન્ટ પાવર લીફટીંગ સ્પર્ધામાં સિનિયર તથા જુનિયર મળીને ગુજરાતના ૪૦ જેટલા સ્પર્ધકોને માત આપીને પ્રથમ આવ્યા હતા. સ્કેવેટમાં ૨૦૦ કિલો, બેન્ચ પ્રેસમાં ૧૪૦ કિલો તથા કેટલીસ્ટમાં ૨૩૦ કિલો – કુલ ૫૭૦ કિલો વજન ઊંચકીને ગુજરાતમાં પ્રથમ આવ્યા હતા તથા ચેમ્પિયન બન્યા હતા અને ગોલ્ડમેડલ મેળવેલ છે. તાજેતરમાં ચંદીગઢ ખાતે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી પાવર લીફટીંગ સ્પર્ધામાં પણ તેઓએ ભાગ લઈને ૫૭૫ કિ.ગ્રા. વજન ઊંચકીને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ૧૩મા ક્રમે રહ્યા હતા. આ ઉપરાંત બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં પણ મિ. કચ્છમાં ૩જા સ્થાને રહી ચૂક્યા છે.

# તેજસ્વી તારલાઓ



હેમ
ડિમ્પલબેન સોની
રાયપુર
Nursery : Gr.-A : 95.2%



ભૂમિકા
તરૂણભાઈ સોની
ધોરણ-૨
Grade-A : 86.66%



બંસરી
વિનોદભાઈ સોની
B.Sc. (Hons.)
Sem.-IV : 71%



ભવ્ય
હરેશભાઈ સોની
ભુજ
Std.-5 : 84%



હેમાંશી
અતુલભાઈ બુધ્ધભટ્ટી
અંજાર
ધોરણ-૫ : ૯૫%



જાહ્નવી હરેશભાઈ
સોની - ભુજ
M.Sc. (CA & IIT)
Sem.-2 : 88.67%



મૈત્રી
મહેશભાઈ છત્રાળા
ધોરણ-૪
Grade-A



નીરવ
કલ્પેશકુમાર સોની
માંડવી
ધોરણ-૯ : Grade-A



જૈમિની
કલ્પેશકુમાર સોની
માંડવી
ધોરણ-૬ : 94.17%

---

પ્રિન્ટોગ્રાફી પ્રાયોજીત
**જ્ઞાતિસેતુ**
ફોટો વાર્તા સ્પર્ધા

# મારી વેકેશનની વાત



એપ્રિલ ૨૦૧૭નું વેકેશનની આવવાની રાહ જોતા જોતા વેકેશન પુરૂં થયું આપણને ખબર પણ ના પડી. આપ સૌએ આ વેકેશન આપની કલ્પના અને ઈચ્છા પ્રમાણે માણ્યું હશે. વેકેશન માટે જે પ્રમાણે આયોજન કર્યું તે પ્રમાણે માણ્યું ?, કોઈ નવીન કાર્યો કર્યા કે ફક્ત આનંદથી - ઉજવ્યું ?

આપ સૌ આપના વેકેશનની અવનવી વાતો સેતુનાં વાચકોને કહો. આપના આવા રોમાંચક, ખેલદીલ, આનંદ-પ્રમોદનાં પ્રસંગો ૧૦૦ શબ્દોમાં લખી મોકલો. અને હા, વેકેશનનો એક યાદગાર ફોટો સાથે જરૂરથી મોકલજો.

ઉત્તમ ફોટો+વાર્તાનાં વિજેતાને ઈનામ આપવામાં આવશે.
આપની વાતો જ્ઞાતિસેતુને
gnyatisetu@gmail.com
પર મેકલી આપો.
આપનું નામ, સરનામું અને મોબાઈલ નંબર અવશ્ય લખશો.

નોંધઃ
વાર્તા ફક્ત ગુજરાતીમાં લખવી.
૩૦ જૂન પછી આવેલ મેલ હરિફાઈમાં લેવામાં આવશે નહીં.

વિશેષ વિગત માટે સંપર્કઃ અતુલ સોની
મો. ૯૭૨૫૦ ૩૮૧૪૦

# સામાન્ય જ્ઞાન

સંકલન : કુ. કૃપા સાકરીયા - ભુજ

**૧.** લક્ષદ્વીપમાં કઈ ભાષા બોલાય છે?
(A) મરાઠી (B) મલયાલમ
(C) ગુજરાતી (D) તમિલ

**૨.** એડમંડ હિલેરી અને તેનજિંગ નોર્ગેઓ એવરેસ્ટ વિજય ક્યારે કર્યો હતો?
(A) ૧૯૫૩ (B) ૧૯૫૪
(C) ૧૯૫૫ (D) ૧૯૫૬

**૩.** રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે વડાપ્રધાને ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૬ના દિને કઈ યોજનાનો પ્રારંભ કર્યો?
(A) અટલ પેન્શન યોજના
(B) એક ભારત શ્રેષ્ઠ ભારત યોજના
(C) પ્રધાનમંત્રી ઉજ્જવલ યોજના
(D) જન-ધન યોજના

**૪.** ચાંદબીબી ક્યાંની શાસક હતી?
(A) સતારા (B) બીજાપુર
(C) ગોષકુંડા (D) અહમદનગર

**૫.** કયા ઝાડની છાલનો ઉપયોગ મસાલા તરીકે કરાય છે?
(A) તાડ (B) લવિંગ
(C) લીમડો (D) તજ

**૬.** નીચેનામાંથી કયો ગ્રહ નથી?
(A) બુધ (B) શુક્ર
(C) મંગળ (D) ગુરુ

**૭.** 'સિક્સ મશીન' કયા બેટ્સમેનની આત્મકથા છે?
(A) યુવરાજસિંહ (B) ક્રિસ ગેલ
(C) શાહીદ આફ્રિદી (D) સનથ જયસૂર્યા

**૮.** સ્વતંત્ર ભારતના પ્રથમ મહિલા રાજ્યપાલ કોણ હતા?
(A) વિજ્યાલક્ષ્મી પંડિત (B) શારદા મુખર્જી
(C) ફાતિમા બીબી (D) સરોજીની નાયડુ

**૯.** વિશ્વનો સૌથી નાનો દેશ કયો છે?
(A) વેટિકન સિટી (B) મોનેકો
(C) સૈન મેરીન (D) તુલાલુ

**૧૦.** ભારતમાં પીનકોડ પધ્ધતિ કયા વર્ષમાં લાગુ કરવામાં આવી?
(A) ૧૫ ઓગસ્ટ, ૧૯૬૨ (B) ૧૫ ઓગસ્ટ, ૧૯૭૨
(C) ૧૫ ઓગસ્ટ, ૧૯૮૨ (D) ૧૫ ઓગસ્ટ, ૧૯૯૨

**૧૧.** પ્રસિધ્ધ અમૃતધારા ધોધ ભારતના કયા રાજ્યમાં આવેલો છે?
(A) છત્તીસગઢ (B) મહારાષ્ટ્ર
(C) મધ્યપ્રદેશ (D) હિમાચલ પ્રદેશ

**૧૨.** કયા ભારતીય ચિત્રકારે બંધારણની મૂળ હસ્તપ્રતની ડિઝાઈન તૈયાર કરી હતી?
(A) રાજા રવિવર્મા (B) અમૃતા શેરગીલ
(C) નંદલાલ બોસ (D) બિશનદાસ

**૧૩.** કયો દેશ રબરના ઉત્પાદનમાં અગ્રણી છે?
(A) ઓસ્ટ્રેલિયા (B) ભારત
(C) મલેશિયા (D) મ્યાનમાર

**૧૪.** ભારતીય વૈદકશાસ્ત્રના મહાન પ્રણેતા કોણ હતા?
(A) વિક્રમાદિત્ય અને કુમારપાળ (B) ચરક અને સુશ્રુત
(C) ચંદ્રગુપ્ત અને સમુદ્રગુપ્ત (D) આર્યભટ્ટ અને બ્રહ્મગુપ્ત

**૧૫.** કયા અભિનેતાએ ૬૦૦થી વધારે ફિલ્મોમાં મુખ્ય ભૂમિકા ભજવી વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો હતો?
(A) પ્રેમ નઝીર (B) કમલ હાસન
(C) એન.ટી. રામારાવ (D) શિવાજી ગણેશન

**૧૬.** લોગેરીધમ ટેબલના જનક કોણ છે?
(A) જહોન ડો (B) જહોન મેરીસ
(C) જહોન નેપિયર (D) જહોન ડગભાસ

**૧૭.** એન્ટોમોલોજીમાં શાનો અભ્યાસ થાય છે?
(A) માનવ વર્તનનો (B) જંતુઓનો
(C) વૈજ્ઞાનિક શબ્દોનો (D) ખડકોનો

**૧૮.** ભારતે ઓક્ટોબર-૨૦૧૬માં કયા દેશની ટીમને હરાવીને કબડ્ડી વિશ્વકપ-૨૦૧૬ જીત્યો હતો?
(A) ઉઝબેકિસ્તાન (B) તાઈવાન
(C) મંગોલિયા (D) ઈરાન

**૧૯.** પ્રથમ મેગ્સેસ એવોર્ડ વિજેતા ભારતીય કોણ છે?
(A) વિનોબા ભાવે (B) ત્રિભુવનદાસ પટેલ
(C) એમ.એસ. સ્વામીનાથ (D) બાબા આમટે

**૨૦.** શિવાજીના શાસનમાં પેશ્વા કોણ હતા?
(A) નાણામંત્રી (B) ગૃહમંત્રી
(C) વડાપ્રધાન (D) મુખ્ય ન્યાયાધીશ

(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે)

# તા. ૧-૪-૨૦૧૭ પછી રોકડમાં વ્યવહાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની મર્યાદાઓ

સંકલિત

| વ્યવહાર | કલમ | મર્યાદાઓ | પેનલ્ટી / અસર |
|---|---|---|---|
| ધંધા વ્યવસાય સંબંધિત ખર્ચની રોકડમાં ચૂકવણી | **40A(3)** | રૂા. ૧૦,૦૦૦થી વધારેના કોઈ પણ ખર્ચ રોકડમાં કરી શકાશે નહીં. (ટ્રાન્સપોર્ટરને રોકડામાં ભાડાની ચૂકવણીની મર્યાદા રૂા. ૩૫,૦૦૦/- યથાવત રાખવામાં આવેલ છે.) | રૂા. ૧૦,૦૦૦/-થી વધારે રોકડ ખર્ચ કરેલ હશે તો તે ખર્ચ આવકમાંથી બાદ મળી શકશે નહીં. |
| મિલ્કતની વાસ્તવિક કિંમત નક્કી કરવા તથા ઘસારો બાદ લેવા અંગે | **43(1)** | રૂા. ૧૦,૦૦૦થી વધારેના કિંમતની મિલ્કત રોકડેથી ખરીદી શકાશે નહીં. | રૂા. ૧૦,૦૦૦થી વધારે રોકડેથી ધંધાકીય મિલ્કતની ખરીદી કરેલ હશે તો તે મિલ્કતની કિંમતમાં ઉમેરી શકાશે નહીં તથા તેના પર ઘસારો બાદ મળી શકશે નહીં. |
| રૂા. ૨,૦૦,૦૦૦/-થી વધારે રોકડા સ્વીકારવા પર મૂકવામાં આવેલ પ્રતિબંધ | **269ST** | આ નવી જોગવાઈ મુજબ કોઈપણ વ્યક્તિ (સરકારી બેન્કિંગ, કંપનીઓ, પોસ્ટ ઓફિસ, સેવિંગ્સ બેંક અથવા કો-ઓપરેટીવ બેંકને તથા કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલા લોકો તેઓને આ મર્યાદા લાગુ પડશે નહીં.) નીચેના સંજોગોમાં રૂા. ૨,૦૦,૦૦૦/-થી વધારે રોકડમાં સ્વીકારી શકશે નહીં.<br>(અ) એક દિવસમાં એક વ્યક્તિ પાસેથી બધા વ્યવહારો મળીને.<br>(બ) કોઈ એક વ્યવહાર પેટે<br>(ક) એક વ્યક્તિ પાસેથી કોઈ એક ઘટના કે કોઈ એક પ્રસંગ સંબંધિત વ્યવહારો માટે.<br>ઉપરોક્ત જોગવાઈના વ્યાપમાં આવતા વ્યવહારોનું ઉદાહરણ<br>(અ) એક દિવસમાં એક વ્યક્તિ પાસેથી બધા વ્યવહારો મળીને દા.ત. કોઈ એક વ્યક્તિ રૂા. ૧ લાખ અને રૂા. ૧.૨૫ લાખ એમ બે જુદા જુદા બીલ પેટે મળીને ૨.૨૫ લાખ રોકડા સ્વીકારે છે. તો આ વ્યવહાર કલમ-૨૬૯એસટી હેઠળ ૧૦૦% પેનલ્ટીને પાત્ર થાય છે.<br>(બ) કોઈ એક વ્યવહાર પેટે કોઈ વ્યક્તિ રૂા. ૩.૧૦ લાખનું એક બીલ બનાવે અને તે પેટે જુદા જુદા દિવસોમાં ૧.૬ લાખ અને ૧.૫ લાખ રોકડા સ્વીકારે તો આ વ્યવહાર કલમ-૨૬૯એસટી હેઠળ ૧૦૦% પેનલ્ટીને પાત્ર થાય.<br>(ક) કોઈ એક વ્યક્તિ પાસેથી કોઈ એક ઘટના કે કોઈ એક પ્રસંગ સંબંધિત વ્યવહારો માટે જો લગ્ન એક પ્રસંગ | રૂા. ૨,૦૦,૦૦૦ કે તેથી વધારે રકમ સ્વીકારી હોય તો તેટલી રકમ પર ૧૦૦% દંડની જોગવાઈ છે. |

| વ્યવહાર | કલમ | મર્યાદાઓ | પેનલ્ટી / અસર |
|---|---|---|---|
| | | પેટે રૂા. ૨,૦૦,૦૦૦થી વધારે રકમ કોઈપણ વ્યક્તિ પાસેથી સ્વીકારવામાં આવે તો આ વ્યવહાર કલમ-૨૬૯એસટી હેઠળ ૧૦૦% પેનલ્ટીને પાત્ર થાય છે. | |
| બેંકમાંથી રૂા. ૨,૦૦,૦૦૦ થી વધારેનો રોકડમાં ઉપાડ | | તા. ૫-૪-૨૦૧૭ના રોજ મિનિસ્ટ્રી ઓફ ફાઈનાન્સ દ્વારા જાહેર કરવામાં આવેલ પ્રેસ રીલીઝ મુજબ બેંક, પોસ્ટ ઓફિસ, કો-ઓપરેટીવ બેંકમાંથી રૂા. ૨,૦૦,૦૦૦ થી વધારે રોકડા ઉપાડવામાં આવે તો કલમ-૨૬૯એસટી મુજબ પેનલ્ટી લાગુ પડશે નહીં. | પેનલ્ટી લાગુ પડશે નહીં |
| રોકડમાં લોન તથા ડિપોઝીટ સ્વીકારવા અંગે | **269SS** | રૂા. ૨૦,૦૦૦ | રૂા. ૨૦,૦૦૦ની મર્યાદાથી વધારે રકમ સ્વીકારેલ હશે તો પૂરેપૂરી રકમ ઉપર પેનલ્ટીની જોગવાઈ છે. |
| લોન કે ડિપોઝીટની રોકડમાં ચૂકવણી અંગે | **269T** | રૂા. ૨૦,૦૦૦ | રૂા. ૨૦,૦૦૦ની મર્યાદાથી વધારે રકમ ચૂકવેળ હશે તો પૂરેપૂરી રકમ ઉપર પેનલ્ટીની જોગવાઈ છે. તા. ૧-૬-૨૦૧૫ અમલી બને તે રીતે કોઈપણ સ્થાવર મિલ્કતના હસ્તાંતરના સંદર્ભમાં કોઈપણ વ્યક્તિ પાસેથી રૂા. ૨૦,૦૦૦થી વધારે રોકડ રકમ એડવાન્સ કે અન્ય કોઈ સ્વરૂપે સ્વીકારી શકાશે નહીં. |
| હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રીમિયમની ચૂકવણી | **80D** | રોકડમાં હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રીમિયમની ચૂકવણી કરી શકાતી નથી. | કલમ-૮૦ડી હેઠળ બાદ મળી શકશે નહીં. |
| ઈન્વેસ્ટમેન્ટ લીન્કડ સ્કીમમાં મૂડીરૂપી ખર્ચ ધંધા વ્યવસાયમાં બાદ લેવા માટે | **35AD** | રૂા. ૧૦,૦૦૦ | રૂા. ૧૦,૦૦૦થી વધારે રોકડમાં ખર્ચ કરેલ હશે તો તે ખર્ચ કલમ-૩૫એડી હેઠળ મૂડીરૂપી ખર્ચ તરીકે બાદ મળી શકશે નહીં. |

| વ્યવહાર | કલમ | મર્યાદાઓ | પેનલ્ટી / અસર |
|---|---|---|---|
| ચોક્કસ ફંડ તથા ચેરીટેબલ ટ્રસ્ટોને દાન | **80G** | રૂા. ૨,૦૦૦ | રૂા. ૨૦૦૦થી વધારે રોકડમાં દાન ચૂકવવામાં આવશે તો કલમ-૮૦જી હેઠળ બાદ મળતી કપાત મળી શકશે નહીં. |
| વૈજ્ઞાનિક સંશોધન અથવા રૂરલ વિકાસ માટે આપેલ ફંડ | **80GGA** | રૂા. ૧૦,૦૦૦ | રૂા. ૧૦,૦૦૦થી વધારે રોકડમાં ચૂકવણી કરવામાં આવે તો કલમ-૮૦જીજીએ હેઠળ તે ખર્ચ બાદ મળી શકશે નહીં. |
| રાજકીય પાર્ટીને આપેલ દાન | **80GGC** | રોકડમાં દાન આપી શકાતું નથી | રોકડેથી રાજકીય પાર્ટીને દાન આપવામાં આવશે તો તે ડિડક્શન તરીકે બાદ મળી શકશે નહીં. |

*માહિતી સ્રોત : ઈન્ટરનેટ* ● **Disclaimer :** *ઉપરોક્ત માહિતીમાં કાયદાની સંબંધિત કલમો અને નિયમોનો દરેક માહિતીના સમર્થન માટે ઉપયોગ કરવામાં આવેલ છે. છતાં આ માહિતીનો ઉપયોગ કરતાં પહેલા તમારા લીગલ ઍડવાઈઝરનો અવશ્ય સંપર્ક કરવો.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## સરસ્વતી સન્માન : ૨૦૧૬-૨૦૧૭

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા સમાજમાં ઉચ્ચ ગુણ સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવનાર છે. અત્યાર સુધી દર વર્ષે ધોરણ-૧૦, ધોરણ-૧૨, કન્યા પારિતોષિક (ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨માં સમાજમાં પ્રથમ આવનાર કન્યા), ઉચ્ચ શિક્ષણ તથા વિશિષ્ટ પ્રતિભાઓને પારિતોષિક આપવામાં આવતા હતા. પરંતુ ચાલુ વર્ષથી આ યોજનામાં ધોરણ-૧થી ધોરણ-૯ના વિદ્યાર્થીઓને પણ પારિતોષિક આપવામાં આવશે. તદ્દુપરાંત ડિપ્લોમા કોર્સના વિદ્યાર્થીઓની પણ અમુક નિયમોને આધીન ગણના કરવામાં આવનાર છે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ચાલુ વર્ષથી સરસ્વતી સન્માનને ખૂબ જ વિસ્તૃત સ્વરૂપ આપેલ છે કે જેથી સમાજમાં અભ્યાસ કરતા કોઈ પણ ધોરણના વિદ્યાર્થી તેમજ ઉચ્ચ અભ્યાસ અને ડિગ્રી તથા ડિપ્લોમાની પદવી મેળવનાર કોઈ પણ વિદ્યાર્થી આ યોજનામાં સામેલ થઈ શકે છે.

વિદ્યાર્થીઓને ભરવાના ફોર્મ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસેથી પ્રાપ્ત થઈ શકશે.

***વિશેષ વિગત માટે સંપર્ક :*** શ્રી મનુભાઈ કોટડિયા : મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮

## વ્યવસાયિક લોન

અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોમાંથી જેઓ પોતાનો વ્યવસાય નાના પ્રમાણમાં કરતા હોય તેમને તેમની જરૂરિયાત અનુસાર રૂા. ૫૦,૦૦૦/- સુધીની વગર વ્યાજની લોન શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી આપવામાં આવશે, કે જે નક્કી કર્યા મુજબના હપ્તેથી પરત ચૂકવવાના રહેશે. જરૂરિયાતવાળા વ્યવસાયકારોએ પોતાની વિગત અને જરૂરિયાતને લગતી વિગતો જણાવી નીચેના સરનામે પત્ર લખી, મોકલી આપવા જણાવવામાં આવે છે.

વ્યવસાયિક લોન સમિતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

***વિશેષ વિગત માટે સંપર્ક :*** શ્રી અતુલ સોની : મો. ૯૭૨૫૦ ૩૮૧૪૦

# રજા ચિઠ્ઠી

ઘરમાં વેકેશનની તૈયારીઓ તડામાર ચાલી રહી હતી.

'ચાર દિવસ પછી તો આપણે પ્લેનમાં બેઠા હોઈશું... અને ખૂબ મજા કરીશું...!' મમ્મી તો ગોવા જતી ફ્લાઇટમાં જાણે સૌ બેસી ગયા હોય છે તેવું આભાસી ચિત્ર મોટા દીકરા આયુધ અને નાની દીકરી રિધ્ધિને બતાવી રહી હતી.

'અને જો મમ્મી... હું બીચ પર ખૂબ નહાવાનો છું... તું મને રોકતી નહીં...!' દસમા ધોરણની પરીક્ષા પૂરી થયા પછી આયુધ ક્યારનોય વેકેશનની મોજમસ્તીના સપના જોઈ રહ્યો હતો.

'પણ... મમ્મી... આ ફરવા જવાનો ખર્ચ કેટલો થશે?' ક્યારનીયે ચુપચાપ બેસી રહેલી રિધ્ધિએ મમ્મીને પૂછી લીધું.

'એ...તો... તારા પપ્પાને ખબર...!!' મમ્મીએ જવાબ વાળી દીધો. પણ જે ચિંતા મોટી વ્યક્તિને થવી જોઈતી'તી તે ચિંતા ઘરની સૌથી નાની વ્યક્તિ જેણે હજુ તો ચોથા ધોરણની પરીક્ષા આપી, તે રિધ્ધિ કરી રહી હતી.

'પણ... જુઓ આ વખતે હું તમારું કોઈ બહાનું નહીં ચલાવી લઉં. મારી બધી બહેનો તો આખું ભારત ફરી આવી... તમે મને અંબાજીથી આગળ ક્યાંય નથી લઈ ગયા...!!! ગમે તે કરી આ વેકેશનમાં તો મારે ગોવા જવું જ છે....!!' આ સ્ત્રીહઠે વશિષ્ઠને મજબૂર કરી દીધો હતો... જો કે તે સ્ત્રીહઠ પૂરી કરવા પાછળ વશિષ્ઠે પોતાની પ્રામાણિકતા દાવ પર લગાવી દીધી હતી. પોતાની કંપનીમાં એક મોટો ઓર્ડર અપાવવા માટે સામેની કંપની પાસે ગોવાનું પેકેજ લાંચ પેટે લઈ લીધું હતું. વશિષ્ઠની અંદરનો વસવસો દૂર કરવા તેની પત્નીએ જ પ્રેક્ટિકલ એપ્રોચ સમજાવ્યો હતો. વશિષ્ઠની પત્નીએ અને આયુધે તો પોતાની સોસાયટી અને દરેક જાણીતાને પોતે વેકેશનમાં પ્લેનમાં ફરવા જવાના છે તેની જાહેરાતો કરી દીધી હતી. મમ્મીએ ત્રીજી વાર બધું પેકિંગ ચકાસી લીધું. અને બસ હવે તો ગોવામાં જ શાંતિથી સૂઈ શકશે તેવા શમણામાં ખોવાઈ જતી.

રાત્રે બાર વાગે સેકન્ડ શિફ્ટ પૂરી કરી વશિષ્ઠ ઘરે આવ્યો. તેના ચહેરા પર નૂર ઓછું હતું. તે ચૂપ હતો. પત્નીએ આજે પહેલીવાર રાત્રે મોડે ગરમ-ગરમ રસોઈ બનાવી આપી. ચોથા કોળિયે તો વશિષ્ઠે કહી તો દીધું, 'મારી રજા મંજૂર થઈ નથી. બધા વેકેશનમાં રજા લેશે તો કંપની કેવી રીતે ચાલશે? શેઠે હમણાં રજા નહીં મળે તેમ સ્પષ્ટ કહ્યું છે.' આ વાક્ય પૂરું થતાં તો તેની પત્નીના બધા સપનાઓ જાણે એક ક્ષણમાં જ ઓગળી ગયા.

'તો... પછી એમ કરો... બીમારીની રજા લઈ લો!' 'પણ... માંદું કોણ છે? એક તો મેં શેઠને જણાવ્યું પણ નથી કે આપણે ફરવા જવાના છીએ. જો તે તપાસ કરે કે આ પેકેજ મને પેલી કંપનીએ ગિફ્ટ વાઉચરમાં આપ્યું છે તો મારી વર્ષોની પ્રામાણિકતા અને વિશ્વાસ ઉપર પાણી ફરી વળે...'

વશિષ્ઠ ખોટું કરવા તૈયાર નહોતો.

'બળી તમારી પ્રામાણિકતા ને બળ્યો તમારો વિશ્વાસ. આટલા વર્ષોની નોકરી પછી તમને મળ્યું છે શું? અને એકવાર ખોટું બોલી જશો કે મારી દીકરી ખરેખર માંદી છે તો શેઠ કાંઈ ઘરે થોડા જોવા આવવાના છે?' પત્ની ખૂબ પ્રેક્ટિકલ બની વશિષ્ઠના વર્ષોની પ્રામાણિકતાને તુચ્છ જણાવી રહી હતી.

'સારું એમ કરીશ...' ત્રણ શબ્દો પછી વશિષ્ઠે જમવાનું પૂરું કર્યું અને આયુધ - રિધ્ધિ પાસે સૂઈ ગયા. રિધ્ધિ તે બંનેની વાતચીત સાંભળી ચૂકી હતી. વશિષ્ઠની આંખોમાંથી ઊંઘે રજા લઈ લીધી હોય તેમ તે રૂમની છતને તાકી રહ્યો હતો. રિધ્ધિ જાણે પપ્પાની પરિસ્થિતિ પામી ચૂકી હોય તેમ પોતાની નાની હથેળીથી પપ્પાના માથે હાથ ફેરવવા લાગી.

'કેમ બેટા, ઊંઘ નથી આવતી...?' વશિષ્ઠે રિધ્ધિ બાજુ પડખું ફેરવ્યું.

'પપ્પા... તમને પણ ક્યાં ઊંઘ આવે છે? પપ્પા પૈસાની તકલીફ હોય તો આપણે ફરવા નથી જવું.' દીકરીની નાની હથેળીમાં વ્હાલ એટલું હતું કે વશિષ્ઠની આંખો ભરાઈ આવી.

'ના, બેટા... આ તો રજા પાસ નથી થઈ... એટલે શું કરું તે વિચારતો હતો... પણ એ તો હું ગમે તેમ કરીને તે કરી લઈશ. તું સૂઈ જા અને વેકેશન ટુરની તૈયારી કર.' વશિષ્ઠે રિધ્ધિના કપાળે દીર્ઘ ચુંબન કર્યું અને જાણે પોતાનો બધોય ભાર હળવો થઈ ગયો હોય તેમ લાગ્યું. બીજા દિવસે વશિષ્ઠે પોતાના ઓળખીતા ડૉક્ટર પાસે રિધ્ધિની માંદગીનું સર્ટી. લઈ લીધું અને કંપનીમાં ભારે પગલે શેઠની કેબિનમાં પગ મૂક્યો.

શેઠ તેમના હાથમાં એક કાગળ વાંચી રહ્યા હતા.

'સર... મારી રજા ચિઠ્ઠી. મારી દીકરીને ઝેરી મેલેરિયાની અસર છે. હું અઠવાડિયું કામ પર નહીં આવી શકું.' વશિષ્ઠે આખરે સાહસ કરીને ખોટું બોલી દીધું.

'રજા નથી આપી એટલે બહાનું તો નથીને વશિષ્ઠ?' શેઠે ધારદાર નજરથી વશિષ્ઠ સામે જોયું.

અને તે ક્ષણે વશિષ્ઠની આંખોમાં રહેલું અસત્ય ક્યાંક પરખાઈ ન જાય એટલે તે આડીઅવળી થઈને સુરક્ષિત ખૂણો શોધવા લાગી અને છેલ્લે તે જમીન પર સ્થિર થઈ ગઈ અને

જીભે તેનું પ્રેક્ટિકલ કામ કર્યું, 'ના... સર...'

'સારું, મને તારામાં વિશ્વાસ છે કે તું ખોટું નહીં બોલે.' શેઠના આ શબ્દોથી વશિષ્ઠને લાગ્યું કે ખરેખર આજે પહેલીવાર હું મારી નજર ઊંચી નથી કરી શકતો. તે ચૂપ રહ્યો.

શેઠે કહ્યું, 'સારું. રિધ્ધિની સારવારનો ખર્ચ કંપનીમાંથી લઈ લેજે.' આ શબ્દોથી વશિષ્ઠની આંખોમાંથી ઝળહળીયા આવી ગયા અને ફરી અંદરથી સત્ય બેઠું થઈ ગયું.

તે વિશ્વાસથી શેઠને સાચું કહેવા નજીક આવ્યો. 'સર... સોરી... હું આજે તમારી સામે જુઠ્ઠું બોલ્યો છું. રિધ્ધિ માંદી નથી. મારે રજા નથી જોઈતી.' વશિષ્ઠ ઝડપથી કેબિન બહાર નીકળવા લાગ્યો.

'ઉભો રહે વશિષ્ઠ... તું આ કંપનીનો સૌથી જૂનો અને પ્રામાણિક કર્મચારી છે. તું જુઠ્ઠું બોલ્યો તેની સજા થશે.' શેઠની આંખોમાંથી જાણે આગના તણખા ઝરી રહ્યા હતા.

'લે આ કવર...' શેઠના ભારેખમ અવાજમાં વશિષ્ઠના પગ થંભી ગયા. વશિષ્ઠને લાગ્યું કે શેઠે મને પાણીચું તો નથી પકડાવી દીધું ને?'

'સારું, ખોલ કવરને...' શેઠનો અવાજ વધુ ભારેખમ હતો. વશિષ્ઠે ધ્રુજતા હાથે કવર ખોલ્યું. તેમાં એક નાની ચિઠ્ઠી હતી અને સાથે બીજું કવર હતું.

'તે ચિઠ્ઠી વાંચ...' શેઠ હજુ ગુસ્સામાં હતા. નાની ચબરખીમાં મરોડદાર અક્ષરોમાં લખેલું હતું....

'રજા ચિઠ્ઠી...

સર જણાવવાનું કે મારા પપ્પાની રજા તમે મંજૂર કરી નથી. અમારે ખરેખર ફરવા જવું છે. મારા પપ્પા ક્યારેય ખોટું બોલતા નથી. પણ કાલે રાત્રે જ મને લાગ્યું કે મારા પપ્પા અમારા માટે ખોટું બોલીને તમારી પાસે રજા માંગશે. મારી સ્કૂલની રજા માટે મારા પપ્પા જો રજા ચિઠ્ઠી લખતા હોય તો તેમની રજા ચિઠ્ઠી હું કેમ ન લખી શકું? વળી પપ્પાને પૈસાની પણ તકલીફો છે. જે મને ક્યારેય નહીં જણાવે કેમકે હું તેમની દીકરી છું... દીકરો નહીં...! હું માંદી નથી. છતાં પણ તમે મારા પપ્પાને રજા આપશો તેવી હું તેમની દીકરી ભલામણ કરું છું.

મારા પપ્પાની વહાલી દીકરી રિધ્ધિ.

વાંચતાની સાથે જ વશિષ્ઠની આંખો ઉભરાઈ ગઈ. ગળામાં ડૂમો બાઝી ગયો. તે નિઃશબ્દ બની ઊભો રહી ગયો.

શેઠ ઊભા થઈને તેની નજીક આવ્યા અને કહ્યું, 'વશિષ્ઠ, આ કવરમાં બીજો કાગળ છે તે તમારી ફેમિલી ટુરનું યુરોપનું પેકેજ છે. તમારા પાસપોર્ટ, વિઝા થઈ જશે. ખરીદીના વાઉચરો છે... તમારા મનગમતા કપડા ખરીદી લેજો અને ગોવા જવાની જરૂર નથી.'

શેઠ પણ દુનિયાદારી જોઈ ચૂક્યા હતા. વશિષ્ઠ શેઠના ચરણોમાં ઝુકી ગયો.

શેઠે તેનો ખભો પકડીને ઊભો કર્યો અને કહ્યું, 'હા, તારી ડાહી રિધ્ધિને કહી દે જે કે મેં તેને લખેલી રજા ચિઠ્ઠી મંજૂર કરી દીધી છે.' ■

*જ્યાં સંપ નથી તે ઘર કબરતુલ્ય છે*
*જ્યાં એકતા નથી તે મકાન સ્મશાનતુલ્ય છે.*

**"સામાન્ય જ્ઞાન"ના જવાબો**

**જવાબો :** (૧) B, (૨) A, (૩) B, (૪) D, (૫) D, (૬) B, (૭) B, (૮) A, (૯) A, (૧૦) B, (૧૧) A, (૧૨) C, (૧૩) C, (૧૪) B, (૧૫) A, (૧૬) C, (૧૭) B, (૧૮) D, (૧૯) A, (૨૦) C.

## MATRIMONIAL



| | |
|---|---|
| **Name** | : Tiru Halaie |
| **Fathers Name** | : Vipul Halaie |
| **Mothers Name** | : Pratima Halaie |
| **Birth Date** | : 17-02-1988 |
| **Birth Time** | : 02.50 a.m. |
| **Height** | : 5'11" |
| **Colour** | : Fair |
| **Address** | : Vipul Wooden Art, 2nd Floor, Vinayak Bhavan, Modi No.2, Sitabuldi, Nagpur-440 012. (Maharashtra) |
| **Contact No.** | : 09422102427 / 09422441163 |
| **Education** | : M.B.A. Completed Company Secretary (Pursuing) |
| **Father's Occupation** | : Business (Govt. Contractor) |
| **Mother's Occupation** | : Housewife (Involved in Business) |
| **Brother** | : Kadam Halaie |
| **Grand Father** | : Shankarlal Halaie |
| **Grand Mother** | : Rukmaniben Halaie |
| **Nana** | : Pritamlal Kansara (Secunderabad) |
| **Nani** | : Mangalaben Kansara (Secunderabad) |
| **Hobbies** | : Music, Love Animals & Cooking |

# વિદુર નીતિના શ્રેષ્ઠ ૧૦૮ વાક્યો

૧. જેનું ચારિત્ર્ય સારું છે, તેના માટે આખી દુનિયા એક પરિવાર છે.

૨. છળકપટ કરનાર કદી રાજા બની શકતો નથી.

૩. જે સૌનું કલ્યાણ ઇચ્છે છે તે સૌથી મહાન છે.

૪. જ્યાં જ્યાં જુગાર રમાય છે ત્યાં ત્યાં લક્ષ્મીનો અભાવ રહે છે.

૫. સ્વામીએ સેવક ઉપર અને સ્વામી ઉપર સેવકે કદી અવિશ્વાસ ન કરવો.

૬. વિનય અને વિવેક, અપયશનો તત્કાલ વિનાશ કરે છે.

૭. સુખ માટે ક્યારેય ધર્મનો ત્યાગ કરશો નહીં.

૮. બુધ્ધિમાન અહીં ગરીબ રહી જાય છે અને મૂર્ખ ધનવાન બની જાય છે.

૯. ક્ષમા કદી પણ ક્યારેય કોઈનું અકલ્યાણ કરતી નથી.

૧૦. અગ્નિ, સ્ત્રી, દેવી, દેવતા, ગુરુ અને મા-બાપનું કદી અપમાન કરશો નહીં.

૧૧. રાજાએ ક્યારેય પણ પોતાના રાજ્યના નોકરોનો પગાર રોકવો નહીં.

૧૨. રાજા, વિધવા, સૈનિક, લોભી, અતિ દયાળુ, અતિ ઉડાઉ અને અંગત મિત્ર – આ સાત સાથે નાણાંની લેવડ દેવડ કરવી નહીં.

૧૩. આળસુ, ખાઉધરો, અળખામણો, ધૂર્ત, ચાલાક, ક્રોધી અને વિચિત્ર વેશધારી – આ સાતને ક્યારેય પોતાના ઘેર ઉતારો આપવો નહીં.

૧૪. તપ, દમ, અધ્યયન, યજ્ઞ, દાન, સદાચાર અને પવિત્ર વિવાહ – આ ગુણો જે કુળમાં હોય છે તે શ્રેષ્ઠ કુળ કહેવાય છે.

૧૫. રાજા, વિદ્વાન, વૃધ્ધ, બાળક, રોગીષ્ઠ, અપંગ અને મા-બાપ - આ સાત ઉપર ગુસ્સો કરનાર સામેથી પીડા વહોરી લે છે.

૧૬. ધીરજ, પુરુષાર્થ, પવિત્રતા, દયા, મધુરવાણી, મનોનિગ્રહ અને નિરોગી શરીર – આ સાત ગુણો હંમેશાં ધનસંપત્તિ વધારે છે.

૧૭. જે ધનવાન છે, પણ ગુણવાન નથી તેની સોબત કદી ન કરવી.

૧૮. સતત પુરુષાર્થ કરનારને જ બધા પ્રારબ્ધ સતત સાથ આપે છે.

૧૯. અહીં 'સીધા' માણસને જ બધા હેરાન કરે છે - માટે બહુ સરળ ન થવું.

૨૦. જે થવાનું હતું તે થઈ ગયું – તેને ભૂલી જઈ વર્તમાનમાં જીવો.

૨૧. પ્રેમ બધા ઉપર રાખો, પણ વિશ્વાસ કદી નહીં.

૨૨. જે કદી પણ ક્રોધ કરતો જ નથી તે પુરુષ યોગી છે.

૨૩. આમંત્રણ સિવાય ક્યારેય પારકા ઘેર જવું નહીં.

૨૪. ધર્મનું આચરણ કરી, નીતિપૂર્વક કમાણી કરવી એ પણ એક પરમસિદ્ધિ છે.

૨૫. ઘરની તમામ મહિલાઓની રક્ષા કરવી, એ ઘરના મર્દોની ફરજ છે.

૨૬. કોઈપણ કાર્યની શરૂઆત કરો તો તેને બહુ જાહેર ના કરો.

૨૭. જે કારણ વગર ગુસ્સે થાય કે કારણ વગર પ્રસન્ન થાય, તેનાથી ચેતજો.

૨૮. જે પોતાને પ્રતિકૂળ છે, તેવું વર્તન બીજા પ્રત્યે કરવું નહીં.

૨૯. જે લોભી છે તેને આખી પૃથ્વી આપો તો પણ ઓછી જ પડવાની છે.

૩૦. જે શાસ્ત્રોથી વિરુધ્ધ વર્તન કરે છે, તેને શાસ્ત્રો કે શસ્ત્રોનો સામનો કરવો પડે છે.

૩૧. દોરીથી બંધાયેલી કઠપૂતળીની જેમ, જીવ દેવને બંધાયેલો પરવશ છે.

૩૨. ક્રોધ શરીરના સૌંદર્યનો નાશ કરે છે.

૩૩. પરિવારને મૂકી, જે એકલો મિષ્ટાન્ન આરોગે છે, તેનું પતન નિશ્ચિત છે.

૩૪. જ્યારે ઘરમાં બધા સૂઈ ગયા હોય ત્યારે એકલાએ જાગવું નહીં.

૩૫. જે વાદવિવાદ નથી કરતાં, તે સંવાદમાં જીતી જાય છે.

૩૬. ઋષિનું કૂળ અને નદીનું મૂળ જાણવા પ્રયત્નો કરવા નહીં.

૩૭. જે ભૂખ વગર ખાય છે, તે વહેલો મરે છે.

૩૮. દુર્જનોનું બળ હિંસા છે.

૩૯. મધુરવાણી ઔષધ છે, કટુવાણી રોગ છે.

૪૦. બધા તીર્થોની કરેલી યાત્રા કરતાં, જીવદયા ચડિયાતી છે.

૪૧. પોતાના ઉપયોગ માટે મેળવેલ અનાજ, દહીં, મીઠું, મધ, તેલ, ઘી, તલ, કંદમૂળ, શાકભાજી, લાલ વસ્ત્રો અને ગોળ – આ ૧૧ વસ્તુઓ કોઈને વેચવી નહીં.

૪૨. સાપ, રાજા, શત્રુ, ભોગી, લેણદાર, સ્ત્રી અને પોતાનું શરીર – આટલા સાત ઉપર કદી આંધળો વિશ્વાસ મૂકવો નહીં.

૪૩. સ્નાન કરવાથી રૂપ, બળ, સ્વર, શોભા, સ્વચ્છતાના લાભ પ્રાપ્ત થાય છે.

૪૪. જે સેવક આજ્ઞાનું પાલન કરવાને બદલે વ્યર્થ દલીલબાજી કરતો હોય, તેને વિના વિલંબે પાણીચું આપી દેવું જોઈએ.

૪૫. જે માણસ જેવો વ્યવહાર કરે છે, તેવો જ વ્યવહાર તેની સાથે કરો.

૪૬. હણે તેને હણવામાં પાપ નથી.

૪૭. કોઈની વગર કારણે નિંદા કરવી, કોઈ વાતને મૂળ કરતાં વધારીને કહેવી અને કર્કશ વાણી ઉચ્ચારવી – આ ત્રણ દુર્ગુણ દુઃખ આપે છે.

૪૮. જ્યાં અતિથિનો આવકાર થાય છે, જે પરિવારમાં મધુર સંવાદ થાય છે, સંતોષકારક ભોજન થાય છે, તેમજ સેવા થાય છે ત્યાં સદાકાળ લક્ષ્મી છે.

૪૯. જ્ઞાનથી અભય, તપથી ગૌરવ, ગુરુસેવાથી જ્ઞાન અને યોગથી શાંતિ મળે છે.

૫૦. દિવસે એવું ને એટલું કામ કરવું કે રાત્રે તુરંત જ ઊંઘ આવી જાય.

૫૧. જે સભામાં વૃદ્ધ નથી, તે સભા નથી. જે ધાર્મિક નથી, તે જ્ઞાનવૃધ્ધ નથી અને જેમાં સત્ય નથી, તેમાં કોઈ ધર્મ નથી.

૫૨. નાશ પામેલી કોઈપણ વસ્તુનો કોઈ શોક નથી કરતા, તે પંડિત છે.

૫૩. માણસને જે વહાલું હોય છે, તેના અવગુણ દેખાતા નથી અને જે અળખામણાં હોય છે તેના સદ્‌ગુણો દેખાતા નથી.

૫૪. પર્વતની ટોચ ઉપર, ઘરમાં, એકાંત સ્થળે, નિર્જન સ્થાન કે વનમાં, નદી કે સમુદ્ર કિનારે, કોઈ ધર્મ સ્થાનમાં, જ્યારે સમય મળે ત્યારે બેસી આત્મમંથન કરવું.

૫૫. કલ્યાણ ઇચ્છનારે ક્યારેય કુટુંબમાં કજિયો કે કંકાસ કરવા નહીં.

૫૬. જે વૃક્ષ ઉપર ફળફૂલ બેસતાં નથી તેનો પક્ષીઓ ત્યાગ કરે છે. તેમ મરેલાં માણસનો સગાવહાલાં તુરંત જ ત્યાગ કરી દે છે.

૫૭. જે ભાગ્યમાં લખેલું છે તે ક્યારેય મિથ્યા થતું નથી.

૫૮. જ્યારે મુશ્કેલીઓ આવી પડે ત્યારે સંકોચ વગર વડીલોનું માર્ગદર્શન મેળવો.

૫૯. કારણ વગર જ બીજાના દોષો જોવા - કહેવા એ મહામૂર્ખતા છે.

૬૦. દૂધ, ફળ, દવા, પાણી, કંદમૂળ, કોઈપણ દેવી કે દેવતાનો પ્રસાદ લેવાથી ઉપવાસ કે વ્રતભંગ થતો નથી.

૬૧. માતા-પિતા, પ્રભુ અને ગુરુને પગે લાગવાથી આયુષ્ય, વિદ્યા, યશ વધે છે.

૬૨. શુભ કાર્યો કરવાના સંકલ્પ સમયથી જ સંજોગો સુધરવાના શરૂ થઇ જાય છે.

૬૩. કોઈપણ પ્રયોજન વગર, કોઈ પણ પ્રવાસ કરવો નહીં.

૬૪. જે પોતાના વખાણ (આત્મશ્લાઘા) જ કરે છે, તે બધે અળખામણો બને છે.

૬૫. જીવનમાં જે માત્ર થોડા લાભથી જ સંતુષ્ટ થઈ જાય છે, તે મહામૂર્ખ છે.

૬૬. કુટુંબનું ભલું થતું હોય તો કુટુંબની ખરાબ વ્યક્તિનો તુર્ત ત્યાગ કરી દેવો. ગામનું ભલું થતું હોય તો પરિવારનો, દેશનું ભલું થતું હોય તો ગામનો અને આત્માની જો મુક્તિ થતી હોય તો પૃથ્વીનું રાજ પણ છોડી દેવું.

૬૭. જે ઘેરથી અતિથિ નારાજ - નિરાશ થઈને જાય છે, તે ઘરનું પુણ્ય નાશ પામે છે.

૬૮. ક્રોધને શાંતિથી, દુર્જનને સૌજન્યથી, કંજુસને દાનથી, અસત્યને સત્યથી, મા-બાપને સેવાથી, પત્નીને પ્રેમથી અને પતિને સ્વાદિષ્ટ ભોજનથી જીતવાં.

૬૯. જેમ ઉચ્ચ કુળમાં જન્મેલ નીચ બની શકે છે તેમ નીચ કુળનો ઉચ્ચ બને છે.

૭૦. જે અન્ન સારી રીતે પચી જતું હોય, તે જ માણસે ગ્રહણ કરવું.

૭૧. કાચાં ફળ તોડી લેનાર, ફળની અસલ મીઠાશ માણી શકતો નથી.

૭૨. નપુંસકને જેમ કોઈ સ્ત્રી પ્રેમ કરતી નથી, તે રીતે જે રાજા કે સ્વામી કે માલિકની કૃપા અને ક્રોધ જો વાંઝિયો હોય તો તેનો બધાં જ ત્યાગ કરે છે.

૭૩. જે ધાતુ તપાવ્યા વિના જ વળી જાય છે તે ધાતુને તપવું પડતું નથી.

૭૪. જેને કકડીને ભૂખ લાગે છે તેને રોટલો પણ મિષ્ટાન્ન છે. પરંતુ જેને ભૂખ જ લાગતી નથી, તેના માટે મિષ્ટાન્ન પણ વ્યર્થ છે.

૭૫. કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો ઉપર જેનો કાબૂ નથી તે શ્રેષ્ઠ ગુલામ છે.

૭૬. સત્યથી ધર્મનું, સતત અભ્યાસથી વિદ્યાનું, સાદગી અને સુઘડતાથી સૌંદર્યનું અને સદ્‌ગુણોથી કુળનું રક્ષણ થાય છે.

૭૭. અધર્મથી હજુ સુધી કોઈને સિધ્ધિ મળ્યાનું સાંભળ્યું નથી.

૭૮. શાંતિ માટે ક્ષમા, સુખ માટે સમાધાન, કલ્યાણ માટે ધર્મ શ્રેષ્ઠ ઉપાય છે.

૭૯. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ નર્કનાં દ્વાર છે.

૮૦. સત્ય, દયા, તપ, અહિંસા, અચૌર્ય અને અપરિગ્રહ એ સ્વર્ગના દ્વાર છે.

૮૧. નશાબાજ, પાગલ, કામી, લોભી, અભિમાની, ક્રોધી, ઉતાવળિયો, બીકણ, આળસુ અને બહુ બોલનારનો ક્યારેય સંગ ના કરવો.

૮૨. હંમેશાં પ્રસંગને અનુરૂપ પહેરવેશ ધારણ કરવો.

૮૩. જેવો પ્રશ્ન હોય તેવો જ જવાબ આપો.

૮૪. જે બીજાના સુખે સુખી થાય છે, તે સજ્જન છે. પણ જે બીજાના દુઃખે દુઃખી થાય છે તે સંત છે.

૮૫. જે શુભ કાર્યોમાં પોતાનાથી ચડિયાતાને આગળ રાખે છે, તે સફળ થાય છે.

૮૬. સમય આવ્યે જે શત્રુને પણ મદદ કરે છે, તેને ત્યાં અનર્થો આવતા નથી.

૮૭. બધા તહેવારોમાં શક્તિ મુજબ જે પરિવારનું ધ્યાન રાખે છે તે સુખી છે.

૮૮. જેમ અગ્નિ ઈંધણથી સંતુષ્ટ નથી તેમ કામી પુરૂષ સ્ત્રીઓથી ધરાતો નથી.

૮૯. વિદ્યાર્થીને સુખ ક્યાંથી અને સુખાર્થીને વિદ્યા ક્યાંથી?

૯૦. ધનનું મુખ્ય પ્રયોજન જ દાન અને ભોગ છે.

૯૧. જે ગાય સહેલાઈથી દોહવા દેતી નથી તેને બહુ માર ખાવો પડે છે.

૯૨. ફૂલમાંથી જે રીતે ભ્રમર રસ લે છે, રાજાએ એ રીતે પ્રજા પાસેથી કર લેવો.

૯૩. રાજનીતિમાં ધર્મ જરૂરી છે, પણ ધર્મમાં રાજનીતિની જરૂર નથી.

૯૪. પોતાનું જરૂરી કામ પડતું મૂકી, બીજાનું કામ કરવા દોડી જાય, તે મહામૂર્ખ છે.

૯૫. કોઈપણ પ્રસંગમાં આમંત્રણ વગર જે દોડી જાય છે, તે અપમાનિત થાય છે.

૯૬. દૂરદર્શિતા, કુલીનતા, ઈન્દ્રિયનિગ્રહ, સ્વાધ્યાય, પરાક્રમ, મિતભાષણ, દાન અને કૃતજ્ઞતા – આ આઠ ગુણો મનુષ્યને યશસ્વી બનાવે છે.

૯૭. આળસ, માદક દ્રવ્યોનું સેવન, વાતોડિયો સ્વભાવ, પરિવારની માયા, ધગશનો અભાવ, લાલચ, ચંચળતા અને અહંકાર – આ આઠ દુર્ગુણો હોય ત્યાં ક્યારેય વિદ્યા કે વિદ્યાર્થીનો વિકાસ થતો નથી.

૯૮. જે આસ્તિક છે, તે પંડિત છે.

૯૯. ન ગમાડવા જેવા લોકોને ગમાડે છે, ગમાડવા જેવાનો ત્યાગ કરે છે, તે મૂર્ખ છે.

૧૦૦. જે દુર્જનનો આદર સત્કાર કરતો નથી તેને યશ અને મહત્તા મળે છે.

૧૦૧. ધન, પુત્ર, સદ્‌ગુણી પત્ની, આજ્ઞાંકિત પુત્ર, નિરોગી શરીર અને વિદ્યા – સુખ આપે છે.

૧૦૨. સુપાત્રને દાન આપવું એ ધનની પ્રતિષ્ઠા છે.

૧૦૩. બધા જ 'ઘા'ની દવા છે, પણ કટુવાણીના 'ઘા'ની કોઈ દવા નથી.

૧૦૪. બુધ્ધિથી પાર પડાતા કાર્યો શ્રેષ્ઠ, બળથી મધ્યમ અને કપટથી અધમ હોય છે.

૧૦૫. બોલવા કરતાં મૌન શ્રેષ્ઠ છે અને મૂંગા રહેવા કરતાં સાચું બોલવું શ્રેષ્ઠ છે.

૧૦૬. એકલું અટૂલું ઊગેલું સુદ્રઢ મૂળવાળું વૃક્ષણ પણ ઉખડે છે, તેવું માણસનું પણ છે.

૧૦૭. યાન, વિગ્રહ, આક્રમણ, આસન, સંધિ, શત્રુતા, સમાશ્રય એ રાજનીતિ છે.

૧૦૮. જે તદન નિઃસ્વાર્થભાવે સેવા કરે છે, તેને અનાયાસે અપાર સુખ મળે છે.

## આત્મવિશ્વાસ

*તમે જો માનતા હો કે તમે હારશો*
*– તો તમે હારી જ જવાના.*

*તમે જો માનતા હો કે તમારામાં હિંમત નથી*
*– તો તમે કાયર જ રહેવાના.*

*તમને જીતવું તો ગમે જ,*
*પણ તમે એવું વિચારતા હો કે જીતી નહિ શકો*
*– તો ખાતરી રાખો કે તમે નહિ જ જીતો.*

*સફળતાનો પાયો છે આત્મવિશ્વાસ.*

*જિંદગીની દોડ જીતનાર હંમેશાં*
*શક્તિશાળી જ હોય એવું જરૂરી નથી.*

*જેણે જીતવાનો સંકલ્પ કરી*
*આરંભ કર્યો હોય તે જ જીતે છે.*

***– ભાર્ગવી દોશી***
***સૌજન્ય : "સમજણના સૂર"***

# શ્રધ્ધાંજલિ



• જન્મ •
કારતક સુદ અગિયારસ
(દેવ ઉઠી એકાદશી)

• સ્વર્ગવાસ •
તા. ૫-૩-૨૦૧૭, ચૈત્ર સુદ નોમ
(ભુજ મુકામે)

## સ્વ. માતુશ્રી દિવાળીબેન જદુરામભાઈ સોની

સૌજન્ય, સ્નેહ, સહયોગ આપની ઓળખ હતી;
સદાચાર, સદ્‌ભાવ, સહજતા આપનો ગુણધર્મ હતો.
પરિશ્રમ, પરિવર્તન, પરોપકાર આપનો જીવનમંત્ર હતો...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

| | | | |
|---|---|---|---|
| **શાંતિલાલ જદુરામ સોની** | - | **ભુજ** | **પુત્ર** |
| **શ્રીમતી સીમાબેન શાંતિલાલ સોની** | - | **ભુજ** | **પુત્રવધૂ** |
| **જગદીશભાઈ જદુરામ સોની** | - | **ભુજ** | **પુત્ર** |
| **શ્રીમતી ગીતાબેન જગદીશભાઈ સોની** | - | **ભુજ** | **પુત્રવધૂ** |
| **કિરીટભાઈ વીરજીભાઈ બારમેડા** | - | **નખત્રાણા** | **જમાઇ** |
| **શ્રીમતી જયાબેન કિરીટભાઈ બારમેડા** | - | **નખત્રાણા** | **દીકરી** |
| **સુનિલભાઈ ઘનશ્યામભાઈ બુચ** | - | **ભુજ** | **જમાઇ** |
| **શ્રીમતી જયશ્રીબેન સુનિલભાઈ બુચ** | - | **ભુજ** | **દીકરી** |
| **રાહુલ કિરીટભાઈ બારમેડા** | - | **નખત્રાણા** | **દોહિત્ર** |
| **વંશ સુનિલભાઈ બુચ** | - | **ભુજ** | **દોહિત્ર** |

**ભક્તિ, મીના, પ્રીતિ, સંગીતા અને હેલ્મી... તથા**

સ્વ. શ્રી જદુરામભાઈ (જાદવજી) ધારશીભાઈ બુધ્ધભટ્ટી (દામાણી)

પરિવારના જયશ્રીકૃષ્ણ

## 'જ્ઞાતિસેતુ' – માનસી સ્મૃતિ સ્કોલરશીપ

ધોરણ-૧૦ (S.S.C.) પાસ કરી ધોરણ-૧૧માં **માત્ર સરકારી કે ગ્રાન્ટેડ શાળામાં** અભ્યાસ કરતી આપણા સમાજની દીકરીઓને શિક્ષણ પ્રોત્સાહન સ્કોલરશીપ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

આ યોજના હેઠળ દસમા ધોરણમાં સૌથી વધારે માર્કસ મેળવેલ હોય તેવી સમાજની પાંચ દીકરીઓને – દરેકને રૂા. ૧,૦૦૦/- આપવામાં આવશે.

આથી ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં ધોરણ-૧૦ (S.S.C.) પાસ કરેલ હોય તેવી દીકરીઓએ તેમનું નામ, સરનામું, મોબાઈલ નંબર, S.S.C.માં મળેલ કુલ માર્કસ, હાલની શાળાનું નામ સહિતની વિગતવાર માહિતી – માર્કશીટની નકલ સાથે નીચેના સરનામે મોડામાં મોડી તા. ૧૫-૦૭-૨૦૧૭ સુધીમાં મોકલાવી આપવા વિનંતી છે.

*'જ્ઞાતિસેતુ' સંપર્ક સુત્ર :*

**અતુલ સોની**

ઈ-૫૦૪, આર્યમાન નિવાસ, સાંઈબાબા મંદિર સામે, રામદેવનગર, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

*(આર્થિક સહયોગ : હંસરાજ ઠાકરશી કંસારા - અમદાવાદ પરિવાર)*

## "જ્ઞાતિસેતુ"માં લગ્ન વિષયક – MATRIMONIAL જાહેરાત આપવા અંગે

"જ્ઞાતિસેતુ"માં સમાજના દીકરા - દીકરીઓ માટે લગ્ન વિષયક જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે. હાલના સમયમાં એકબીજાથી દૂર રહેતા પરિવારો માટે આ માહિતી ખૂબ ઉપયોગી થાય છે. આ જાહેરાત ૧/૪ (ક્વાર્ટર) પેજમાં પ્રસિધ્ધ થાય છે. જાહેરાત આપવા ઈચ્છતી વ્યક્તિએ ઉમેદવારની તમામ વિગતો જેવી કે નામ, માતા-પિતાનું નામ, જન્મ તારીખ, જન્મ સ્થળ, શૈક્ષણિક લાયકાત, નોકરી / વ્યવસાયની વિગત, વજન, ઊંચાઈ, મોસાળની વિગત, હાલનું સરનામું તથા સંપર્ક ફોન નંબર લખી જણાવવાના રહેશે. સાથે પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ મોકલવાનો રહેશે.

વિશેષમાં, સમાજની દીકરીઓ માટેની લગ્ન વિષયક જાહેરાત નિઃશુલ્ક છાપવામાં આવશે. તે અંગે કોઈ ચાર્જ લેવામાં આવશે નહીં. યુવકો માટેની જાહેરાત ૧/૪ (ક્વાર્ટર) પેજ – બ્લેક એન્ડ વ્હાઈટ માટે રૂા. ૫૦૦/- લેવામાં આવશે.

**આ અંગે વિશેષ માહિતી માટે સંપર્ક : મનુભાઈ કોટડિયા (મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮)**

## "જ્ઞાતિસેતુ"ના લવાજમ અંગે

છેલ્લા અગિયાર વર્ષથી "જ્ઞાતિસેતુ" સામાયિક દર બે માસે પ્રસિધ્ધ થાય છે. મારૂ કંસારા સોની જ્ઞાતિના કચ્છ અને કચ્છ બહાર વસતા પરિવારો વિશે, શિક્ષણ, સ્વાસ્થ્ય, સામાજિક વિષયો પર પારિવારિક ઉપયોગી માહિતીનો, આ સામાયિકમાં સમાવેશ થાય છે.

"જ્ઞાતિસેતુ"નું **ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૩૦૦/-** છે તેમજ **આજીવન લવાજમ (૧૫ વર્ષ) રૂા. ૧૫૦૦/-** છે. લવાજમની રકમ રોકડ / ડિમાન્ડ ડ્રાફ્ટ કે મની ઑર્ડરથી નીચેના સરનામે મોકલવાની રહેશે. આ ઉપરાંત લવાજમની રકમ **"અલ્હાબાદ બેંક"**ની સ્થાનિક શાખામાં નીચે દર્શાવેલ એકાઉન્ટ નંબરમાં ભરીને તેની રસીદની નકલ નીચેના સરનામે મોકલાવી શકો છો.

વિશેષમાં હાલમાં જેમનું લવાજમ ભરવાનું બાકી હોય તેમને તાત્કાલિક લવાજમની રકમ મોકલાવવા વિનંતી છે. જેથી આપનું 'જ્ઞાતિસેતુ' આપને નિયમિત મળતું રહે.

**બેંક ખાતાની વિગત**

- ★ **ખાતાનું નામ** : **શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ**
- ★ **ખાતાનો પ્રકાર** : સેવિંગ ખાતુ
- ★ **ખાતા નંબર** : **20008658973**
- ★ **બેંકનું નામ** : અલ્હાબાદ બેંક, એસ.પી. નગર શાખા, અમદાવાદ. ★ **IFSC Code : ALLA0211929**

**શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ**
**C/o. ધવલ જ્વેલર્સ**
ચાંલ્લા ઓળ, માણેકચોક,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Shiv Soni
Akash Soni

(S) 242826
(M) 98792 51153
(M) 99251 27279

# Soni Shivlal Shamji

*Makers & Sellers of Gold & Silver Ornaments*






## SSS Jewels

*Ganga Bazar, Anjar-370110 Kachchh*

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021. Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00